# પ્રકરણ-૧

# અહેવાલ સારાંશ/ ટૂંકસાર


| ક્રમ | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| 1.1 | પ્રસ્તાવના | 2 |
| 1.2 | મહીસાગર જિલ્લાની આદિવાસી સંદર્ભની આર્થિક સમસ્યાઓ | 2 |
| 1.3 | મહીસાગર જીલ્લાના આદિવાસી પ્રદેશોમાં સેવા ક્ષેત્રનો વિકાસ સંદર્ભની ભલામણ | 7 |
| 1.4 | મહીસાગર જીલ્લામાં આદિવાસી પ્રદેશોમાં ઔદ્યોગિક વિકાસ માટેની ભલામણ | 8 |
| 1.5 | મહીસાગર જીલ્લાના આદિવાસી પ્રદેશોમાં કૃષિ આધારિત વ્યવસાયો નો વિકાસ | 10 |
| 1.6 | SAMTA- સમુહ (State's Actions to Mobilize Tribal Association આદિવાસી સમાજમાં સંગઠન જાગૃતિ માટેના સરકારી (સહકારી અને વિવિધ બિનસરકારી સંસ્થાઓના પૂરક) પગલાં | 10 |
| 1.7 | આદિવાસીમાં સ્થાનાંતર ના પ્રશ્નો અને તેનું નિવારણ ROJGAR-SETU (Supplementary Employment Exchange for Traditional Tribal Unorganized Labour): | 11 |
| 1.8 | ઉપસંહાર | 12 |

# પ્રકરણ-૧
# અહેવાલ સારાંશ/ ટૂંકસાર

### ૧.૧ પ્રસ્તાવના:

આદિવાસી આર્થિક વિકાસ દર્શન સંયુક્ત પ્રકલ્પના એક ભાગ તરીકે વિવિધ જિલ્લાઓ અને પ્રદેશોને પ્રારંભમાં અભ્યાસ કરી સમજવા અને જે તે પ્રદેશને પોતાની ખાસિયતો અને તેની પોતાની આગવી જરૂરિયાતોને ઓળખવા માટેના પ્રયત્ન કરવામાં આવેલ છે. આ પ્રક્રિયા દરમિયાન જિલ્લાના આદિવાસીઓનું આર્થિક વિકાસ દર્શન કયા સ્વરૂપનું હોઈ શકે? જિલ્લાના આદિવાસીઓ માટેનો આર્થિક વિકાસ દર્શન અંતર્ગત એક્શન પ્લાન શું હોઈ શકે વગેરે જિલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલ ચર્ચા કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે અહીં આ અહેવાલ મહીસાગર જિલ્લા માટે રજૂ કરેલ છે. આ અહેવાલ મહીસાગર જિલ્લાના આદિવાસીઓ માટે પ્રાદેશિક સ્તરે જે જિલ્લાની ખાસિયતો અનુસાર આદિવાસી વિકાસ માટે આગવી જરૂરિયાત જરૂરી છે તેની ચર્ચા કરે છે. અહેવાલમાં સમાવિષ્ટ થયેલી જો કોઈ એક બાબત સમગ્ર આદિવાસી આર્થિક વિકાસ માટે અનિવાર્ય હશે તો તેની ચર્ચા ગુજરાત રાજ્યના સંયુક્ત આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલમાં પણ સમાવેશ થયેલી હશે.

પ્રસ્તુત મહીસાગર જિલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શનના અહેવાલમાં જે બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે તેને ટૂંકસાર રૂપે નીચે મુજબ રજુ કરી શકાય.

### ૧.૨ મહીસાગર જિલ્લાની આદિવાસી સંદર્ભની આર્થિક સમસ્યાઓ:

પ્રત્યેક જીલ્લો અને પ્રત્યેક પ્રદેશની ભૂગોળ જુદી જુદી હોય છે આ ભૂગોળ ને આધારે તેમના કુદરતી સંસાધનો પણ વૈવિધ્યસભર હોય છે. વૈવિધ્યસભર કુદરતી સંસાધનોને કારણે આર્થિક પ્રવૃત્તિઓમાં પણ વૈવિધ્ય જોવા મળે છે. આ વૈવિધ્યતાના કારણે પ્રત્યેક જિલ્લાને વૈવિધ્યતા સફર આર્થિક પ્રવૃત્તિઓ વિકાસ પામતી હોય છે. આ વિવિધતાસબર આર્થિક પ્રવૃત્તિઓ જે તે સ્થાનિક પ્રજાઓમાં વૈવિધ્યતા પૂર્ણ રોજગારીના વિકલ્પો પૂરા પાડતા હોય છે. પરંતુ અહેવાલમાં મહીસાગર જિલ્લાની ભૂગોળ ને અનુસાર તેના અર્થતંત્ર અને આ અર્થતંત્રમાં કયા કયા આર્થિક પ્રશ્નો છે તેની છણાવટ કરવામાં આવેલ છે. દ્વિતીય કક્ષાની માહિતીના આધારે જિલ્લા અને અર્થતંત્રને સમજવાનો પ્રયત્ન કરેલો છે. જિલ્લાના અર્થતંત્રની સમજ મેળવ્યા પછી જિલ્લાના આદિવાસીઓ અર્થતંત્રના કયા હિસ્સામાં વર્તમાન સમયમાં પ્રવૃત્તિ છે તેની સમજ કેળવી છે આ સમજના આધારે જિલ્લાના આદિવાસીઓ કઈ કઈ સમસ્યાઓ સામનો કરી રહ્યા છે તેની ચર્ચા કરીને આ સમસ્યાઓના નિવારણ શું હોઈ શકે તેની વિગતે ચર્ચા પણ કરવામાં આવેલ છે. મહીસાગર જિલ્લાના અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોમાં આદિવાસી સમાજ કઈ કઈ

સમસ્યાઓ અનુભવી રહ્યો છે અને તેનું નિરાકરણ શું હોઈ શકે તેની ચર્ચા વિવિધ ક્ષેત્રો વાર નીચે મુજબ સંક્ષિપ્તમાં રજૂ કરી શકાય.

**પ્રદેશના આર્થિક વિકાસ આડે ના પ્રશ્નો નીચે મુજબ ચર્ચા કરી શકાય.**

મહીસાગર જીલ્લાના આદિવાસી વિસ્તારોની રૂબરૂ મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે અહીંના આર્થિક પ્રશ્નો માત્ર આર્થિક સ્વરૂપ ન ધરાવતા સામાજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષમાં વણાયેલા છે. પ્રદેશની ગરીબી માત્ર આર્થિક સ્વરૂપ ન ધરાવતા તેની નિસબત સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો ઉપર પણ છે. તેથી પ્રદેશની ગરીબીને માત્ર આર્થિક બિંદુથી જોવું તે ભૂલ રહેશે.

નીચે મુજબની મુખ્ય વિકાસ અંતરાયો સમૂહ ચર્ચા અને પ્રદેશના પ્રત્યક્ષ મુલાકાત દ્વારા જાણવા મળી.

માળખાગત સુવિધાઓની અછતઃ એક વિકાસશીલ રાષ્ટ્ર તરીકે ભારતના પ્રત્યેક રાજ્ય અને રાજ્યના પ્રત્યેક વિસ્તારમાં માળખાગત સુવિધાઓની અછત વધતે ઘટતે આવશે જોઈ શકાય છે. પરંતુ મહીસાગર જીલ્લાના આદિવાસી વિસ્તારોમાં અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતના અંતરિયાળ છેવાડાના આદિવાસી વિસ્તારોમાં કે જ્યાં રણ વિસ્તાર અને ડુંગરાળ પ્રદેશ હોય અહીં આંતર માળખાકીય સુવિધાઓની બહુ જ મોટા પ્રમાણમાં અછત જોવા મળે છે. આંતરમાળખાકીય સુવિધાઓની અછતને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય.વળી

1. **રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્કના મહીસાગર જીલ્લાના પ્રશ્નો** :

2. આંતરરાજ્ય સરહદ ધરાવતો આ જિલ્લો આંતર માળખાકીય સુવિધાઓના વિકાસના આડે ઘણા યુવાત્મક પ્રશ્નો પણ અનુભવે છે. અહીં આંતરરાજ્ય સરહદ હોવાથી સરહદ નજીકના પ્રદેશોમાં પરિવહન ઘણા નિયંત્રણ પણ ધરાવે છે. રોડ અને રસ્તાઓનું માળખું પણ અત્યંત મર્યાદિત છે. જોકે વસ્તી અહીંયા છૂટી છવાઈ હોય પ્રત્યેક વસ્તીને રોડ રસ્તાથી જોડવી અને તેમાં પણ ડુંગર પ્રદેશમાં રસ્તાઓનું રખ રખાવ કરવો અત્યંત ખર્ચાળ સાબિત થાય છે. આવા સંજોગોમાં રોડ રસ્તાઓની અછતના પરિણામે આદિવાસી સમાજમાં વિકાસના વિકલ્પો અત્યંત મર્યાદિત થઈ જાય છે. દૂરના વિકસિત સમાજની સંપર્કમાં આવી વિકાસની પ્રક્રિયાને વેગવંતી બનાવવી આદિવાસીઓ માટે કોઈ સહજ બાબત નથી. જ્યાં જાહેર માર્ગ મકાન અને જાહેર પરિવહનની સુવિધાઓ અત્યંત મર્યાદિત હોય ત્યાં સ્થાનિક સમાજ દ્વારા દૂરના વિકસિત સમાજ સાથેનો સંપર્ક અત્યંત મર્યાદિત થઈ જાય છે.
3. આર્થિક વિકાસ માટેની પ્રેરણાઓ આ અંતરિયાળ સમાજને ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં મળી રહી છે. સંસાધનો વિપુલ પ્રમાણમાં હોવા છતાં તેને વિકાસ માટે પ્રયોજવા અહીં ઘણા જ મુશ્કેલ છે. ઉત્પાદનની નવી ટેકનોલોજી અને ઉત્પાદનને નવા બજારો સુધી પહોંચાડવું રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્કની અછતના કારણે ઘણું દુષ્કર પુરવાર થઈ રહ્યું છે. રોડ રસ્તા ની અછત અહીંની

પ્રવાસન સંભાવનાઓને પણ ઘણી મર્યાદિત બનાવી રહી છે વળી. રોડ રસ્તાઓની અછત અહીંના શિક્ષણ અને સ્વાસ્થ્યને પણ ખૂબ જ નકારાત્મક રીતે પ્રભાવિત કરી રહી છે.

4. વર્તમાન સમયમાં મહીસાગર  જિલ્લામાં સરહદય પ્રવચન પ્રવૃત્તિને સરકાર દ્વારા ખૂબ ભેગ આપવામાં આવી રહ્યું છે અને આ સરાહનીય કામ છે. આ કામગીરી દ્વારા જિલ્લાના અર્થતંત્રમાં ચેતનાનો સંચાર થઈ રહ્યો છે. સમગ્ર જિલ્લાનું અર્થતંત્ર જો વિકાસમય બનશે તો તેના લાભ આર્થિક  આદિવાસી સમુદાયને પણ મળવાપાત્ર થશે જ. આ પ્રકારના પ્રવાસન ઉદ્યોગની અહીં ઘણી સંભાવનાઓ છે. મહીસાગર  જિલ્લામાં જો રાજસ્થાન સરહદ ઉપર આદિવાસી પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવામાં આવે તો સીધેસીધું આદિવાસી સમાજને તેનો લાભ પહોંચાડી શકવાની બહુ જ ઊંચી શક્યતાઓ રહેલી છે.

5. **શિક્ષણ અને સ્વાસ્થ્યસુવિધાઓની મર્યાદાઓ:**

મહીસાગર  જિલ્લામાં  દુર અંતરિયાળ પ્રદેશ ઉપર રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્ક વિહોણો નિવાસ હોય અહીં છૂટી છવાઈ વસ્તીમાં શિક્ષણ અને સ્વાસ્થ્યના પ્રશ્નો પણ અત્યંત ગંભીર બને છે. અહીં શિક્ષણ અને સ્વાસ્થ્ય ની આપૂર્તિ કરનાર કેળવાયેલ કર્મચારીગણ એટલે કે શિક્ષકો અને તબીબી કર્મચારીઓ આ અંતરિયાળ પ્રદેશમાં પોતા ની ફરજ માટે ઉદાસીનતા દાખવે છે. વળી જે મર્યાદિત શિક્ષણ અને સ્વાસ્થ્યની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે તેનો પણ અવિરત પ્રવાહ મેળવવો અત્યંત મુશ્કેલ પડે છે, કારણ કે રોડ રસ્તા અને સંપર્કોની મર્યાદિત સુવિધાઓને કારણે રોજબરોજ આ સેવાઓમાં વિવિધ પ્રકારની ખલેલો ઉદભવે છે ક્યારેક કર્મચારીગણ સમયસર ફરજ ઉપર ઉપસ્થિત નથી થઈ શકતા તો ક્યારેક વસ્તુઓનો સપ્લાય સમયસર મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે આ પરિસ્થિતિને લઈને અહીં શિક્ષણ અને સ્વાસ્થ્યનું સ્તર  તુલનાત્મક રીતે નીચું જોવા મળે છે.

6. સિંચાઈની સુવિધાઓ:

મહીસાગર  જિલ્લાના સરહદી વિસ્તારોમાં આવેલ આદિવાસી સમુદાયની જમીન તેની વિપરીત ભૂગોળના કારણે સિંચાઈની અછત અનુભવી રહી છે.
મહીસાગર  જિલ્લામાં આદિવાસી વિસ્તારોને જો બાદ કરવામાં આવે તો બાકીના પ્રદેશોમાં સિંચાઈનો વિકાસ ઠીક ઠીક પ્રમાણમાં શક્ય બન્યું છે કારણ કે આ વિસ્તારો મેદાની પ્રદેશો છે વળી આ જિલ્લામાં નર્મદા યોજનાની નહેર પણ છેલ્લા દસકાઓમાં કાર્યરત થઈ ગઈ છે. પરિણામે એ આવ્યું છે કે જિલ્લાના બિન આદિવાસી પ્રદેશોમાં અહીં સિંચાઈ છેલ્લા દસકાઓમાં ખૂબ જ હરણફાળ ભણીને વિકાસ પામી છે જ્યારે આદિવાસી પ્રદેશોમાં હજી સિંચાઈ ઘણી જ મર્યાદિત જોવા મળે છે.;અહીં ખેતી માટે બાર મહિનાની સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરાવવી ઘણી

મુશ્કેલ સાબિત થઈ રહી છે. અહીંની ભૂગોળ પ્રમાણે ડુંગરાડ પ્રદેશોમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવો અને સંગ્રહ કરેલ પાણીને નહેર દ્વારા વિવિધ ઉબડખાબડ પ્રદેશોની વચ્ચે આવેલ ખેતરોમાં પહોંચાડવું ટેકનિકલ રીતે પણ ઘણું ખર્ચાળ સાબિત થાય છે, અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા દસકાઓ દરમિયાન નાની સિંચાઈ પૈકી વિવિધ ખેત તલાવડીઓ અને ચેકડેમ, બોરી બંધ વગેરે પ્રદેશની સિંચાઈ સમસ્યામાં થોડી ઘણી આવશે હળવાશ નું વાતાવરણ સર્જન કરી શક્યા છે. જોકે આ પ્રદેશની ખેતીને વધુ સમૃદ્ધ કરવું હોય તો એની ફળદ્રુપ જમીનને બાર મહિનાની સિંચાઈ પૂરી પાડીને ખૂબ જ મોટા પ્રમાણમાં કૃષિ ક્રાંતિનો અવકાશ રહેલો છે.

7. **સંદેશા વ્યવહાર ની અછત** :

ગુજરાતના તમામ આદિવાસી વિસ્તારો સદીઓથી અંતરિયાળ અને વણખેડાયેલા રહ્યા હતા. તેમાં પણ આંતરરાજ્ય સરહદ ધરાવતો આ જિલ્લો આંતર માળખાકીય સુવિધાઓના વિકાસના આડે ઘણા યુવાત્મક પ્રશ્નો પણ અનુભવે છે. અહીં આંતરરાજ્ય સરહદ હોવાથી સરહદ નજીકના પ્રદેશોમાં સંદેશા વ્યવહાર ઘણા નિયંત્રણ પણ ધરાવે છે. પરિણામ સ્વરૂપે આજે પણ અહીં સંદેશા વ્યવહારની અછત જોવા મળે છે. આજના ડિજિટલ યુગમાં જ્યાં વિશ્વ આખો ડિજિટલ ક્રાંતિ અને માહિતી ટેકનોલોજીના સહારે વિકાસના ઊંચા આપમાં ઉડાન ભરી રહ્યું છે, ત્યાં આ જીલ્લાના ના અંતરિયાળ આદિવાસી વિસ્તાર હજુ ઇન્ફર્મેશન ટેકનોલોજીના જોઈએ તેટલા પ્રમાણમાં લાભ મેળવવામાં નિષ્ફળ રહ્યા છે. અહી સંદેશા વ્યવહારની સુવિધાઓ વિસ્તારવામાં અત્યંત મર્યાદિત પ્રમાણમાં સફળતા મેળવેલ છે.

અત્રે એક વાત ઉલ્લેખનીય છે કે આદિવાસી સમાજમાં જીલ્લાના ડિજિટલ ટેકનોલોજી ખૂબ જ ઝડપથી લોકપ્રિય બની છે. વિસ્તારની અમારી પ્રત્યક્ષ મુલાકાતો દરમિયાન અમે જોયું કે અહીંના ગામોમાં અને ગામના પ્રત્યેક ઘરોમાં સ્માર્ટફોન હોવો એ અત્યંત સાહજિક બાબત છે. મનોરંજનના એક સાધન તરીકે પણ અહીં ડિજિટલ ટેકનોલોજી ખૂબ જ ઝડપથી લોકપ્રિય બની છે. નવી પેઢીના આદિવાસી બાળકો આ ડિજિટલ ટેકનોલોજી સાથે દુનિયાની સાથે કદમથી કદમ મિલાવીને વિકાસ માટે સજ્જ થઈ રહ્યા છે. આ નવી પેઢીના આદિવાસી બાળકોને જો યોગ્ય સંદેશા વ્યવહારની સગવડો પૂરી પાડવામાં આવે અને તેમને વાજબી ભાવે ડિજિટલ ટેકનોલોજી પૂરી પાડવામાં આવે તો અહીં એક નવા જ પ્રકારની ડિજિટલ ક્રાંતિનો અવકાશ છે.

8. **મત્સ્ય પાલન પ્રવૃત્તિ**:

ગુજરાતના પૂર્વ પટ્ટીના આદિવાસી તાલુકાઓમાં 'ઇન લેન્ડ ફિશિંગ' ખૂબ મોટા પ્રમાણમાં સંભાવનાઓ ધરાવે છે અહીં વર્તમાન સમયમાં પણ ઘણી મત્સ્ય પાલન પ્રવૃત્તિઓ અસ્તિત્વ ધરાવે છે પરંતુ અહીં ટેકનોલોજી અપગ્રેડ ન થઈ હોવાથી અને સંસાધનોની ખામીના કારણે તથા વ્યવસ્થાપનની મર્યાદાઓને કારણે મત્સ્યપાલન પ્રવૃત્તિ અત્યંત મર્યાદિત પ્રમાણમાં અસ્તિત્વમાં ધરાવે છે.

જો યોગ્ય ટેકનોલોજી નો વિસ્તાર કરવામાં આવે અને યોગ્ય મેનેજમેન્ટ પૂરું પાડવામાં આવે તો આ મત્સ્યપાલન પ્રવૃત્તિ અત્યંત વિસ્તૃત થઈ શકે તેવી સંભાવનાઓ છે. વળી મહીસાગર જીલ્લાના આદિવાસી પ્રદેશોની અંદર નાના નાના ચેકડેમ પણ ખૂબ જ મોટા પ્રમાણમાં અસ્તિત્વ

ધરાવે છે. અહીં પણ મત્સ્યપાલન પ્રવૃત્તિ પ્રારંભિક પરંપરાગત ટેકનોલોજી ની મદદથી થઈ રહી છે. જેની અત્યંત નીચી ઉત્પાદકતા છે. જો યોગ્ય બિયારણ પૂરૂં પાડવામાં આવે અને યોગ્ય પ્રમાણમાં ટેકનોલોજી પૂરી પાડવામાં આવે તો અહીં મત્સ્ય પાલન પ્રકૃતિ તે સ્થાનિક આદિવાસીઓમાં નિર્વાહનું એક બહુ મોટું વિકલ્પ સર્જન થઈ શકે તેમ છે.

9. **પશુપાલન અને અન્ય ખેત આધારિત પ્રવૃત્તિઓ:**

મહીસાગર જીલ્લાના અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં પશુપાલન જીલ્લાના અન્ય પ્રદેશની તુલનામાં અત્યંત નિરાશા જનક દેખાવ રહ્યો છે. મહીસાગર જિલ્લામાં પશુપાલન અંતર્ગત પ્રગતિ થઈ છે તેમાં આદિવાસી સમુદાયનો હિસ્સો અત્યંત મર્યાદિત છે. આદિવાસી સમાજ અનાદિકાળથી પશુપાલન પ્રત્યે કોઈ ખાસ આકર્ષણ ધરાવતું નથી. શિકારી સંસ્કૃતિની નજીક રહેલ આદિવાસી સમુદાય માં પશુપાલન પ્રત્યે ઐતિહાસિક રીતે જ એક પ્રકારની નિરાશા રહેલી છે.

વર્તમાન સમયમાં પ્રગતિશીલ સમાજની દેખાદેખી ની અસર હેઠળ જીલ્લમાં આદિવાસી તાલુકામાં પણ ખૂબ જ ઝડપથી પશુપાલન પ્રત્યેનો અભિગમ બદલાઈ રહ્યો છે અને આદિવાસી સમાજ હવે પશુપાલન પ્રત્યે સજાક બન્યા છે. આદિવાસીના પશુપાલન પ્રકૃતિને અને મરઘા બચકા ઉછેર પ્રવૃત્તિને જો યોગ્ય ટેકનોલોજી અને જરૂરી સાધન સામગ્રી પૂરી પાડવામાં આવે તો તેમની પૂરક આજીવિકા માટે આ એક મજબૂત વિકલ્પ છે.

બદલાતા આધુનિક સમયમાં મધમાખી ઉછેર કેન્દ્ર વગેરે આજીવિકાના એવા વિકલ્પો છે જે આદિવાસી સમાજમાં અત્યંત ઝડપથી સ્વીકૃત પામશે અને તેમની આર્થિક પરિસ્થિતિના સુધાર માટે ખૂબ જ કારગત સાબિત થશે.

10. **ગૃહ ઉદ્યોગ અને નાના પાયાનો ઉદ્યોગોનો વિકાસ:**

જીલ્લાના અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં આઝાદી સમયે એક પ્રકારનું નિર્વાહસ્તરનું જીવન પ્રવર્તમાન હતું.. દેશ અને રાજ્ય આઝાદી બાદના ત્રણેક દસકા દરમિયાન ઠીક ઠીક પ્રમાણમાં આ નિવાહ સ્તરમાંથી પ્રગતિ કરીને ઉત્પાદનની બજાર આધારિત પદ્ધતિ પ્રસ્થાપિત કરે છે પરંતુ મહીસાગર ના આદિવાસી તાલુકાઓમાં આ સમય દરમિયાન એટલે કે ઇસવીસન1980 સુધી વિકાસની કોઈ ખાસ ચલ પહેલ જોવા મળતી નથી. અહીંનું નિર્વાહ જીવન સ્તર 1980 સુધી ઠીક ઠીક પ્રમાણ માં જળવાઈ રહે છે. 1980 થી 90 ના દશકા દરમિયાન અહીં વિકાસ પ્રક્રિયા ઠીક ઠીક પ્રમાણમાં પ્રારંભ થાય છે. ઇસવીસન 1990 પછી જ્યારે દેશ ઉદારીકરણ અને વૈશ્વિકરણના માહોલમાં પ્રવેશ કરે છે ત્યારે ખાનગીકરણ ની અસર હેઠળ આદિવાસી તાલુકાઓમાં વિકાસ પ્રક્રિયા વેગ બનતી બને છે. તેમ છતાં અહીં આજ દિન સુધી ઔદ્યોગિકરણ ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં વિકસ્યું છે.

ઔદ્યોગીકરણના આ મર્યાદિત વિકાસને કારણે જીલ્લાના આદિવાસી સમુદાયમાં રોજગારીના વિકલ્પો અત્યંત મર્યાદિત થઈ જાય છે. મોટા ઉદ્યોગીકરણના વિકલ્પ તરીકે અહીં ગૃહ ઉદ્યોગ અને નાના ઉદ્યોગોના વિકાસની ખુબ જ સંભાવનાઓ રહેલી છે. આદિવાસી સમાજના પોતાના

પરંપરાગત ઉત્પાદનો માટેના જો નાના પાયાના ઉદ્યોગો વિકાસ પામે તો અહીં રોજગારીની ઘણી જ વૈકલ્પિક શક્યતાઓ નિર્માણ પામી શકે તેમ છે.

આદિવાસી પ્રદેશોના આર્થિક ઉત્થાન માટે જે મુખ્ય સૂચનો તારવવામાં આવેલા છે તે મુખ્યત્વે આદિવાસી પ્રદેશોની વ્યક્તિગત મુલાકાત અને સમુહ ચર્ચા દ્વારા નિસ્પંદ થયેલા છે. વિવિધ પ્રદેશોની વિવિધ ભૂગોળ અને તેના વૈવિધ્યસભર ભૌગોલિક સંજોગોને ધ્યાનમાં લેતા વિવિધ પ્રકારની સંભાવનાઓ ઉદભવે છે. ખેતી ક્ષેત્રે જે આદિવાસી મેદાની પ્રદેશો છે ત્યાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવીને સિંચાઈની પ્રગતિને વેગમાન બનાવી શકાય તેવી ઘણી સંભાવનાઓ રહેલી છે.
ટેકનોલોજી ની કૃષિ ક્ષેત્રમાં અપગ્રેડેશન દ્વારા આદિવાસી કૃષિને પ્રગતિશીલ બનાવીને તેની ઉત્પાદકતા વધારી શકાય તેવા સંજોગો નિર્માણ પામેલા છે. પરંતુ અહીં પ્રશ્ન એ છે કે આ પ્રકારના મેદાની ભૌગોલિક વિશિષ્ટતા ધરાવતા પ્રદેશો કેટલા? અત્યંત મર્યાદિત કહી શકાય તેવા તેવા આદિવાસી પ્રદેશો આ પ્રકારની વિશિષ્ટતા ધરાવે છે કે જે જગ્યાએ સિંચાઈ વધારીને આદિવાસી કૃષિને વધુ ઉત્પાદક બનાવી શકાય તેવા સંજોગો છે. અન્ય આદિવાસી પ્રદેશો માટે એમ કહી શકાય કે સંશાધન ન હોય તેવા ડુંગરાળ પ્રદેશોમાં ખેતીને જો વધુ ઉત્પાદક બનાવી હોય તો ખેતીમાં આધુનિક પ્રયોગો કરવા અનિવાર્ય થશે. આ પ્રયોગોમાં બનાસ કાંઠા જીલ્લામાં ખેતી ક્ષેત્રે વિવિધ આધુનિક પાકો જેવા કે કમલમ ફળ, દાડમ વગેરે જેવા બિન પરંપરાગત અને વધુ વ્યાપાર સંભાવનાઓ ધરાવતા પાકો ઉપયોગમાં લેવામાં આવશે તો જીલ્લાની આદિવાસી ખેતી ને વધુ ઉત્પાદક બનાવીને આદિવાસી પ્રદેશોમાં કુટુંબોને એક સદર અને નિશ્ચિત રોજગારી આપવી શક્ય બનશે.

### ૧.૩ મહીસાગર જીલ્લાના આદિવાસી પ્રદેશોમાં સેવા ક્ષેત્રના વિકાસ સંદર્ભની ભલામણ

આદિવાસી પ્રદેશો તેના કુદરતી સૌંદર્યને લઈને લોકોમાં અને સ્થાન ધરાવે છે. અહીં જંગલ આચ્છાદિત ડુંગરો, આ વનરાજીની વચ્ચે તેમનું કુદરતી નિવાસ આદિવાસી પ્રદેશોના વિવિધ પ્રાણી અને પક્ષીઓ જંગલ નદી નાળા વગેરે પ્રવાસન માટેની જરૂરી એવી પ્રાથમિક આકર્ષણની વસ્તુઓ છે. આ અર્થમાં જોઈએ તો આ પ્રદેશોમાં આદિવાસી પ્રવાસન અને ઈકો ટુરીઝમ ખુબ જ સંભાવનાઓ ધરાવે છે. જીલ્લાની આદિવાસી સંસ્કૃતિ પોતે પણ એક પ્રવાસન આકર્ષણનું કેન્દ્ર છે. વર્તમાન સમયમાં મહીસાગર જિલ્લામાં સરહદય પ્રવચન પ્રવૃત્તિને સરકાર દ્વારા ખૂબ ભેગ આપવામાં આવી રહ્યું છે અને આ સરાહનીય કામ છે. આ કામગીરી દ્વારા જિલ્લાના અર્થતંત્રમાં ચેતનાનો સંચાર થઈ રહ્યો છે. સમગ્ર જિલ્લાનું અર્થતંત્ર જો વિકાસમય બનશે તો તેના લાભ આર્થિક આદિવાસી સમુદાયને પણ મળવાપાત્ર થશે જ. આ પ્રકારના પ્રવાસન ઉદ્યોગની અહીં ઘણી સંભાવનાઓ છે. મહીસાગર જિલ્લામાં જો રાજસ્થાન સરહદ ઉપર આદિવાસી પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવામાં આવે તો સીધેસીધું આદિવાસી સમાજને તેનો લાભ પહોંચાડી શકવાની બહુ જ ઊંચી શક્યતાઓ રહેલી છે.

સેવા ક્ષેત્રના અન્ય વિકલ્પોની જો તપાસ કરવામાં આવે તો આદિવાસીઓ દ્વારા તેમની પરંપરાગત ઉપચાર અને સારવાર પદ્ધતિઓ સવિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહે તેમ છે. આદિવાસી ભગત ભુવાઓ દ્વારા જે તે સ્વાસ્થ્ય સમસ્યાઓ તેમની પરંપરાગત પદ્ધતિઓ દ્વારા તૈયાર કરવાની એક અલાયદી વ્યવસ્થા વિકસાવી રહી છે. સરકારી નિયંત્રણો દ્વારા જો આ પ્રકારની ઉપચાર પદ્ધતિને યોગ્ય પ્રોત્સાહન આપી વિતાવવામાં આવે તો સ્વાસ્થ્યની પ્રાથમિક સમસ્યાઓમાં આ પ્રકારની સારવાર પદ્ધતિઓ લોકોમાં ટીક ટીક પ્રમાણમાં સ્વીકાર્યતા પામશે. સેવા ક્ષેત્રે ખૂબ જ ઊંચી રોજગારી સાપેક્ષતા ધરાવે છે. સેવાના વિકલ્પો આદિવાસી યુવાઓમાં તાલીમ અને કૌશલ્ય વર્ધન દ્વારા વિસ્તારી શકાય તેવી ખૂબ ઊંચી શક્યતાઓ છે. અગાઉ વાત કરી તેમ આદિવાસી ક્ષેત્રોમાં વિકાસ પામે છે તો તેના પરિણામ સ્વરૂપે પ્રવાસનને પૂરક એવા પ્રવાસન ગાઈડનો વિકાસ, પ્રવાસીઓ માટેની રેણાક સુવિધાઓ માટે હોમસ્ટે જેવી સેવાઓનો વિકાસ, પ્રવાસીઓના પરિવહન માટેની વિવિધ કક્ષાની પરિવહન સુવિધાઓ તેના માટે વાહનચાલકોની સેવાઓ, વિવિધ પ્રકારની રેસ્ટોરન્ટો કે જેમાં પાતીગળ આદિવાસી ભોજન પણ પીસાતું હોય. આમ અનેક ક્ષેત્રોનો વિકાસ થાય તેવી શક્યતાઓ જોઈ શકાય છે.

સ્થાનિક આદિવાસીઓ ટેકનોલોજી ની સ્વીકારની બાબતમાં ખૂબ જ ઉત્સુકતા ધરાવે છે. અર્થ એ છે કે જો વિવિધ ક્ષેત્રોને ઓળખી કાઢીને આ ક્ષેત્રોની જરૂરિયાતોને સ્થાનિક આદિવાસી યુવાઓમાં પ્રસારિત કરવામાં આવે, યુવાઓને પોતાને રસ રુચિ હોય તેવા ક્ષેત્રોમાં તાલીમ બંધ કરવામાં આવે અને ત્યારબાદ તેમને નો વ્યવસાય કરવા માટે જે પાયાની મૂડી કે અન્ય જરૂરિયાત હોય તેનીઆ પૂર્તિ કરવા માટે જ સરકાર યોગ્ય પ્રબંધ કરે તો આ પ્રદેશના યુવાનો જાતે જ ટેકનોલોજી ની મદદથી બજારમાંથી પોતાના ક્લાયન્ટને મેળવીને પોતાની સ્વરોજગારીના ક્ષેત્રો વિકસાવશે.

જીલ્લામાં વર્તમાન પરિસ્થિતિ એવી છે કે જેમાં સ્થાનિક યુવાનો માર્ગદર્શનના અભાવે એક નિરાશા નું વાતાવરણ નિર્માણ કરી ચૂક્યા છે વિકલ્પના અભાવે અહીં બજારમાં જેની જરૂરિયાત ઘણી જ ઓછી છે તેવું વિનયન અને વાણિજ્ય શાખાનું શિક્ષણ અત્યંત ઉચ્ચસ્તર સુધીનું મેળવ્યા કરે છે ,ત્યારબાદ વિકલ્પના અભાવે તેઓ સરકારી નોકરીની શોધમાં વિવિધ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારીઓ કરે છે. પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ પ્રકારની તમામ જગ્યાઓનો જો સરવાળો કરીએ તો તેની સંખ્યા થોડા હજાર પદ પૂરતી જ નિશ્ચિત હશે. સ્થાનિક આદિવાસી યુવાનોની સંખ્યા લાખોમાં છે. જો આ તમામ આદિવાસી યુવાનો માટે રોજગારીની નવી ક્ષિતિ જો ખોલવી હશે તો સ્વરોજગારી દ્વારા સેવા ક્ષેત્રના વિવિધ વિકલ્પોનો વિકલ્પ બારી ખુલવી રહી.

### **૧.૪ મહીસાગર જીલ્લામાં આદિવાસી પ્રદેશોમાં ઔદ્યોગિક વિકાસ માટેની ભલામણ:**

જીલ્લાના આદિવાસી પ્રદેશો તેમની અંતરિયાળ રચનાને કારણે વર્ષોથી ઉદ્યોગોમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યા નથી. વળી આદિવાસી શ્રમિકો તેમની શ્રમસ્થાનાંતરની ખૂબીને કારણે પોતાનું શ્રમ અનેક કિલોમીટર દૂર જઈને પણ સેવા આપતા હોય ઉદ્યોગો માટે

આદિવાસી પ્રદેશમાં ઉદ્યોગનું સ્થાપન કરવું કોઈ ખાસ આકર્ષણ ધરાવતું નથી. ગુજરાતના આદિવાસી જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થા ના પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે જેને કારણે અહીં ઔદ્યોગિક વિકાસની ગતિ અત્યંત મર્યાદિત જોવા મળી છે.

ઉદ્યોગોમાં શ્રમના મુખ્ય સ્રોત તરીકે આદિવાસીઓ પોતાના શ્રમ સંશાધન સેવાઓ પૂરી પાડતા જોઈ શકાય છે. પરંતુ પરિસ્થિતિ એ છે કે મહીસાગર ના આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગો પ્રત્યક્ષ સ્વરૂપે જવા તૈયાર નથી અથવા કહો કે પ્રત્યક્ષ સ્વરૂપે ઉદ્યોગ સ્થપાય તેવી શક્યતાઓ ઘણી જ ઓછી છે. આ વાસ્તવિકતા ને ધ્યાનમાં રાખીને સ્થાનિક આદિવાસીઓને રોજગારીનો વિકલ્પ વિકાસ પામે તે માટે સ્થાનિક કક્ષાએ નાના અને મધ્યમ ઉદ્યોગો વિશે તેમના પરંપરાગત ઉદ્યોગો ગૃહ ઉદ્યોગ સ્વરૂપે વિકાસ પામે તેના માટે સરકારે પગલાં ભરવા રહ્યા.

વર્તમાન સમયમાં સરકાર દ્વારા આદિવાસી પ્રદેશોમાં ઉદ્યોગના સ્થાપન માટેનું ઘણું ઊંચું પ્રોત્સાહન રહેલું છે વળી નાના ઉદ્યોગો અને આદિવાસી ઉદ્યોગ સાહસિકોને આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગ સ્થાપન કરવા માટે પણ ખૂબ ઊંચા પ્રમાણનો પ્રોત્સાહન પૂરુંપાડવામાં આવે છે. આદિવાસી વિસ્તારમાં ગૃહ ઉદ્યોગ અને નાના પાયાના ઉદ્યોગોને ખૂબ ઊંચા પાયા ઉપર સબસીડી પણ પૂરી પાડવામાં આવે છે તેમ છતાં આ પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ કઈક અંશે કુંઠિત થયેલો જોવા મળે છે. આ બધા પાછળના કારણોથી તપાસવામાં આવે તો જાણવા મળશે કે, જે દિશામાં આદિવાસી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની જરૂર હોય છે તે દિશાથી વિપરીત દિશામાં આદિવાસી ક્ષેત્રના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઉદાહરણ તરીકે જોવામાં આવે તો સબસીડી અને વિવિધ પ્રકારની લોનમાં વિવિધ પ્રકારની રાહતો સરકારી યોજનામાં કેન્દ્ર સ્થાન ધરાવે છે પરંતુ આમ કરવા જતા સબસીડી અને અન્ય આકર્ષણના કારણે વિવિધ વર્ગ ધરાવતા સમૂહ દ્વારા આ પ્રકારના લાભ મેળવવા માટે જૈન કેમ પ્રયુક્તિઓ આચરવામાં આવે છે. પરિણામે આવે છે કે સબસીડી અને આવા આકર્ષણ ખોટા પ્રોજેક્ટમાં ખોટી રીતે યુટીલાઈઝ થાય છે. છેલ્લે પરિણામે આવે છે કે સબસીડી અને આકર્ષણને કારણે અસ્તિત્વમાં આવેલો કોઈપણ પ્રોજેક્ટ સબસીડીની ગેરહાજરીમાં પોતે પોતાનું અસ્તિત્વ ટકાવી શકતો નથી.

ઉપરોક્ત વાસ્તવિકતા સામે જો સરકારે આદિવાસી પ્રદેશના આદિવાસી ઉદ્યોગોને યોગ્ય દિશામાં પ્રોત્સાહન આપવું હશે તો તેમને આ પ્રકારના આ પ્રકારના પ્રત્યક્ષ પોર્શાહનો આપવાના બદલે તેમના માટે વેચાણની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવી પડશે. આમ કરવાથી બજારના અભાવે જે ઉદ્યોગો બાળ મૃત્યુ પામે છે તે પોતે બજારની પ્રાપ્તિ થતા આત્મ નિર્ભર સાબિત થશે. આ પ્રકારના પ્રોત્સાહનો જે તે ઉદ્યોગને સરકારી હસ્તક્ષેપ કે આકર્ષણની ગેરહાજરીમાં પણ જીવંત રાખશે. વેચાણ વ્યવસ્થાની એક અલાયદી યુક્તિ આ અહેવાલમાં ભલામણ કરવામાં આવી છે તે એ છે કે એક કેન્દ્રીય ધોરણે કોઈ એક નિયંત્રિત ઓથોરિટી ની સ્થાપના કરીને, સમગ્ર રાજ્યનું આદિવાસી ઉત્પાદન કોઈ એક જ બ્રાન્ડ નેમ સાથે જો માર્કેટિંગ કરવામાં આવે તો તેની સફળતાની સંભાવનાઓ અને ઘણી વધી જાય છે. આ સંદર્ભમાં આપણી સામે NDDB નું અમૂલ બ્રાન્ડનું સફળ ઉદાહરણ મોજુદ છે. વિકેન્દ્રિત ધોરણ એ થતું દૂધ ઉત્પાદન એક જ બ્રાન્ડ હેઠળ

સમગ્ર ભારતમાં માર્કેટિંગ થાય તેની વિવિધ પ્રોડક્ટો લોકોમાં સ્વીકૃત બને છે. વિકેન્દ્રિત ધોરણે થતી આદિવાસી ઉત્પાદન પ્રવૃત્તિને પણ કોઈ એક બ્રાન્ડ ના નામ સાથે જો લોકમાનસમાં જાહેરાત કરવામાં આવે તો તે લોકોમાં સ્વીકૃતિ પામશે, અલબત્ત અહીં ગુણવત્તા નીયંત્રણ માટેની કોઈ એક સ્વતંત્ર એજન્સી હોવી અનિવાર્ય છે, જે આદિવાસી સેવાઓ અને વસ્તુઓની ગુણવત્તાની ખાતરી લોકોમાં પ્રસ્થાપિત કરશે.

### ૧.૫ મહીસાગર જીલ્લાના આદિવાસી પ્રદેશોમાં કૃષિ આધારિત વ્યવસાયો નો વિકાસ:

જે પ્રદેશોમાં કૃષિ વિકાસ પામે છે તેમાં કૃષિને આધારે જ્યાં વિકાસ સંભાવનાઓ છે તેવા અન્ય ક્ષેત્રો પણ વિકાસ પામે છે. આવા ક્ષેત્રોમાં પશુપાલન મરઘા- બટકા ઉછેર કૃષિ પ્રોસેસિંગ યુનિટ, કૃષિ ઉત્પાદનોનું એડિશન કરી શકે તે માટેના વિવિધ એકમોનું નિર્માણ વગેરે સંભાવના જીલ્લાના આદિવાસી પ્રદેશોમાં પણ આ સંદર્ભની ભરપૂર પ્રમાણમાં રહેલી છે.
આ તમામ સંભાવનાઓ એક પ્રાથમિક શરત માંગી લે છે તે એ છે કે સ્થાનિક લોકોમાં કૃષિ વિકાસ અને તેને દ્વારા કૃષિ સંલગ્ન વ્યવસાયોમાં વૃદ્ધિ માટેની તાલાવેલી. સ્થાનિક આદિવાસી સમાજમાં જો વિકાસની ભૂખ જગાડવામાં આવે તો , આદિવાસી આદિવાસી સ્વયં પોતાના આર્થિક વિકાસ માટે પ્રવૃત્તિ થઈ જશે. ખાસ કરીને 1991 પછીના સમયમાં જોવામાં આવે તો અહીં વિકાસ માટેની એક ભૂખ જોવા મળે છે. આ વિકાસ માટેની ભૂખ ને જો યોગ્ય દિશા નિર્દેશ કરવામાં આવે તો તેના પરિણામો અચૂક રીતે સકારાત્મક પ્રાપ્ત થઈ શકે તેમ છે.
જીલ્લાના જે પ્રદેશોમાં કૃષિ સમલગ્ન પ્રવૃત્તિઓ ઊંચા પ્રમાણમાં વિકાસ પામી છે ત્યાં જોવામાં આવ્યું છે કે જે તે પ્રવૃત્તિમાં કોઈ એક જ જ્ઞાતિ પ્રભાવી રહી છે દાખલા તરીકે જોવામાં આવે તો સાબરકાંઠા જિલ્લામાં કૃષિ સંલગ્ન પશુપાલન પ્રવૃત્તિમાં ચૌધરી જ્ઞાતિ અત્યંત પ્રભાવિત રહી છે. આ જ રીતે જો વિચારવામાં આવે તો જે તે પ્રદેશના જે તે આદિવાસી સમાજની ખાસિયતો ને ધ્યાનમાં રાખીને જો તેમને તેમને અનુકૂળ હોય તેવી કોઈ એક કૃષિ સંલગ્ન પ્રવૃત્તિમાં પ્રોત્સાહિત કરવામાં આવે તો અત્યંત સકારાત્મક પરિણામો મેળવવાની સંભાવના ઘણી ઉંચી રહેલી છે. ઉદાહરણ તરીકે જોવામાં આવે તો મહીસાગર જીલ્લાના જે આદિવાસી સમુદાયો જંગલ સાથે આજે પણ સીધા સંકળાયેલા છે તે આદિવાસી સમુદાયો માટે જો તેમને વિવિધ જંગલી પેદાશો એકત્રિત કરીને તેને બજાર અનુસાર યોગ્ય પેકિંગ અને યોગ્ય ધારા ધોરણ અને માપદંડ અનુસાર અનુસાર કરવામાં આવે તો આ પ્રકારના ઉત્પાદનોની બજારમાં ખૂબ જ મોટા પ્રમાણમાં માંગ આજે પણ જોવા મળે છે.

### 1.6 SAMTA- સમુહ (State's Actions to Mobilize Tribal Association આદિવાસી સમાજમાં સંગઠન જાગૃતિ માટેના સરકારી (સહકારી અને વિવિધ બિનસરકારી સંસ્થાઓના પૂરક) પગલાં

અન્ય સમાજ સમૂહોની જેમ આદિવાસી સમાજમાં પણ ઘણી અંધશ્રાદ્ધઓ અને કુરીવાજો વ્યાપ્ત છે તે આદિવાસી સમાજમાં પણ સ્વીકૃત છે. આદિવાસી સમાજમાં આ પ્રકારની સામાજિક બદી તુલનાત્મક રીતે વધારે પ્રમાણમા જોવા મળે છે, આ બાબત પણ આદિવાસી સમાજમાં સ્વીકૃત છે. આદિવાસી સમાજની ઘણી ખૂબીઓ અને પરમપરાઓ આજના સમયમાં પોતાની પ્રાસંગિકતા

ગુમાવી બેઠી છે. આદિવાસી સમાજનો એક જાગૃત વર્ગ આ બદીઓ સામે વિરોધ કરે છે પરંતુ આ બદીઓનું વિષચક્ર તોડવું કોઈ એક નાના સમૂહ માટે શક્ય નથી હોતું. જે બદીઓ કાયદાના નિર્માણથી નિવારવા પ્રયત્ન થયો છે તેમાં પણ ઘણી મર્યાદીત સફળતા મળેલ છે. વળી સમાજિક રીત-રિવાજો અને સામાજિક ખર્ચ જેવા વિષયમાં કાયદો કામ કરી શકે નહીં. અન્ય સમાજોની જેમ જ આદિવાસી સમાજનો અનુભવ છે કે સામાજિક મોભી-મંડળ સામાજિક બદીઓને અંકુશમાં રાખે. દુર્ભાગ્ય પૂર્ણ રીતે આદિવાસી સમાજમાં અન્ય સમાજની જેમ બદલાતા સમયની જરૂરિયાત પ્રમાણે મોભી-મંડળ બદલાઈ શક્યું નહીં તેવું સમાજના અગ્રણીઓનું મંતવ્ય છે. એટલેકે આ સમાજમાં શિક્ષિત થયેલ વર્ગ અને શિક્ષણ લેવા બહાર જતાં યુવાઓ દૂર અંતરે સ્થાનાંતરણ કરતાં જોવા મળે છે. જેમને સ્થાનિક સમાજસુધાર સાથે નિસ્બત ખૂબ ઓછા રહે છે. પરંપરાગત શૈલીનું મોભી-મંડળ તેની મર્યાદાઓને કારણે સમાજ ઉપર અંકુશ ગુમાવી બેઠું છે. આવા બંને તરફના પરિબળોના કારણે વર્તમાન આદિવાસી સમાજમાં સામાજિક નિયંત્રણના પ્રશ્નો ઉદભવ્યા છે. સમાજના આગેવાનો સાથેની વાતચિતમાં એક વસ્તુ સ્પસ્ટ ઉપસી આવે છે કે: સમાજ આજે પણ સમાજના મોભી-મંડળ દ્વારા સ્વીકારાયેલા/મંજૂર કરેલ સામાજિક નિયંત્રણો સ્વીકારી સમાજની બદીઓ સામે પ્રતિકાર કરી સમાજની બદીઓ ને દૂર કરવાકે બદીઓ ને નિયંત્રણમાં રાખવા પૂરતી ઇચ્છાશક્તિ ધરાવે છે. આજે પણ સમાજને સક્ષમ અને પ્રાસંગિક મોભી-મંડળ અનિવાર્ય જણાય છે. આદિવાસી સમાજ આજે સક્ષમ મોભીમંડળના અભાવે અનેક નાના-નાના પેટા સમૂહોમાં વહેંચાઈ ગયો છે. સમાજના આ નાનાં સમૂહો પરસ્પરના આંતરિક મતભેદો અને ઘર્ષણના કારણે સામાજિક બદીઓ સામે એક સાથે સક્ષમ પડકાર આપવામાં નિષ્ફળ રહે છે. સમાજના આંતરિક નેતૃત્વ વિકાસ દ્વારા આદિવાસી સમાજમાં સામાજિક નેતૃત્વ નિર્માણ થાય જેના થકી સામાજિક બદીઓ સામે સમાજ એકજુટ થઈ લડત આપી શકે તેના માટે બાહ્ય પગલાં અનિવાર્ય થઈ પડ્યા છે. સરકાર આ ક્ષેત્રે પ્રત્યક્ષ રીતે કોઈ પણ દખલ કરી ન શકે તે બાબત સ્પસ્ટ છે. પરંતુ આદિવાસી સમાજમાં સામાજિક નેતૃત્વ નિર્માણ થાય તે માટે સરકાર પરોક્ષ રીતે સમાજમાં કોઈ પણ પ્રકારના હસ્તક્ષેપ કર્યા વગર આ દિશામાં કામ કરી શકે તે માટે લોક ચર્ચા દ્વારા રસ્તો કાઢવામાં આવ્યો છે તેને અહી SAMTA-સમૂહ એવું નામકરણ કરવામાં આવ્યું છે.

State’s Actions to Mobilize Tribal Association આદિવાસી સમાજના સંગઠન જાગૃતિ માટેના સરકારી પગલાં. આ એક સરકારી યોજના છે જેમાં સરકારે માત્ર આદિવાસી સમાજના સંગઠનને SAMTA-સંગઠન તરીકે સ્વીકૃતિ આપી તેને તેની પ્રત્યેક સફળ કામગીરીના પરિણામ સ્વરૂપ નાણાકીય પ્રોત્સાહનની જોગવાય કરવાની છે.

**1 .7 આદિવાસીમાં સ્થાનાંતર ના પ્રશ્નો અને તેનું નિવારણ:**

જીલ્લાના આદિવાસી સમુદાય રોજગારીના વિકલ્પોની શોધમાં ગુજરાત રાજ્ય અને ગુજરાત રાજ્યની બહાર પણ કૃષિ અને કૃષિ સિવાયના ક્ષેત્રોમાં પોતાના શ્રમનું વિનિમય કરતા જોવા મળે છે. ખૂબ જ નીચું શિક્ષણ અને અત્યંત ગરીબીના કારણે આ આદિવાસી

પરિવારો જ્યાં પણ સ્થાનાંતર કરે છે ત્યાં મોટાભાગે તેમને અત્યંત ઊંચા પ્રમાણમાં શોષણનો શિકાર સહન કરવાનું આવે છે. બીજા અર્થમાં કહીએ તો આદિવાસી શ્રમની ઊંચી ઉત્પાદકતા અને અત્યંત નીચું વેતન તથા કામની અત્યંત વિકટ પરિસ્થિતિ ને પણ સહન કરવાની તૈયારી આ તમામ પરિબળો જ્યાં એક બાજુ આદિવાસી શ્રમની સ્વીકૃતિ માટેનું કારણ બને છે. જ્યારે બીજી બાજુ તે આદિવાસી શોષણનું પણ મૂળ કારણ બને છે. ગુજરાત કે ગુજરાત બહારના વિવિધ શહેરોમાં ખાસ કરીને બાંધકામ ઉદ્યોગમાં જોવા મળતા આદિવાસી પરિવારમાં શોષણ અત્યંત ઊંચા પ્રમાણમાં જોવા મળે છે જોવા મળ્યા છે. નિર્મૂલ માટે સરકારે કોઈ એક કેન્દ્રીક નોંધણી અને છતાં તે અનુપચારિક નોંધણી બની રહે તે પ્રકારની કોઈ એક સિસ્ટમ વિકસાવી એકમાત્ર ઉપાય છે. આ પકલ્પના સંયુક્તઅહેવાલમાં આ અંગેનું સૂચન વિસ્તારથીકરવામાં આવેલું છે. જેનું નામ રોજગાર SETU અથવા શ્રમ SETU રાખેલ છે. ROJGAR-SETU (Supplementary Employment Exchange for Traditional Tribal Unorganized Labour):

શ્રમ- SHETU માત્ર આદિવાસી શ્રમિકો માટેની એક અલાયદા વ્યવસ્થા છે. તેમાં એક અત્યંત સરળ પ્રકારની રોજગાર વિનિમય વ્યવસ્થા છે. અહી સરકારી હસ્તક્ષેપ અસમાન્ય સંજોગોને બાદ કરતાં નહિવત છે. આ એક પરોક્ષ રીતે કામ કરતી રોજગાર વિનિમય વ્યવસ્થા છે. વિગતે વર્ણન પ્રકરણ ચાર મુજબ પાચ તબક્કામાં કરી શકાય.

**૧.૪ ઉપસંહાર:**

પ્રસ્તુત પ્રકરણમાં મહીસાગર જિલ્લાના આદિવાસીઓનો આર્થિક વિકાસ કરવા માટે જે સૂચનો અહેવાલમાં કરવામાં આવેલા છે તે તમામ સૂચનોનું સમક્ષ ચાર રજૂ કરવામાં આવેલ છે. આ ભલામણોને રજૂઆત કરતા પહેલા જિલ્લાના આદિવાસી આર્થિક વિકાસ આડે કેવા પ્રશ્નો અનુભવી રહ્યા છે અને તે પ્રશ્નોનું સ્વરૂપ અને તેની માત્રા કેવી છે તે અંગેની પણ છણાવટ કરવામાં આવેલી છે. હવે પછીના પ્રકરણમાં મહીસાગર જિલ્લાનો ટુકો પરિચય મેળવીને આ સમસ્યાઓ વિગતવાર સમજીશું અને આ સમસ્યાઓના નિવારણ કરીને મહીસાગર જિલ્લાના આદિવાસી સમુદાયનો આર્થિક વિકાસ કેવી રીતે કરી શકાય તે અંગેની વિગતે માહિતી મેળવીશું.

# પ્રકરણ-2
# આદિવાસી વિકાસ: જિલ્લાના આદિવાસીઓનું દ્રષ્ટિબિંદુ



| ક્રમ | વિષય | પાનાં નંબર |
|---|---|---|
| 2.1 | પ્રસ્તાવના | 14 |
| 2.2 | ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં મહીસાગર જીલ્લાની આદિવાસી વસ્તી અને તેમની વિકાસ અંગેની સમાજ | 14 |
| 2.3 | વિકાસની સ્થાનિકોના મતે પરિભાષા | 17 |
| 2.4 | આદિવાસી વિકાસ અંગેના વિવિધ ખ્યાલો અને ગેરમાન્યતાઓ | 20 |
| 2.5 | ઉપસંહાર | 21 |

# પ્રકરણ-2
# આદિવાસી વિકાસ: જિલ્લાના આદિવાસીઓનું દ્રષ્ટિબિંદુ

**૨.૧ પ્રસ્તાવના:**

આદિવાસી સમાજ વિકાસને મુખ્ય પ્રવાહના વિકાસથી અમુક ક્ષેત્રોમાં નોખો તારવી શકાય તો બાકીના ક્ષેત્રોમાં આદિવાસી સમાજનો વિકાસ મૂળ પ્રવાહના વિકાસ વિભાવના સાથે જ સયુક્ત રીતે જોડીને વિચારી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો, આદિવાસી સમાજના એક અપૂરતો વિકાસ પામેલા અથવા વિકાશશીલ અંગ તરીકે જોઈ શકાય. આ પ્રકરણમાં મહિસાગર જિલ્લામાં વસવાટ કરતા આદિવાસી સમુદાયના જનમાનસમાં આર્થિક વિકાસ એટલે શું? સ્થાનિક આદિવાસી પ્રજાતિ આર્થિક વિકાસ તરીકે કઈ કઈ બાબતોનું સમાવેશ કરે છે તથા કેવા પ્રકારના પરિવર્તન અને તેઓ આર્થિક વિકાસ તરીકે મૂલવે છે તેની છણાવટ કરેલ છે. આદિવાસીઓના મંતવ્ય મુજબ તેઓ વિકાસ ને કેવી રીતે જુએ છે અથવા વિકાસની પરિભાષા તેમના મનમાં શું છે તે જાણવા માટે ક્ષેત્રકાર્ય માં ફોકસ ગ્રુપ discussion પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. અહીં આદિવાસી સમુદાયોના નાના જૂથ પાસે બેસીને તેમને મન વિકાસ એટલે શું? એ વિષય ઉપર નાની-નાની ચર્ચા ગોઠવવામાં આવી હતી. અહીં ઉલ્લેખનીય છે કે આદિવાસી સમુદાયમાં આ પ્રકારની ચર્ચા બેઠકો કરતી વખતે જે જૂથોની પસંદગી કરવામાં આવી હતી તે લાક્ષણિકતા સમાન ધરાવતા હોય તે બાબત ધ્યાનમાં રાખવામાં આવી હતી, એટલે કે જો વિદ્યાર્થી જ્યુસ સાથે ચર્ચા કરવાની હોય તો તેમાં કોઈ આધેડ કે બાળકનો સમાવેશ થતો ન હોય તે બાબતે તકેદારી લેવામાં આવી હતી તે જ રીતે ગૃહિણીના સમુદાયની સાથે જો ચર્ચા બેઠક હોય તો તેમાં વ્યવસાયિક પુરુષોના હતો પણ કરવામાં આવ્યા ન હતા.

આર્થિક વિકાસ એટલે શું? આ વિષયની જો તે ચર્ચા દ્વારા જે તારણો મળ્યાં/ મંતવ્ય પ્રાપ્ત થયા તેની વાત કરતા પહેલા ઐતિહાસિક પરિપ્રેક્ષમાં આદિવાસી સમુદાયની ચર્ચા કરવી ઉચિત ગણાશે કારણકે આ સમુદાયના વિકાસ અંગેના મંતવ્યો તેમની ઐતિહાસિક વિકાસ યાત્રા સાથે ખૂબ જ નજીકથી જોડાયેલા હશે તેવી અપેક્ષા રાખવી અસ્થાને નથી. આ ચર્ચાની શરૂઆત નીચે મુજબ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં કરવામાં આવેલ છે.

**૨.૨ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં મહીસાગર જીલ્લાની આદિવાસી વસ્તી અને તેમની વિકાસ અંગેની સમાજ :**

જે રીતે સમગ્ર ભારત દેશ માટે કહેવામાં આવે છે તે જ રીતે મહિસાગર જિલ્લા માટે પણ કહી શકાય કેઅઢારમી સદીના અંત સુધી આદિવાસીઓનું જીવન સ્વતંત્ર અને મુક્ત હતું. પોતાની

આસપાસનુ જળ, જંગલ અને જમીન પોતાનું સમજી મુક્ત રીતે ઉપયોગ અને વ્યવસ્થાપન કરતા હતા. આ સંદર્ભમાં આદિવાસી સમુદાયો ઉપર જેને રાજ્ય કહેવામાં આવે છે, તેવા રાજ્યનું કોઈ ખાસ અંકુશ જોવા મળતો ન હતો. જો કે ઉલ્લેખનીય છે કે આદિવાસી સંપૂર્ણ રીતે સ્વતંત્ર હતા તેવું કહેવું પણ અતિશયોક્તિ પૂર્ણ કહેવાશે. જો કે તેવો ફાવે ત્યા જરૂરિયાત મુજબની ખેતી કરીને જીવતા હતા. ત્યારબાદ અન્ય પ્રદેશમાં જેવા પરિવર્તનો આવ્યા તેવાજ પરિવર્તનો મહીસાગર જીલ્લામાં પણ નોધાયા છે એટલેકે અંગ્રેજ શાસને વિવિધ કાયદાઓ અને જંગલ નીતિ લાદીને આદિવાશીઓને જંગલ-જમીનથી વિખુટા પાડી દીધા હતા. આ પ્રક્રિયા સાથેજ તેમની કુદરતના ખોળે વિકાસ પામતી સંસ્કૃતિઓ પણ પરીવાર્નાના વમળમાં આવી. અનેક કાયદાકીય બંધનો દ્વારા તેમની જરૂરિયાતો છીનવાઇ ગઇ. અહીં ઉલ્લેખનીય છે કે" ફુટ પાડો અને રાજ કરો" નીતિ અંતર્ગત અંગ્રેજોએ ભારતીય પ્રજાના જેટલા ભાગલા પડે કેટલા ભાગલા પાડવાની નીતિ અપનાવી હતી તે મુજબ તેઓએ આદિવાસીઓને પણ અન્ય પ્રજાથી વિભાજિત કરવાની નીતિ અપનાવી તેના પરીણામ સ્વરૂપે તેમણે એટલેકે અંગ્રેજોએ આદિવાસીઓને અન્ય પ્રજાથી જુદા પાડવાની વિવિધ નીતિઓ અપનાવી. અન્ય પ્રજા થી અંગ્રેજોની પહેલા પણ જો પ્રદેશમાં વસ્તી આદિવાસી પ્રજા હવે બાકીના સમાજથી માનસિક રીતે પણ વિભાજિત થઈ ગઈ. આનું પરિણામ એ આવ્યું કે હવે આદિવાસીઓ દેશની પ્રજા માટે એક અપરિચિત સમુદાય અથવા તો દૂર જંગલ પ્રદેશના સમુદાયો બનીને રહી ગયા.

રાષ્ટ્રના વિવિધ સામાજિક જૂથોમાં જે ભાગલા પાડવામાં આવ્યા તેમાં આદિવાસી અને બિન આદિવાસી તરીકે ના ભાગલા/ વિભાજન ખુબજ પ્રભાવી રહ્યું, કેમકે આદિવાસી અને બિન આદિવાસી વિભાજન માં આદિવાસીઓનો દૂર પ્રદેશનો જંગલ વસવાટ અને તેમની વૈવિધ્યસભર જીવનશૈલી/ તેમની સંસ્કૃતિ તેમને અન્ય સામાજિક જૂથોથી ખુબ જ દૂર માનસિક અંતરે પ્રસ્થાપિત કરી ગઈ આ આખા ઘટનાક્રમનું પરિણામે આદિવાસીઓનું શોષણ વધ્યું. અંગ્રેજોના સમયમાં આવા સમૂહોને આદિવાસી એવું જાતિવાચક જુદૃ જ નામ મળ્યું. જો કે યુરોપની અન્ય પ્રજતિયોની જેમ જ અંગ્રેજોએ વિશ્વના જુદા-જુદા ખંડોમાં પોતાનું આધિપત્ય સ્થાપીને ત્યાંની મૂળ પ્રજાને 'Natives' કે 'આદિવાસી' તરીકે ઓળખ આપી તેવીજ રીતી તેમને ભારતના આદિવાસીઓને પણ આવી જ ઓળખ આપી. મહીસાગર જીલ્લાના આદિવાસીઓ પણ આ પ્રક્રિયાથી બાકાત રહ્યા ણ હતા.

યુરોપથી ભારતમાં આવેલ અંગ્રેજી પ્રજા ભારતના સાંસ્કૃતિક વૈવિધ્ય સમજવામાં ભૂલ કરી બેઠી. અહીં આદિવાસી સમુદાયો અત્યંત પ્રાચીન સમયથી મૂળ સંસ્કૃતિનો અવિભાજ્ય હિસ્સો હતા. રામાયણ અને મહાભારતની કથાઓ માં આદિવાસી સમુદાયો સદીઓથી ઉલ્લેખવામાં આવે છે. અહીંની મૂળ સંસ્કૃતમાં આદિવાસી સમુદાયો પોતાના ભૌગોલિક પરિપ્રેક્ષથી ભલે ભિન્ન હોય પરંતુ સામાજિક રીતે ભિન્નતા અનુભવતા ન હતા. અંગ્રેજો એ ભારતની મૂળ પરંપરા અને સંસ્કૃતિને સમજ્યા વગર તેમને આદિવાસી એવી ઓળખ આપી. અંગ્રેજોના સમયથી આદિવાસી પ્રજાનું શોષણ શરૂ થયું. જંગલ પરનો આ પ્રજાનો આધાર અને ઉપયોગનો અધિકાર માલિકીની હદે જનારો હતો અને આ અંગે અંગ્રેજો પહેલાં કોઈ રાજ્યોને ખાસ વિરોધ ન હતો. પણ અંગ્રેજોની

નેમ જંગલો કબ્જે કરી તેનું દોહન કરવાની હતી. તેથી તેમણે વન પર અધિકાર જમાંવી વનમાં વસતા સમુદાયોને લગભગ વંચિત કરી દીધા. ઉપયોગના કેટલાક અધિકારો આપ્યા, પણ તેમનું આધિપત્ય સમાપ્ત કરી દીધું. જમીનદારો, શાહૂકારો અને કંત્રાટીઓએ આદિવાસીઓનું ખૂબ શોષણ કર્યું. દેશમાં આદિવાસીઓ અને તેમના વિસ્તારો પ્રત્યેની સભાનતા સૌ પ્રથમ તત્કાલિન અંગ્રેજ સરકારના ઇ.સ.1870ના કાયદામાં દેખાઇ. ત્યાર બાદ ઇ.સ. 1974, 1919 અને 1935 ભારતીય કાયદાઓમાં સુધારા વધારા સાથે વિભિન્ન રીતે આદિવાસીઓની ઓળખ ચાલુ રહી. અને આદિવાસી વિસ્તારોને પછાત વિસ્તારનો દરજ્જો આપી, ત્યા વિશેષ રક્ષણ માટે પ્રયત્નો થયા. ટૂકમાં અંગ્રેજોની આવી અલગતાવાદી નીતિને કારણે આદિવાસીઓ ગરીબી, શોષણ, કુપોષણ, દબાણો, રોગો અને અજ્ઞાનતામાં પીડાતા રહ્યા. આદિવાસી વિકાસના નામે અંગ્રેજોએ ઇ.સ. 1947 સુધી સંખ્યાબંધ નિયંત્રણો હેઠળ આદિવાસીઓને દબાવી દીધા હતા.

આના લીધે આ સમૂહોનો નૈસર્ગિક વિકાસ થંભી ગયો અને તેઓ બેહાલ થઈ ગયા. ઇતિહાસ દર્શાવે છે કે 'વિકસેલા' દેશ ને રાજયની નીતિઓએ આદિવાસી સમુદાયના સામાજિક તથા સાંસ્કૃતિક પરિવેશને લગભગ અવગણ્યા છે. બિન-આદિવાસી સમાજને આદિવાસી વિસ્તારોમાં વણવપરાયેલાં કુદરતી સંસાધનો, ખાસ કરીને જંગલ તથા ખનીજ,નાં ઉપયોગ (આગળ વધીને શોષણ)માં રસ હતો. આવા આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે ગાંધીજી એટલા જ તત્પર હતા જેટલા અન્ય શોષિત સમાજો માટે. ગાંધીજીના સાથીદારોએ આદિવાસી સમાજ સાથે ખૂબ કામ કર્યું અને ગુજરાતના આદિવાસી સમાજને ગુજરાતના અન્ય સમાજ સાથે દૂધમાં સાકરની જેમ ભળી જવામાં ઘણી મદદ કરી. ગાંધીજીના નિકટના સાથીદાર ઠક્કરબાપા અને ગાંધીવિચારને અનુસરી જીવી જાણનાર ‘વેડછીનો વડલો’ જુગતરામ દવે જેવી સંવેદનશીલ અને કાબેલ વ્યક્તિઓએ પૂરી વિનમ્ર નિષ્ઠાથી આદિવાસીઓમાં સામાજિક અને શૈક્ષણિક અને તે થકી આર્થિક પરિસ્થિતિમાં સુધાર લાવવાના સરાહનીય કાર્યો કર્યાં છે. આઝાદી પૂર્વે અંગ્રેજ રાજ્યે આ પ્રજાનું શોષણ જ કરેલું, ત્યારે રાજનૈતિક અને સામાજિક ચેતના જગાડવાનું કામ ગાંધીજીના સહયોગીઓએ કર્યું. આઝાદી પછી આ સમાજના વિકાસ માટે પ્રયત્નો શરૂ થયા. તત્કાલીન વડાપ્રધાન આદિવાસી પંચશીલ માટે જાણીતા બન્યા, જેનો મુખ્ય સૂર આવા વનાધારિત સમૂહોની ઓળખ અને અસ્મિતા જાળવી રાખવાનો હતો.

હિંદુસ્તાનમાં આ રસ અંગ્રેજ શાસન દરમિયાન વધ્યો અને સ્વાતંત્ર્ય બાદ પણ સ્થિતિમાં નોંધપાત્ર સુધારો જણાતો નથી. વન હેઠળના વિસ્તારની ગુણવત્તામાં ઘટાડો નોંધાયો છે. અંગ્રેજ શાસન દરમિયાબ હિંદુસ્તાનની વનનીતિ અને તેનાં દુષ્પરિણામો સંદર્ભે કરે અભયાશો ના વિશ્લેષણ અત્યંત મહત્ત્વનું બની રહે છે. સાથે આ સમુદાયનું શ્રમસાધન તરીકે પણ શોષણ થયું. અલબત્ત, વર્તમાન સમયમાં તો આ વિસ્તારના કુદરતી સંસાધનોનાં શોષણમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ અગ્રેસર બની છે. પરિણામે હિંસક અથડામણોનું પ્રમાણ પણ વધ્યું છે.

ભારત દેશમાં વનમાં અથવા તેની આસપાસ વસીને વનાધારિત જીવન વ્યતીત કરનારા લોકોની ઓળખ તેમના સમૂહના નામે થતી. આઝાદી પહેલાં અને પૌરાણિક કાળમાં વનવાસી કે અરણ્યવાસી એવા ઉલ્લેખ મળે છે, પરંતુ દરેક વિસ્તારમાં વસતા વનવાસીઓની પોતાની

વિશિષ્ટ ઓળખ હતી. ભારતની સભ્યતા અને સંસ્કૃતિમાં ગમે તે સમુદાય આદિવાસી તરીકે ઓળખાતો ન હતો, કારણ કે કોઈ પણ વિસ્તારમાં મૂળ વાસીઓ જ હોય અને તેઓ બીજી સંસ્કૃતિના સંપર્કમાં ન જ આવ્યા હોય તેવું ભાગ્યે જ બન્યું હશે. જુદા-જુદા કાલખંડમાં કેટલીક પ્રજાએ વનોમાં વાસ કરી તેને અનુકૂળ સંસ્કૃતિ વિકસાવી. નદી કિનારે અને મેદાનોમાં વસનારાઓએ કૃષિસભ્યતાનો ખૂબ વિકાસ કર્યો તેમ જ સભ્યતા અને સંસ્કૃતિના નવા અને પરિવર્તનશીલ માપદંડો અપનાવ્યા. પ્રાકૃતિક રીતે આદિમાનવના અસ્તિત્વ બાદ તેની રક્ષણ અને ભક્ષણ(શિકારી પ્રવૃત્તિ)ની જીવનશૈલી પણ પ્રાકૃતિક હતી. અકસ્માતે શોધાયેલાં અગ્નિ અને ચક્રને સાથે માનવની પ્રયોગશીલતાનાં કારણે જીવન સલામત બન્યું, તો ખેતી સાથે પશુપાલને માનવજાતિને સ્થિરતા બક્ષી. માનવ અસ્તિત્વથી પ્રવર્તમાન ભૌતિકવાદી જીવનશૈલી સુધીનો આધુનિક વિકાસ તબક્કાવાર થયો છે. સમૂહમાં જીવતો સમાજ ઔદ્યોગીકરણનાં કારણે વ્યક્તિકેન્દ્રિત બન્યો.

તેની સરખામણીમાં વનોમાં રહીને કૃષિસભ્યતાથી અલિપ્ત રહી જીવનારા 'પછાત' કહેવાયા. આદિવાસી સમાજમાં આર્થિક દરજ્જો તથા માનવ વિકાસના માપદંડને ઉપર લાવવાના પ્રયાસો હાથ ધરાયા છે, તો બીજી તરફ આ સમુદાયના કુદરતી તથા માનવીય સંસાધનોનું શોષણ પણ આયોજનબદ્ધ થઈ રહ્યું છે. પ્રારંભે આદિવાસી સમુદાયમાં શોષણ અંગે કોઈ વિરોધ ન હતો, પરંતુ સમયાંતરે આ શોષણમાં વધારો થતો ગયો, સમુદાયની આજીવિકા પર નકારાત્મક અસર પડતાં સંઘર્ષ થવા લાગ્યા અને તેનું પ્રમાણ તથા ટેવતરા પણ વધતાં ગયાં. દેશના આદિવાસી વિસ્તારોમાં નક્સલવાદી તથા માર્ક્સવાદી ચળવળોનો પણ પ્રારંભ થયો. ગુજરાતમાં ગાંધીવિચારથી આદિવાસી બહુલ ક્ષેત્રોમાં પગ વાળીને બેઠેલા કાર્યકરોનાં કારણે લડત અહિંસક રહી, પરંતુ વર્તમાંન સમયમાં સ્થિતિ બદલાઈ રહી છે. આ જ કારણે રાજ્યની આદિવાસી પ્રદેશની વિકાસ નીતિ કુદરતી સંસાધનો, ખાસ કરીને જંગલ,નાં સંવર્ધનની સાથે આજીવિકા સર્જનની પણ રહેવી અનિવાર્ય છે.

## ૨.૩ વિકાસની સ્થાનિકોના મતે પરિભાષા

વિકાસ એક બહુ આયામી વિભાવના છે. તેથી વિકાસની વિભાવના સમયાંતરે બદલાતી રહી છે. શરૂઆતમાં એટલેકે વીસમી સદીના પ્રથમ છ દશકાઓમાં વિકાસનો ખ્યાલ ઉદ્યોગો, વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે સંકળાયેલા હતો. દાયકાઓ પછી આ ખ્યાલ અધુરો લાગ્યો. આ પ્રકારની વિકાસ પ્રક્રિયામાં એક પ્રકારે એવી માન્યતા હતી કે ટ્રિકેલ ડાઉન થિયરી એટલે કે વિકાસના લાભો પ્રારંભિક અવસ્થામાં સમાજના સંપન્ન વર્ગમાંથી શરૂ થઈને નીચલા વર્ગ સુધી પહોંચશે. 1970 ના વર્ષ પછીએવું સાબિત થઈ ગયું હતું કે ડાઉન થિયરી તેના મૂળ સ્વરૂપમાં કાર્ય કરી રહેલ નથી. એટલે કે સમાજમાં જે વિકાસ થઈ રહ્યો છે જે ઉત્પાદન વધારો થઈ રહ્યો છે એટલે કે જીડીપીમાં થયેલ વધારો તે છેવાળાના માનવીઓ અને ગરીબો સુધી પોતાના લાભ પ્રસારી રહ્યો નથી. આ સંજોગોમાં એ પણ જોવામાં આવ્યું કે ગરીબ વર્ગ વધુ ને વધુ ગરીબ થતો જાય છે અને અમીર વર્ગ વધુ ને વધુ અમીર થતું જાય છે. આવા સંજોગોમાં વિકાસને નવા આયામો

ઉમેરીને વૈકલ્પિક રીતે વ્યાખ્યાયિત કરવાની જરૂરિયાત ઊભી થઈ. વિકાસને વૈકલ્પિક સ્વરૂપે 1980 ના દસ્તામાં અમૃત્ય સેન અને અન્ય વિકાસ અર્થશાસ્ત્રીઓની મદદથી માનવ વિકાસ તરીકે વિવિધ માનવીય આયમો સાથે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો. આદિવાસી વિકાસને પણ હવે માત્ર ભૌતિક વિકાસ અને સંસાધનોની પ્રાપ્તિ પૂરતો સીમિત ન રાખતા તેને પણ માનવીય અભિગમ સાથે માનવ વિકાસના પરિપ્રેક્ષમાં જોવા જઈએ.આ પ્રકારનો વિકાસ અમીર અને સંપ્પન વર્ગને જ સ્પર્શતો હતો.

21 મી સદીમાં વિકાસની પરિભાષાને એક નવી સમસ્યાઓનો સામનો કરવાનો આવ્યો અને તે હતો કુદરતી સંસાધનોની અછત અને પ્રદૂષણના પ્રશ્નો. કોઈ પણ વિકાસ કુદરતને નષ્ટ કરીને જુઓ લાંબા સમય સુધી કાર્યરત રહે તો દુનિયાને સમજાવ્યું કે જળવાયું પરિવહન અને સમગ્ર કુદરતના અસ્તિત્વ સામેથી એક મોટો પડકાર આવીને ઊભો રહેશે. આ ચિંતન માંથી વિકાસ માટે નિભાવ સમવ વિકાસ અથવા તો ટકાઉ વિકાસનો ખ્યાલ વિકસ્યો. આદિવાસીઓના વિકાસને પણ ટકાઉ વિકાસના ખ્યાલ સાથે સાંકળવું જ રહ્યો કારણકે આદિવાસી વિકાસ તેના મૂળ સ્વરૂપે કુદરત ઉપર વધારે અવલંબિત એવા કુદરતી જીવન જીવતા આદિવાસી સમુદાયનો વિકાસ છે જો તેમના કૂદરતી સંસાધનો અને પર્યાવાસને નુકસાન પહોંચાડવામાં આવશે તો આ રસ્તે થયેલો આદિવાસી વિકાસને લાંબા સમય સુધી નિભાવી શકાશે નહીં અને આમ આદિવાસી વિકાસ તે ટકાઉ વિકાસ હોવો જોઈએ તેઓ પણ ખ્યાલ વર્તમાન સમયમાં પ્રવર્તમાન છે. આથી સર્વસ્પર્શી, સમતોલ અને નિભાવક્ષમ/ટકાઉ વિકાસનો ખ્યાલ વધારે પ્રવર્તવા લાગ્યો. પર્યાવરણ સાથે સંતુલન જાળવીને લાંબાગાળાનો ટકાઉ વિકાસની ચર્ચા થવા લાગી. આ ચર્ચા આજે વધારે સ્વીકાર્ય પણ બનવા લાગી છે.

વર્તમાન સમયમાં જેને વિકાસ પામેલું વિશ્વ કહેવામાં આવેછે તે પશ્ચિમના દેશોમાં ભૌતિક વિકાસવાળા એટલે કે સુખ-સગવડના સાધનોની ઉપલબ્ધિવાળા સમાજને સુખી સમાજ માનવામાં આવતું હતું. જોકે હવે તેના પ્રશ્નોની છણાવટ કરતા જણાયું છે કે આ વિકાસ પણ ઘણો મર્યાદીદ દ્રષ્ટીકોણ ધરાવે છે. આ મર્યાદી દ્રષ્ટિકોણ માં માત્ર સાધન સુખ સગવડોની પ્રાપ્તિને વિકાસ ગણવામાં આવ્યો છે. બીજા શબ્દોમાં કહીયેતો આ દૃષ્ટિકોણમાં આર્થિક વૃદ્ધિને વિકાસ માનવાનું વલણ છે. છેલ્લે આપણે એમ કહી શકીએ કે હવે વિકાસનો અર્થે માત્ર આર્થિક વિકાસ બદલાઈને હવે માનવીનો વિકાસ થયો છે. માનવ વિકાસમાં માનવ ક્ષમતાઓનું વિસ્તરણ, પસંદગીનો વ્યાપ, સ્વાતંત્ર્યના વિકાસ અને માનવ અધિકારોના અમલ રૂપે આર્થિક વિકાસના સાહિત્યમાં સ્વીકાર પામવા યોગ્ય છે. માનવ વિકાસ કેવળ શિક્ષણ, આરોગ્ય પોષણ અને સંસાધનો પર નિયંત્રણ કરતા કંઈક વધુ બાબતોને સંકેત કરે છે. માનવીએ તો ક્ષમતાઓનો વિકાસ, એક એવી રાજકીય સામાજિક આર્થિક પરિસ્થિતિનું નિર્માણ થાય કે જેમાં પ્રત્યેક નાગરિકની સામે વિકલ્પોની પ્રાપ્તિ હોય તેને વિકાસની નવી પારિભાષામાં મહત્વ આપવામાં આવે છે.

વિકાસની પ્રક્રિયા સામાન્ય પરિભાષામાં મુકીએ તો વ્યક્તિગત ક્ષમતાઓ નું વર્ધન અને તેના માટે વિકલ્પોની પ્રાપ્યતા. ટૂંકમાં હવે આ બૃહદ અર્થમાં વ્યાખ્યાયિત થયેલ વિકાસ વિભાવનામાં અંતર સમાવિષ્ઠ એવા વિકાસને માપવા માટે આર્થિક અને બિનઆર્થિક તેની સાથે સાથે વ્યક્તિગત તેમજ સામુહિક એમ અનેક પરીમાંણો નો સમાવેશ કરવામાં આવે છે. બિન આર્થિક માપદંડોને હવે માનવીય વિકાસના નિર્દેશકો તરીકે ઓળખવામાં આવે છે. આ નિર્દેશકોમાં શિક્ષણ સ્વાસ્થ્ય અને વિવિધ વ્યવસ્થા, સંસ્કૃતિ, મનોવલણ વિકાસ વગેરે બાબતોનો સમાવેશ કરાશે.

આદિવાસી સમાજમાં આદિકાળ થી જ જીવનના વિવિધક્ષેત્રોમાં વિવિધ હુન્નર, વિવધ કલા વિકાસ પામેલ જોવા મળે છે. આ વૈવિધ્ય સફર કળા કવશલ્યો ને વધુ વિકસાવવા માટે તકો ઉપલબ્ધ કરાવવી તેમના વાક્તિત્વ વિકાસ કરવો જોઈએ. આ પ્રકારના વ્યક્તિત્વ વિકાસ થાકી તેમની અન્ય ક્ષમતઓ વિકાસ પામશે જે તેમના સમગ્ર વિકાસ પ્રક્રિયાને ઊંચા આયામો ઉપર પ્રસ્થાપિત કરવામાં મદદ કરશે.

ગુજરાતમાં આદિવાસી વિકાસની ચર્ચા કરીએ ત્યારે તેના વૈવિધ્યતા સભર આદિવાસી સાંસ્કૃતિક વિસ્તારોના સંદર્ભે વિવધ સમૂહોના વિકાસની રૂપરેખા ઘડવી જોઈએ અને તેના મુજબનું આયોજન થવું જોઈએ. વિવિધ સંસ્કૃતિઓ અને આ સાંસ્કૃતિક ફેરફારોમાંમાં ભૌગોલિક પરિપેક્ષ્ય પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આદિવાસી પ્રદેશની ભોગોલિક અને સાંસ્કૃતિક પરિવેશને ધ્યાનમાં રાખીને આદિવાસી વિકાસ સંદર્ભે વિચાર કરવો જોઈએ કારણ કે આમ કરવાથી જ તેમની આગવી વિકાસ જરૂરિયાતોને ન્યાય આપી શકાશે. ગુજરાતના વિવધ આદિવાસી વિસ્તારોની ભૂગોળ ભિન્ન ભિન્ન છે. તેથી આ વિસ્તારના ભોગોલિક અને સાંસ્કૃતિક વિવિધતા જોવા મળે છે આ સંસ્કૃતિક ભીન્નાતાઓ હોવાથી પ્રદેશવાર આદિવાસીઓમાં ભિન્ન-ભિન્ન કળા સોશલ્યો અને ભિન્ન-ભિન્ન પ્રતિભા જોવા મળે છે. આદિવાસીઓમાં રહેલી પ્રતિભાને ઓળખી તેને વધારે વિકસાવવી તે પ્રાથમિક શાળા ના સ્તરેથી થતું કાર્ય છે તેના માટે આદિવાસી પ્રાથમિક શાળાઓને આ માટે સજ્જ કરવી જોઈએ.

આદિવાસી વિસ્તારમાં પ્રાકૃતિક સંપદા જેવીકે જળ સ્રોત,જંગલ વગેરે સવિશેષ પ્રમાણમાં હોવાથી, આ તમા પ્રાકૃતિક સંપદાના આધારે અને આ સંપદા આધારિત તેમનામાં વિવધ કૌશલ્ય વિકાસવવા પ્રયાસ કરવો જોઈએ, જેના માટેની તાલીમ વ્યવસ્થાઓ શાળા સ્તરેથી નિર્માણ થાય તેવા પ્રયત્નો થવા જોઈએ. આ પૈકીને ઘણી તાલીમ આધુનિક સ્વરૂપની હશે તો ઘણી પરંપરગત સ્વરૂપની હશે અહી એ નોધવું જોઇયેકે જો પરંપરાગત હોય તો તે તે તાલીમ આપનાર સ્થાનિક હોય અને તે તાલીમ કાર્યક્રમ સ્થાનિક ભાષામાં નિર્માણ થયેલ હોય, આ માટે જરૂરી તમામ મદદ અને અનિવાર્ય એવા આધુનિક ટેકનિક જ્ઞાન/સપોટ સરકાર દ્વરા આધુનિક સ્વરૂપમાં આપવું જોઈએ. આદિવાસી ક્ષમતા વિકાસ તે અંતિમ ધેય હોય તેની પ્રાપ્તિ માટે અનિવાર્ય તમામ પગલા સરકાર દ્વારા લેવાય તે સુનિશ્ચિત થવું જોઈએ.

પ્રત્યેક આદિવાસીમાં રહેલી કલા કે હુન્નરનો વિકાસ થાય તે માટે અત્યંત જરૂરી પરિબળ છે કે તેમના દ્વરા ઉત્પાદન કરવામાં આવેલ વસ્તુ કે સેવાને યોગ્ય બજાર મળે, જો બજાર મળશે તો

તેમને આર્થિક પ્રોત્સાહન આપી શકાશે. આર્થિક પ્રોત્સાહન મળતા વ્યક્તિ પોતાની રીતેજ કળા કવશલ્યોના વિકાસ માટે પ્રોત્શાહિત થશે. આ પ્રકારના આદિવાસી હુન્નર કે કલાને પ્રાધાન્ય આપી સ્થાનિક શેક્ષણીક સંસ્થાઓ ના સ્તરે વિકસાવવું જોઈએ. બજારની પ્રાપ્યતા કરવવા માટે સ્થાનિક સ્તરે બજાર ઊભુ કરવામાં આવે અને પ્રવાસન ઉદ્યોગના પુરક તરીકે આ બજાર વિકાસને પ્રાધાન્યતા આપવામાં આવશે તો સરકારી પ્રવૃતિઓમાં ઘણા આવશે સરળતા રહેશે તેવી અપેક્ષા રાખી શકાશે.

## ૨.૪ આદિવાસી વિકાસ અંગેના વિવિધ ખ્યાલો અને ગેરમાન્યતાઓ:

દુનિયામાં એક એવી વિચારધારા પ્રવર્તે છે કે આદિવાસી વિસ્તારમાં માળખાકીય સગવડ ઊભી કરવામાં આવશે તો તેમનો આર્થિક વિકાસ થઈ જશે. જોકે માત્ર માખણકીય વિકાસ કરવાથી આદિવાસી વિકાસ થશે તે માન્યતા ભરેલી છે. હા એ બાબત ચોક્કસ છે કે માળખાકીય શરતોના વિકાસના અભાવે આદિવાસી વિકાસ અવરોધ પામશે. અલબત્ત એ બાબત પણ નક્કી છે કે આર્થિક વિકાસની પ્રાથમિક જરૂરિયાત માળખાકીયનો વિકાસ છે. પરંતુ અહીં એ બાબતની સ્પષ્ટતા કરવી અનિવાર્ય છે કે માત્ર માળખાકીય સમૃદ્ધ ના વિકાસ કરવાથી આદિવાસી વિકાસ થશે તેવી માન્યતા ભૂલ ભરેલી છે અને માળખાકીય શરતો ના ઉપરાંત માં પણ આદિવાસી આર્થિક વિકાસ ઘણી બધી જરૂરિયાત માંગી લેશે તે બાબતે ગંભીરતા લાવવા માટે ઉપરોક્ત વિષય અહીં ચર્ચા કરવામાં આવે છે.

આદિવાસી વિકાસ માટે એક અન્ય ગેરમાન્યતા એવી વ્યાપ્ત છે કે જો આદિવાસી સમુદાય માટેની સ્પેશ્યલ યોજનાઓનો અમલ કરવામાં આવશે તો તેઓ આ યોજનાઓના લાભ થકી આર્થિક વિકાસ પામશે. અલબત્ત અહીં પણ આપણે એવું જ કહેવું જોઈએ કે યોજનાઓની ગેરહાજરીમાં આદિવાસી આર્થિક વિકાસ અત્યંત ધીમુ સાબિત થશે. પરંતુ જો માત્ર યોજનાઓ ઉપર જ મદાર રાખવામાં આવશે તો તેના વિશ્વાસે બેસી રહેવું પણ ઠગારું સાબિત થશે. માત્ર યોજનાઓ થતી આદિવાસી આર્થિક વિકાસ થશે તેવી માન્યતા ભૂલ ભરેલી સાબિત થશે. કારણકે આદિવાસીઓ માટેની સ્પેશિયલ યોજનાઓ મોટાભાગે આદિવાસીઓના એ સમુદાયમાંથી સ્વીકારવામાં આવે છે કે જે તુલનાત્મક રીતે વધુ સક્ષમ અને વિકસિત હોય છે. આવા સંજોગોમાં આદિવાસી સમુદાય માટેની યોજનાઓનો લાભ લઈને એ જ વર્ગ સક્ષમ થશે કે જે પહેલેથી જ વધારે વિકસિત છે. પરિણામ એ આવશે કે છેવાડાનો અને અલ્પવિષિત એવો આદિવાસી વર્ગ ક્યારેય પણ વિકાસના લાભ યોજનાઓ થકી મેળવી શકશે નહીં.. આમ આદિવાસી વિકાસને માત્ર યોજનાઓ પૂરતો સીમિત ન રાખીને યોજનાથી પણ વિશેષ અર્થઘટન સાથે જોવા જઈએ.

આદિવાસી વિકાસ અંગે અન્ય એક ભૂલ ભરેલી માન્યતા એવી છે કે તેમના પરંપરાગત વ્યવસાયોને જો વધુ સબ્જેક્ટ કરવામાં આવશે જેવા કે તેમની ખેતીને વધુ પ્રાધાન્ય આપવામાં આવે તેવો જે કુદરતી સંસાધનો સાથે સંકળાયેલા છે તેવા જળ સંસાધનો અને જંગલ સંસાધનોને આધારે જ અથવા તો તેના આશ્રિત વિકાસ પ્રક્રિયા કરવામાં આવશે તો જ તેમનો

આર્થિક વિકાસ ઝડપી થશે. આ માન્યતામાં પણ ક્ષતિ જોવા મળે છે કારણ કે જળ સંપદા અને જમીન સંપદા વિકાસની સ્થિતિજોમાં ઘણી મર્યાદાઓ ધરાવે છે.

આદિવાસી વિકાસ માત્ર આદિવાસીઓનું શિક્ષણ નથી તેમની તાલીમ અને હુન્નરોનો વિકાસ નથી પરંતુ આદિવાસી આર્થિક વિકાસ તે આ બધા રસ્તાઓ થકી એક બૃહદ દર્શન છે કે જેમાં આદિવાસી ક્ષમતાઓનો વિકાસ અને આદિવાસી સંસ્કૃતિઓનું કુદરતી પ્રક્રિયા દ્વારા પાંગરવું.

જ્યારે પણ આદિવાસી આર્થિક વિકાસની વાત કરવામાં આવે છે ત્યારે હંમેશા એક ચર્ચા વેગ પકડે છે અને તે એ છે કે આદિવાસીઓમાં વ્યાપ્ત વ્યસન અને અંધશ્રદ્ધા ના કારણે તેમનો આર્થિક વિકાસ રૂંધાયેલો છે જો તેમના વ્યસન અને અંધશ્રદ્ધાને દૂર કરવામાં આવશે તો જ તેમના આર્થિક વિકાસને ગતિ આપી શકાશે. આ માન્યતા પણ મર્યાદિત છે. કારણ કે અંધશ્રદ્ધા અને વ્યસનથી મુક્ત સમાજ નથી. એ બાબતમાં પણ એટલું જ સત્ય છે કે અંધશ્રદ્ધા અને વ્યસન વિકાસની પ્રક્રિયામાં બહુ મોટા અવરોધ સર્જન કરી શકે છે.આમ માત્ર એટલુજ કહેવુકે વ્યસનના કારણે આદિવાસીઓમાં વિકાસ નથી થતો તે ભૂલ ભરેલ સાબિત થશે..

આદિવાસીના આર્થિક વિકાસ સંદર્ભના ઉપોરોકત વિભિન્ન મંતવ્યોને ધ્યાનમાં રાખી સમગ્ર આદિવાસી સમાજના વિકાસ માટે બહુઆયામી યોજના અને તે કાર્યન્વાયિત કરવામાટે ના વિવધ બહુઆયામી પ્રકલ્પો વિચારવા જોઈએ. પ્રત્યેક આદિવાસી સમાજની પરિસ્થિતિ જુદી-જીડી હોવાથી કહી શકાય કે પ્રત્યેક આદિવાસી સમાજ માટે ના વિકાસનો અભિગમ ને વિકાસ માર્ગો પણ જુદો હશે.

**૨.૫ ઉપસંહાર:**

પ્રસ્તુત પ્રકરણમાં આદિવાસી વિકાસના વિવિધ મંતવ્યો અને જે તે મંતવ્ય ની મર્યાદાઓ વિશે અહીં ચર્ચા કરવામાં આવી છે. આદિવાસી વિકાસ ને કેવી રીતે જુઓ અને નિર્ધારિત કરેલી આદિવાસી આર્થિક વિકાસની વિભાવનાને કેવી રીતે કાર્યરત કરવી વગેરે જેવા મુદ્દાઓની અહીં છણાવટ કરવામાં આવી. અહીં મુખ્યત્વે આપણે એ જોયું કે આદિવાસી વિકાસ તે એક બહુઆયામી પ્રક્રિયા છે. કોઈ એક બિંદુએથી આદિવાસીના આર્થિક વિકાસને જોઈ શકાશે નહીં જો આદિવાસીના આર્થિક વિકાસને જોવો હોય તો તેને સમગ્ર તહ જોવો પડશે. આમ કહી શકાય કે જો આદિવાસીના આર્થિક વિકાસને આપણે કાર્યવિધ કરવો હશે તો આપણી કાર્ય યોજના પણ બહુ આઈમી રહેશે.

# પ્રકરણ-3
# જિલ્લામાં
# આદિવાસી વસ્તી અને તેમની મુખ્ય આર્થિક સમસ્યાઓ


| ક્રમ | વિષય | પાનાં |
|---|---|---|
| 3.1 | પ્રસ્તાવના | 23 |
| 3.2 | મહીસાગર જિલ્લાની તાલુકા અનુસાર વસ્તી વિષયક લાક્ષણીકતા | 23 |
| 3.3 | જીલ્લાની આર્થીક સમસ્યાઓ અને તેના સંભવિત ઉકીલો | 29 |
| 3.4 | ઉપસંહાર | 37 |

# પ્રકરણ-૩

# જિલ્લામાં આદિવાસી વસ્તી અને તેમની મુખ્ય આર્થિક સમસ્યાઓ

**૩.૧ પ્રસ્તાવના:**

ગુજરાતની સ્થાપના સમયથી 1960થી પંચમહાલ જિલ્લો અસ્તિત્વ ધરાવે છે. તેમાં 1997માં દાહોદ જિલ્લો અને 2013માં મહીસાગર જિલ્લો વિભાજીત કરવામાં આવેલ, મહીસાગર જિલ્લો ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૩એ પંચમહાલ અને ખેડામાંથી છુટો પડ્યો હતો. ખેડા જિલ્લામાંથી બાલાસિનોર અને વિરપુર તાલુકાઓ વિભાજીત થઈ નવા મહીસાગર જિલ્લામાં જોડાયા, જ્યારે ગળતેશ્વર નવો તાલુકો બની ખેડા જિલ્લામાં રહ્યો.પંચમહાલ જિલ્લામાંથી લુણાવાડા, ખાનપુર, કડાણા અને સંતરામપુર તાલુકાઓનો સમાવેશ આ નવા બનેલા જિલ્લામાં થયો છે.

**૩.૨ મહીસાગર જિલ્લાની તાલુકા અનુસાર વસ્તી વિષયક લાક્ષણીકતા:**

મહીસાગર ની વસ્તીગીચતામાં જિલ્લામાં વધારો થયો છે. ગુજરાતની વસ્તીગીચતા 2011ની વસ્તી ગણતરી અનુસાર 308 હતી જયારે મહીસાગર ની રાજ્ય કરતા વધુ છે. દાયકામાં વસ્તીના લૈંગિક દરમાં સુધારો થયો છે રાજ્યની તુલનામાં જિલ્લાનો આ દર વધુ ઊંચો છે, બાળકોમાં આ સ્થિતિ પણ રાજ્યની તુલનામાં સારી કહી શકાય, કેમ કે ગુજરાતનો બાળ લૈંગિક દર 2011 વસ્તી ગણતરી પ્રમાંણે 890 છે જે આ જિલ્લામાં 931 છે, જો કે દાયકામાં તેમાં ઘટાડો થયો છે. અક્ષરજ્ઞાનના દરમાં દાયકામાં સુધારો થયો છે, જો કે રાજ્યની તુલનામાં ઓછું છે.
શહેરીકરણની દ્રષ્ટિએ દાયકામાં થોડો વધારો થયો છે; જો કે તે કેટલાક વિસ્તારો પુરતો સીમિત છેએવા પણ તાલુકા છે જે સંપૂર્ણ ગ્રામીણ વસ્તી ધરાવે છે.

મહીસાગર જિલ્લામાં જમીન વિભાજન :

મહીસાગર જિલ્લામાં ૬ તાલુકાઓનો સમાવેશ થાય છે.લુણાવાડા, ખાનપુર, કડાણા, સંતરામપુર, બાલાસિનોરન વિરપુર નો સમાવેશ થાય છે.

જિલ્લામાં જમીનના ઉપયોગની તરાહ સ્પષ્ટ છે. મહીસાગર માં કૃષિક્ષેત્ર આજીવિકાનો સૌથી અગત્યનો સ્રોત છે. જો કે એક કરતા વધુ વખત પાક લેવાતી જમીનનું પ્રમાણ ઠીક-ઠીક પ્રમાણમાં જોવા મળે છે.

જિલ્લામાં જંગલનું પ્રમાણ 28 ટકા જેટલું છે, જે રાજ્યના કુલ જંગલમાં નોંધપાત્ર પ્રમાણ છે. ગૌચરની જમીનનું પ્રમાણ પણ ઊંચું છે. બિનખેતી વિષયક ઉપયોગમાં લેવાતી જમીનનું પ્રમાણ કુલ જમીનનું પ્રમાણ ઘણું નીચું છે.

આદિવાસી તાલુકામાં જમીન વિભાજન

મહીસાગર જિલ્લાના તાલુકાઓમાં અનુસૂચિતજન જાતિનું પ્રમાણ :

મહીસાગર જિલ્લાના છ તાલુકા પૈકી કુલ વસ્તીમાં અનુસૂચિત જનજાતિના પ્રમાણને જોતાં જીલ્લામાં આદિવાસી વસ્તીનું પ્રમાણ નોધનીય છે. જો કે જીલ્લાના આદિવાસી વિસ્તારોમાં વસતા આ આદિવાસી સમુદાયો આર્થિક વિકાસના માર્ગે રાજ્યના અન્ય પ્રદેશના આદિવાસીની તુલનામાં ઠીક-ઠીક પ્રમાણમાં પ્રગતિશીલતા ધરાવે છે.

ગુજરાત રાજ્યમાં લૈંગિક દર 2011 પ્રમાંણે 919ની તુલનામાં મહીસાગર જિલ્લાનો ઊંચો છે અને દસકમાં સુધારો થયો છે. આદિવાસી તાલુકામાં જિલ્લાની તુલનામાં લૈંગિક દર નીચો છે; જો કે ઘણા તાલુકાઓમાં દસકમાં લૈંગિક દરમાં વધારો થયો છે, જયારે તે સિવાયના તાલુકાઓમાં દશકમાં ઘટાડો થયો છે. અલબત્ત, રાજ્યના દર કરતા આદિવાસી જીલ્લાનો લૈંગિક દર ઊંચો છે.

મહીસાગર જિલ્લા ના આદિવાસી તાલુકાઓમાં રાજ્યની કુલ વસ્તી કરતા એટલેકે રાજ્યની સરેરાસ કરતા અનુસૂચિત જનજાતિ વસ્તીમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ પ્રમાણમાં ઊંચું છે. મહીસાગર જિલ્લાની અનુસૂચિત જનજાતિના અક્ષરજ્ઞાનમાં દાયકામાં નોંધપાત્ર પરિવર્તન થયું છે વિશેષ કરીને સ્ત્રીઓના અક્ષરજ્ઞાનના દરમાં વધારો થયો છે કુલ અક્ષરજ્ઞાન દરમાં પણ નોધપાત્ર વધારો થયો છે. આદિવાસી જીલ્લાના એક બે તાલુકાઓમાં અક્ષરજ્ઞાનનો દર ઘણો જ નીચો છે, જોકે દશક દરમિયાન તેમાં નોંધપાત્ર વધારો થયો છે કુલ અક્ષરજ્ઞાન દર 19.05નો વધારો થયો છે. સ્ત્રીઓના અક્ષરજ્ઞાન દરમાં બમણા કરતા વધુ વધારો થયો છે.

કુદરતી સંસાધનો અને આંતરમાળખું :

મહીસાગર જિલ્લો વિકાસની દ્રષ્ટિએ હજુ પાછળ હોવા છતાં જિલ્લો કુદરતી સંસાધનોના સંદર્ભે વૈવિધ્યપૂર્ણ છે અને આ સંસાધનોનો ઉપયોગ મર્યાદિત છે. આ જિલ્લો મોટાભાગે પહાડી અને પથરાળ ભૂગોળ ધરાવતો પ્રદેશ છે. નાના નગરોને બાદ કરતા ઘણો મોટો ભાગ જંગલ અને પથરાળ પ્રદ્દેશથી આચ્છાદિત છે.

ખેતી લાયક જમીન માત્ર નદીની નજીકના ગામોમાં જ છે

મહીસાગર જિલ્લોનો 685.76 ચો.કિમી વિસ્તાર જંગલથી આચ્છાદિત છે, જે જિલ્લાના કુલ વિસ્તારના 21.26 ટકા છે. ખાસ કરીને મહીસાગર ના જંગલો સુકા પાનખર પ્રકારના છે. જિલ્લામાં ઘણા તાલુકાઓમાં વન વિસ્તાર પણ આવેલ છે. 1990માં જાંબુઘોડાના 130.38 ચો,કિમી વિસ્તારને જંગલી પ્રાણી અભ્યારણ્ય તરીકે જાહેર કરવામાં આવેલ ત્યાં આહારશૃંખલામાં સૈથી ઉપર રહેતા પ્રાણી દીપડાની સંખ્યા સતત વધી રહી છે, સાથે સાથે ત્યાં જંગલી ભૂંડ, નીલગાય, શિયાળ, હરણ, ચૌશિંગા વગેરેનું પ્રમાણ પણ ઠીક-ઠીક પ્રમાણમાં છે.

પાણી: મહી નદી મધ્ય ગુજરાતના મહીસાગર  જિલ્લામાંથી પસાર થાય છે, તેથી તે જીલ્લાના પાણીનો મુખ્ય સ્રોત કહી શકાય તે પશ્ચિમ ભારતની મોટી નદીઓ પૈકી એક છે. તેની કુલ લંબાઈ 583 કિમી અને આવરિત વિસ્તાર (કેચમેન્ટ) 34,842 ચો.કિમી છે. જે મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત થઇ ખંભાતના અખાતમાં મળે છે. તેમ જ ભાદર જમણી બાજુ અને પનામાં, કુન, અને ગોમાં ડાબી બાજુથી મહીને મળે છે. મહી નદી પર વણાકબોરી ખાતે કડાણા ડેમ બનાવેલ છે તેનો આવરિત વિસ્તાર 25,520 ચો.કિમી છે.

મહીસાગર  જિલ્લામાં રસ્તા અને વાહનવ્યવહાર:

મહીસાગર  જિલ્લોમાં જમીન માર્ગ જ શક્ય છે. જળ માર્ગ અત્યંત માર્યાદિત પ્રમાણમાં છે. હવાઈ માર્ગ જિલ્લામાં પ્રાપ્ય નથી. તેથી રેલ્વે અને રસ્તા બે જ પરિવહન માધ્યમ છે. વસ્તુ અને માનવના પરિવહન માટે આ સમસ્યાના નિવારણ માટે સરકારે માંર્ગ પરિવહનની વ્યવસ્થા ઉભી કરી છે. પંચવર્ષીય યોજનાઓમાં મોટી રકમ ફાળવવામાં આવેલ છે. તેમજ બસ દ્વારા જિલ્લના વિવિધ ગ્રામીણ વિસ્તારને જોડવાનો પ્રયત્ન કરેલ છે.

જમીન માર્ગ: જિલ્લામાં રસ્તાની કુલ લંબાઈ 4,816.87 કિમી છે. રાજ્યના પાટનગર ગાંધીનગરથી મહીસાગર લગભગ 150 કિમી છે. રાજ્ય ધોરીમાંર્ગ  જિલ્લામાંથી પસાર થાય છે, જે જિલ્લાને અમદાવાદને જોડે છે.  ઇન્દોર પહોંચતો . રાષ્ટ્રીય ધોરી માંર્ગ 8  ગોધરાથી પસાર થાય છે, જે જિલ્લાના મુખ્ય મથક લુંનાવાદાને રાષ્ટીય ધોરીમાર્ગ સાથે જોડે છે. દાહોદ રાજ્ય ધોરીમાંર્ગ 4 પણ જિલ્લાને નજીક માંથી પસાર થાય છે. આમ, જિલ્લામાં રસ્તાનો વિકાસ વર્તમાન સમયમાં સારો છે.

જીલ્લાના અંતરિયાળ પ્રદેશના આજે પણ કેટલાક વિસ્તાર  જમીન માંર્ગથી પણ જોડી શકયો નથી, તેની શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગાર પર નકારાત્મક અસર પડી શકે છે.

સંદેશવ્યવહાર: મહીસાગર જીલ્લાના  આદિવાસી તાલુકાઓ માં ઘણા ગામો એવા છે જે ગામ આજે પણ સંદેશાવ્યવહારની સુવિધા રહિત છે, જોકે સેલફોનના આગમને તેમાં સુધારો થયો છે પરંતુ તેમાં પણ નેટવર્ક દરેક વિસ્તારમાં પહોચાડી શકાયું નથી વળી અંતરિયાળ વિસ્તારોમાં તે પ્રશ્ન વિશેષ છે.

કૃષિ: મહીસાગર માં કૃષિ મોટાભાગના લોકોની આજીવિકા માટેનો મહત્વનો સ્રોત છે. એક અંદાજ અનુસાર અનુસાર કામકરતા લોકોમાં 80 ટકા લોકો આજીવિકા માટે કૃષિક્ષેત્રે આધારિત છે. જયારે આ આકડાની રાજ્ય સરેરાસ સાથે તુલના કરવામાં આવે તો , ગુજરાતની કુલ કામકરતી વસ્તીના 49.61 ટકા લોકો જ કૃષિ ક્ષેત્રે રોજગાર મેળવે છે.

મહીસાગર  જિલ્લામાં કૃષિ ઉત્પાદન મુખ્યત્વે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા પર આધારિત છે, તેમજ હવામાંનની લાક્ષણિકતાના આધારે મધ્ય ગુજરાત પેટા અગ્રોકલાઈમેટીક ઝોનમાં વિભાજીત છે. મહીસાગર  જિલ્લામાં મુખ્ય ધાન્ય પાકો ચોખા, મકાઈ, અને ઘઉં છે, તેમજ કઠોળ, તેલીબિયાં અને અખાદ્ય પાકો પણ અહી ઉત્પન્ન થાય છે. મોટા બંધો ના સાનિધ્યમાં આ જીલ્લો ઠીક-ઠીક

પ્રમાણમાં કૃષિ ક્ષેત્રે પ્રગતિ કરવામાં સફળતા પ્રાપ્ય કરી શક્યો છે. જીલ્લાની ખેતીની સફળતામાં આદિવાસી સમુદાયની સફળતા પણ નોધપાત્ર છે.

અખાદ્ય પાકોનો વાવેતર વિસ્તાર: મહીસાગર માં અખાદ્ય પાકોમાં મુખ્યત્વે કપાસ, ખાદ્ય તેલીબિયામાં સોયાબીન મુખ્ય છે. સાથે સાથે તલ અને મગફળીનું ઉત્પાદન પણ થોડા પ્રમાણમાં જોવા મળે છે. રાઈનું ઉત્પાદન જિલ્લામાં કેટલાક તાલુકામાં છે. ઘણા પાકો આદિવાસી તાલુકામાં પ્રચલન ધરાવતા નથી. અખાદ્ય તેલીબિયામાં એરંડા જ છે, અખાદ્ય પાકોમાં તમાકુ અને ઘાસચારાની ખેતી થાય છે.

મહીસાગર જિલ્લામાં અખાદ્ય પાકોમાં ઘાસચારાનું પ્રમાણ સૌથી વધુ છે. તમાકુનું પ્રમાણ માર્યાદિત છે બાકીના પ્રદેશમાં માત્ર ઘાસચારાનું વાવેતર થાય છે. જે પશુપાલનનું ઊંચું પ્રમાણ દર્શાવે છે, બીજું ઉત્પાદન કપાસનું છે. ખાદ્ય તેલીબિયામાં સોયાબીન, મગફળીનું ઉત્પાદન વધુ છે. તલ અને રાઈ કેટલાક જ તાલુકામાં થાય છે.ઉપરોક્ત પાકો પૈકીના ઘણા પાકોમાં જીલ્લાના આદિવાસીઓ નોધપાત્ર પ્રગતિ સાથી શક્ય છે.

કુલ વાવેતર વિસ્તારના મોટા પ્રમાણમાં પિયત સગવડ હોવાથી ત્યાં આ પાક લેવા વધુ શક્ય બને છે, પાકનું વૈવિધ્ય પણ જુદા પ્રકારનું છે. ઓછા પાણીના પાકો કઠોળ અને અરંડા વધુ છે, વળી પશુપાલનના કારણે ઘાસચારાનું પ્રમાણ પણ જીલ્લમાં વધુ છે.

મહીસાગર માં પાકતરાહમાં આવેલ પરિવર્તનો વર્ષ 2014-15ની તુલનામાં અનાજ-કઠોળના ઉત્પાદનમાં વિશેષ તફાવત નથી, પરંતુ અન્ય ખાદ્ય પાકો અને અને અન્ય અખાદ્ય પાકોમાં નોંધપાત્ર વધારો થયો છે. અન્ય ખાદ્યપાકોમાં ફળ, ફૂલના વાવેતરમાં વધારો થયો છે. તેમજ અન્ય અખાદ્ય પાકોમાં કપાસના વાવેતરમાં ફેરફાર ઓછો છે, જયારે પશુઓના ઘાસચારાના વાવેતરમાં નોંધપાત્ર વધારો થયો છે.

પાકતરાહમાં પરિવર્તન પાક તરાહમાં 2014-15થી 2017-18 સુધીમાં નોંધપાત્ર ફેરફાર થયા છે. તમામ પાકના વાવેતર વિસ્તારમાં વધારો થયો છે. ખાસ કરીને અખાદ્યપાકનું પ્રમાણ અનાજના ઉત્પાદનથી પણ વધુ છે. તેમાં પશુપાલન માટે ઘાસચારામાં અને કપાસના ઉત્પાદનમાં વધારો થયો છે વળી, આ વિસ્તારમાં અન્ય ખાદ્ય પાકોમાં ફળ અને ફૂલની ખેતી 2014-15માં હતી જ નહી; તે શરુ થઇ અને તેનું પ્રમાણમાં વધારો થયો છે. તેલીબિયાના ઉત્પાદનમાં વધારો થયો, જયારે કઠોળના ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો છે. જીલ્લમાં પિયતની સુવિધા ઊંચા પ્રમાણમાં હોવાથી બગયાતપાકોનું પ્રમાણ વધ્યું છે.

મહીસાગર જિલ્લાના અને આદિવાસી તાલુકામાં સિંચાઈનું પ્રમાણ: જિલ્લામાં એકંદરે વરસાદનું પ્રમાણ સંતોષકારક છે, જો કે જિલ્લામાં અને આસપાસના વિસ્તારમાં વિવધ નહેર, વિવધ ડેમ સિચાઈના મુખ્ય સ્રોત છે. મહીસાગર જિલ્લાનો ચોખ્ખો સિંચિત વિસ્તાર તુલનાત્મક રીતે વધારે છે. કુલ વાવેતર વિસ્તારના ઘણા મોટા વિસ્તારને સિંચાઈનો લાભ મળેલ છે. આ ઉપરાંત જિલ્લામાં ખેતીલાયક વાવેતર વિસ્તાર પૈકી ઘણા મોટા વિસ્તારમાં આધુનિક સિંચાઇ વ્યવસ્થા પ્રગતિશીલ ખેડૂતો દ્વારા અપનાવવામાં આવેલ છે. જિલ્લો જ્યાં પાણીની અછત છે તે વિસ્તારોમાં અચતના ના કારણે ટપક સિંચાઈ વ્યવસ્થા અપનાવવામાં અગ્રસર રહ્યો છે.

સિંચાઈ વ્યવસ્થા: જિલ્લામાં નહેર સિવાય તળાવ, ચેકડેમ, અને ખેત તળાવ દ્વારા પણ સિંચાઈ કરવામાં આવે છે. મહીસાગર  જિલ્લામાં કુલ વાવેતર વિસ્તારના મોટા ભાગમાં જમીન સિંચિત છે, તેમાં નહેર અને કૂવા દ્વારા થતી સિંચાઈ સૌથી વધુ છે.

મહીસાગર  જિલ્લા અને આદિવાસી તાલુકામાં કૃષિક્ષેત્રે યાંત્રીકરણ : રાજ્ય દ્વારા શરૂ કરાયેલી વિવિધ યોજનાઓ પૈકી એજીઆર 50  યોજનામાં ખેડૂતોને ટ્રેક્ટર દ્વારા ખેતી કરવા માટે 2017-18ના વર્ષમાં રૂપિયા 78 લાખ ફાળવવામાં આવેલ તેમાં 173 ખેડૂતો ખાતેદારોને સહાય ફાળવવામાં આવેલી હતી. તેમ જ ખેડૂતોને વિવિધ સાધન સહાય સીધી પહોચાડી શકાય તેના માટે આઈ.ખેડૂત.પોર્ટલ. યોજના હેઠળ પાત્રતા ધરાવતા કુલ 1787 ખેડૂતોને રૂપિયા 201.89 લાખની સહાય ચૂકવવામાં આવી હતી. સંકલિત બાગાયત વિકાસ માટેના કાર્યક્રમ માટેની યોજના હેઠળ શાકભાજી પાકના મંડપ, પાક સંરક્ષણના સાધનો, મીની ટ્રેક્ટર અને ટપક સિંચાઇ માટેના પાણીના ટાંકા માટે વર્ષ 2017-18 માં 471 ખેડૂતોને રૂપિયા 50.07 લાખની સહાય ચૂકવવામાં આવી હતી.

રાષ્ટ્રીય બાગાયતી મિશન હેઠળ મહીસાગર  જિલ્લાના ખેડૂતોને ખેતરમાંથી ઉતારેલ ફળ, અને શાક્ભાજીને અલગ કરવા, ગુણવત્તા અનુસાર ક્રમ આપવા અને તેને વેચાણ માટે તૈયાર કરવા વર્ષ 2017-18મા 3100 લાભાર્થીઓને રૂપિયા 236.76 લાખની સહાય ચૂકવવામાં આવી.

મૂલ્યવૃદ્ધિ: મહીસાગર  જિલ્લામાં ખેતપેદાશોના મૂલ્યવૃદ્ધિ કરતા ઉત્પાદક એકમોમાં ખાદ્ય બનાવટોનું ઉત્પાદન કરતા ઘણા કારખાના પૈકી વર્તમાનમાં થોડા  કારખાના ચાલુ અને અન્ય કારખાના બંધ છે.

જમીન માલિકીનું સ્વરૂપ: જીલ્લાના આદિવાસી તાલુકાઓની ની કુલ વસ્તીમાં આદિવાસી વસ્તીનું પ્રમાણ ઉંચી ટકાવારિમાં છે, જયારે ખેડાણ હેઠળની કુલ જમીનના તુલનાત્મક રીતે ઘણા ઓછા ટકા વિસ્તારની માલિકી આદિવાસીઓ ધરાવે છે. તેમાં મોટા જમીનધારકોમાં લગભગ ૩૦ ટકા જયારે સીમાંત અને નાના જમીનધારકોનું પ્રમાણ પણ બાકીની માલિકી માટે ની ટકાવારી દર્શાવે છે.

આદિવાસીઓનું પ્રમાણ કુલ વસ્તીના લગભગ 40 ટકા છે, જે ખેતીલાયક જમીનના લગભગ ૩૦ ટકા વિસ્તારની માલિકી ધરાવે છે. કુલ આદિવાસી જમીનધારકોમાં સીમાંત ધારકો સૌથી વધુ છે જયારે મોટા ખેડૂતોમાં આદિવાસીઓનું પ્રમાણ માર્યાદિત માત્રામાં જ છે.  બિન આદિવાસી તાલુકાની તુલનામાં આદિવાસી તાલુકાઓમાં સિંચિત વિસ્તાર વધુ છે તો ત્યાં આદિવાસીઓમાં જમીન માલિકીનું પ્રમાણ ખુબા જ ઓછું છે.

જમીનવિહોણા ખેતમજૂરો: મહીસાગર  જિલ્લામાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC)ના કારણે નાના મોટા ઔદ્યોગીક ઉત્પાદક એકમો ચાલે છે, પરંતુ તેમાં પણ રોજગાર મેળવવા માટે ચોક્કસ પ્રકારના કૌશલ્યોની ગેરહાજરી હોવાથી આદિવાસી યુવાઓ આજીવિકા માટે કૃષિ ક્ષેત્ર પર નિર્ભર છે. પરંતુ આદિવાસીઓમાં તમામ લોકો જમીન ધરાવતા ન હોવાથી એક મોટ્ં જૂથ જમીનવિહોણું પણ ખેતીક્ષેત્રે મજૂરી કરનારૂં છે, મહીસાગર  જિલ્લામાં ખેતમજૂરીમાં પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનું પ્રમાણ વિશેષ છે. તે બાબત જિલ્લા અને તાલુકા સ્તરે સમાન છે.

જીલ્લામાં ખેતમજૂરીમાં સ્ત્રીઓનું પ્રમાણ પુરુષો કરતા લગભગ બેગણા જેટલું વધુ જોવા મળે છે. તેનું એક કારણ પુરુષ શ્રમિકોનું સ્થાનાન્તાર્ણ હોવાથી પુરુષો દુરના પ્રદેશોમ રોજગાર મેળવે છે, જયારે સ્ત્રીઓ સ્થાનિક સ્તરે કૃષિક્ષેત્રે રોજગાર મેળવે છે.

પશુપાલન, ડેરી અને મત્સ્યપાલન: મહીસાગર  જિલ્લામાં પશુઓનાં પ્રમાણમાં 2003થી 2007 સુધી કુલ પશુઓના પ્રમાણમાં કોઈ ફેરફાર નથી, પરંતુ 2007થી 2012 સુધીમાં તેમાં નોધપાત્ર વધારો થયો છે.  તેમ જ કુલ મરઘા-બતકાની  સંખ્યામાં પણ વધારો થયો છે. પશુપાલનના ક્ષેત્રમાં આ વિસ્તારમાં સારો અવકાશ છે, તે અંગે રાજ્ય દ્વારા પણ વિવિધ યોજના હાથ ધરવામાં આવેલ છે.  મહીસાગર  જિલ્લામાં સૌથી ઓછું પશુધન આદિવાસી તાલુકાઓમાં છે, જયારે તેની તુલનામાં બિનઆદિવાસી તાલુકાઓમાં પશુધનનું પ્રમાણ વધુ છે. આદિવાસી તાલુકાઓમાં દેશી ગાયનું પ્રમાણ વધારે છે, જયારે સંકર પશુઓનું પ્રમાણ ઓછું છે અને વિદેશી પશુ અને ભેંસનું પ્રમાણ પણ ઓછું છે.

મહીસાગર  જિલ્લામાં સહકારી ડેરી વિકસી છે, પરંતુ આખા જિલ્લામાં ડેરીના વિકાસ સાથે પશુપાલન માટેની સંસ્થાઓમાં પશુચિકિત્સાલય પણ આવેલા છે, જે પશુઓના રસીકરણના કામ પશુ સારવાર અંગેના કામ કરે છે. દૂધ ભરાવતા સભ્યોની સંખ્યા અને દૂધના ઉત્પાદનની માત્રા આદિવાસી તાલુકાઓમાં બિન આદિવાસી તાલુકાની સરખામણી માં ઘણી નીચી છે. વાર્ષિક દૂધનો જથ્થો પણ આ પ્રમાણે બિન આદિવાસી લાલુકોમાં આદિવાસી તાલુંમાની સરખામણીમાં ઘણો ઊંચો છે. પરંતુ આદિવાસી પ્રદેશોમાં દૂધની બનાવટોમાં મોટા પ્રમાણમાં નિયમિત બજાર પુરવઠા તરીકે કશું જ બનતું નથી જો દૂધની વિવિધ બનાવટો અંગે નાના પાયા પર તાલીમ આપવામાં આવે તો આદિવાસી સમુદાયોમાં દુધના મૂલ્ય વૃદ્ધિની પ્રવૃત્તિ હાથ ધરી શકાય.

મરઘાબતકા ઉદ્યોગ: મહીસાગર  જિલ્લામાં મરઘાબતકા ઉછેર પરંપરાગત રીતે થતો આવ્યો છે. કૃષિક્ષેત્ર સંલગ્ન પ્રવૃત્તિ પૈકી આ પ્રવૃત્તિ આવકના એક સ્રોત તરીકે વિવિધ તાલુકાઓમાં પ્રસરી છે. આદિવાસી તાલુકાઓની પશુધન ગણતરીમાં મરઘાબતકાની સંખ્યામાં ઘણા ઉતાર-ચઢાવો નોધાયા કરે છે., જયારે આદિવાસી પ્રદેશોમાં પણ ગાય-ભેસની સંખ્યામાં ઠીક-ઠીક વધારો થયો છે જોકે મહીસાગર જીલ્લાના આદિવાસી વિસ્તારોમાં મરઘા બતકાનો ઉછેર પરંપરાગત રીતે ચાલે છે અહી વૈજ્ઞાનિક ઢબે વ્યવસાયિક ધોરણે થતો પોલ્ટ્રી ઉદ્યોગ અત્યંત માર્યાદિત છે.

મત્સ્યઉદ્યોગ: મહીસાગર  જિલ્લામાં દરિયાઈ વિસ્તાર એક પણ નથી પણ જુદા જુદા જળસ્રોતમાં કેટલાક પ્રમાણમાં માછીમારી કરવામાં આવે છે. સમગ્ર જિલ્લામાં માછીમારી કરતી કુલ વસ્તી ઘણા ઊંચા પ્રમાણમાં છે.  પૂર્ણ સમય માટે વ્યવસાય તરીકે માછીમારી કરતી વસ્તી સમગ્ર જિલ્લામાં અલ્પ માત્રામાં નોધાયેલ છે. પૂર્ણ સમય માટે માછીમારી કરતી વસ્તી મુખ્યત્વે મોટા જળ સ્ત્રોત ની આસપાસ છે, જયારે.  માછીમારીના વાહનમાં માત્ર બિન યાંત્રિક હોડીનો ઉપયોગ થાય છે. વળી અહી જીલ્લામાં માછીમારીની સહકારી મંડળીઓ નો પણ વિકાસ થયેલો છે, મત્સ્યઉદ્યોગના આનુષંગિક ઉદ્યોગોમાં આદિવાસી જિલ્લામાં કોઈ ઉદ્યોગ નથી. તેથી આદિવાસી જિલ્લાઓમાં માછીમારી એક ગૌણ વ્યવસાય તરીકે કરવામાં આવે છે.

ખાણ અને ખનીજ: મહીસાગર  જિલ્લો ગુજરાતમાં ખાણ-ખનીજ ક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવે છે. જિલ્લાનો ભૌગોલિક ભૂ-ભાગ ટેકરિયાળ અને ખડકાળ છે. ખડક મુખ્યત્વે ચણતર માટે પથ્થર, કપચી, રેતી જેવા નિક્ષેપો પુરા પાડે છે, અહીં મુખ્ય ખનીજનું પ્રમાણ ઓછું છે, જયારે ગૌણ ખનીજ વધારે માત્રમાં મળે છે. તેમાં પણ બ્લેક ટ્રેપ અને સાદી રેતી વિશેષ પ્રાપ્ત થાય છે. સમગ્ર જિલ્લામાં ખાણ-ખનીજના ઘણા એકમો છે.

ગૃહ/કુટીરઉદ્યોગ, નાના ઉદ્યોગ: મહીસાગર જીલ્લાના ઔદ્યોગિક વસાહતો સફળતાથી વિકસી છે; અહી GIDC કાર્યરત છે નાના ઉદ્યોગમાં મુખ્ય મૂડીરોકાણ મશીનના સાધનોમાં થયેલું છે અને ઉત્પાદકોની સંખ્યા મુખ્યત્વે બિન આદિવાસ્સી તાલુકામાં છે,

**૩.૩ જીલ્લાની આર્થીક સમસ્યાઓ અને તેના સંભવિત ઉકીલો**:

પ્રદેશના આર્થિક વિકાસ આડે ના પ્રશ્નો નીચે મુજબ ચર્ચા કરી શકાય.

આદિવાસી વિસ્તારોની રૂબરૂ મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે અહીંના આર્થિક પ્રશ્નો માત્ર આર્થિક સ્વરૂપ ન ધરાવતા સામાજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષમાં વણાયેલા છે. પ્રદેશની ગરીબી માત્ર આર્થિક સ્વરૂપ ન ધરાવતા તેની નિસબત સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો ઉપર પણ છે. તેથી પ્રદેશની ગરીબીને માત્ર આર્થિક બિંદુથી જોવું તે ભૂલ રહેશે.

નીચે મુજબની મુખ્ય વિકાસ અંતરાયો સમૂહ ચર્ચા અને પ્રદેશના પ્રત્યક્ષ મુલાકાત દ્વારા જાણવા મળી.

માળખાગત સુવિધાઓની અછત: એક વિકાસશીલ રાષ્ટ્ર તરીકે ભારતના પ્રત્યેક રાજ્ય અને રાજ્યના પ્રત્યેક વિસ્તારમાં માળખાગત સુવિધાઓની અછત વધતે ઘટતે આવશે જોઈ શકાય છે. પરંતુ આદિવાસી વિસ્તારોમાં અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતના અંતરિયાળ છેવાડાના આદિવાસી વિસ્તારોમાં કે જ્યાં જંગલ વિસ્તાર અને ડુંગરાળ પ્રદેશ હોય અહીં આંતર માળખાકીય સુવિધાઓની બહુ જ મોટા પ્રમાણમાં અછત જોવા મળે છે. આંતરમાળખાકીય સુવિધાઓની અછતને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય.

1. રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્ક: ગુજરાતના પૂર્વ પટ્ટીના અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં રેલવે વ્યવહાર ના બરાબર છે. વળી અહીં રોડ અને રસ્તાઓનું માળખું પણ અત્યંત મર્યાદિત છે. જોકે વસ્તી અહીંયા છૂટી છવાઈ હોય પ્રત્યેક વસ્તીને રોડ રસ્તાથી જોડવી અને તેમાં પણ ડુંગર પ્રદેશમાં રસ્તાઓનું રખ રખાવ કરવો અત્યંત ખર્ચાળ સાબિત થાય છે. આવા સંજોગોમાં રોડ રસ્તાઓની અછતના પરિણામે આદિવાસી સમાજમાં વિકાસના વિકલ્પો અત્યંત મર્યાદિત થઈ જાય છે. દૂરના વિકસિત સમાજની સંપર્કમાં આવી વિકાસની પ્રક્રિયાને વેગવંતી બનાવવી આદિવાસીઓ માટે કોઈ સહજ બાબત નથી. જ્યાં જાહેર માર્ગ મકાન અને જાહેર પરિવહનની સુવિધાઓ અત્યંત મર્યાદિત હોય ત્યાં સ્થાનિક સમાજ દ્વારા દૂરના વિકસિત સમાજ સાથેનો સંપર્ક અત્યંત મર્યાદિત થઈ જાય છે. આ સંજોગોમાં વિકાસ માટેની પ્રેરણાઓ આ અંતરિયાળ સમાજને ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં મળી રહી છે. સંસાધનો વિપુલ પ્રમાણમાં હોવા છતાં તેને વિકાસ માટે પ્રયોજવા અહીં ઘણા જ મુશ્કેલ છે. ઉત્પાદનની નવી ટેકનોલોજી અને ઉત્પાદનને નવા

બજારો સુધી પહોંચાડવું રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્કની અછતના કારણે ઘણું દુષ્કર પુરવાર થઈ રહ્યું છે. રોડ રસ્તા ની અછત અહીંની પ્રવાસન સંભાવનાઓને પણ ઘણી મર્યાદિત બનાવી રહી છે વળી. રોડ રસ્તાઓની અછત અહીંના શિક્ષણ અને સ્વાસ્થ્યને પણ ખૂબ જ નકારાત્મક રીતે પ્રભાવિત કરી રહી છે.

2. શિક્ષણ અને સ્વાસ્થ્યસુવિધાઓની મર્યાદાઓ: દુર અંતરિયાળ પ્રદેશ ઉપર જણાવવાનું છે રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્ક વિહોણો હોય અહીં છૂટી છવાઈ વસ્તીમાં શિક્ષણ અને સ્વાસ્થ્યના પ્રશ્નો પણ અત્યંત વિગત બને છે અહીં શિક્ષણ અને સ્વાસ્થ્ય ની આકૃતિ કરનાર કેળવાયેલ કર્મચારીગણ એટલે કે શિક્ષકો અને તબીબી કર્મચારીઓ આ અંતરિયાળ પ્રદેશમાં પોતા ની ફરજ માટે ઉદાસીનતા દાખવે છે. વળી જે મર્યાદિત શિક્ષણ અને સ્વાસ્થ્યની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે તેનો પણ અવિરત પ્રવાહ મેળવો અત્યંત મુશ્કેલ પડે છે, કારણ કે રોડ રસ્તા અને સંપર્કોની મર્યાદિત સુવિધાઓને કારણે રોજબરોજ આ સેવાઓમાં વિવિધ પ્રકારની ખલેલો ઉદભવે છે ક્યારેક કર્મચારીગણ સમયસર ફરજ ઉપર ઉપસ્થિત નથી થઈ શકતા તો ક્યારેક વસ્તુઓનો સપ્લાય સમયસર મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે આ પરિસ્થિતિને લઈને અહીં શિક્ષણ અને સ્વાસ્થ્યનું સ્તર તુલનાત્મક રીતે નીચું જોવા મળે છે.
3. સિંચાઈની સુવિધાઓ: ગુજરાત રાજ્યની પૂર્વમાં સરહદી વિસ્તારોમાં આવેલ આદિવાસી સમુદાયની જમીન તેની વિપરીત ભૂગોળના કારણે સિંચાઈની અછત અનુભવી રહી છે. અહીં વરસાદનું પ્રમાણ ખાસ કરીને મધ્ય ગુજરાતના પૂર્વ ભાગો અને દક્ષિણ ગુજરાતના વિવિધ આદિવાસી તાલુકાઓમાં સવિશેષ હોવા છતાં અહીં ખેતી માટે બાર મહિનાની સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરાવવી ઘણી મુશ્કેલ સાબિત થઈ રહી છે. અહીંની ભૂગોળ પ્રમાણે ડુંગરાડ પ્રદેશોમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવો અને સંગ્રહ કરેલ પાણીને નહેર દ્વારા વિવિધ ઉબડખાબડ પ્રદેશોની વચ્ચે આવેલ ખેતરોમાં પહોંચાડવું ટેકનિકલ રીતે પણ ઘણું ખર્ચાળ સાબિત થાય છે, અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા દસકાઓ દરમિયાન નાની સિંચાઈ પૈકી વિવિધ ખેત તલાવડીઓ અને ચેકડેમ, બોરી બંધ વગેરે પ્રદેશની સિંચાઈ સમસ્યામાં થોડી ઘણી આવશે હળવાશ નું વાતાવરણ સર્જન કરી શક્યા છે. જોકે આ પ્રદેશની ખેતીને વધુ સમૃદ્ધ કરવું હોય તો એની ફળદ્રુપ જમીનને બાર મહિનાની સિંચાઈ પૂરી પાડીને ખૂબ જ મોટા પ્રમાણમાં કૃષિ ક્રાંતિનો અવકાશ રહેલો છે.
4. સંદેશા વ્યવહાર ની અછત ;ગુજરાતના આદિવાસી વિસ્તારો સદીઓથી અંતરિયાળ અને વણખેડાયેલા રહ્યા હતા. જેના પરિણામ સ્વરૂપે આજે પણ અહીં સંદેશા વ્યવહારની અછત જોવા મળે છે. આજના ડિજિટલ યુગમાં જ્યાં વિશ્વ આંખો ડિજિટલ ક્રાંતિ અને માહિતી ટેકનોલોજીના સહારે વિકાસના ઊંચા આપમાં ઉડાન ભરી રહ્યું છે, ત્યાં ગુજરાતના અંતરિયાળ આદિવાસી વિસ્તાર હજુ ઇન્ફર્મેશન ટેકનોલોજીના જોઈએ તેટલા પ્રમાણમાં લાભ મેળવવામાં અત્યંત મર્યાદિત પ્રમાણમાં સફળતા મેળવેલ છે. અત્રે એક વાત ઉલ્લેખનીય છે કે આદિવાસી સમાજમાં ડિજિટલ ટેકનોલોજી ખૂબ જ ઝડપથી લોકપ્રિય બની છે. વિસ્તારની અમારી પ્રત્યક્ષ મુલાકાતો દરમિયાન અમે જોયું કે અહીંના ગામોમાં અને ગામના પ્રત્યેક ઘરોમાં સ્માર્ટફોન હોવો એ અત્યંત સાહજિક બાબત છે. મનોરંજનના એક સાધન તરીકે પણ અહીં ડિજિટલ ટેકનોલોજી

ખૂબ જ ઝડપથી લોકપ્રિય બની છે. નવી પેઢીના આદિવાસી બાળકો આ ડિજિટલ ટેકનોલોજી સાથે દુનિયાની સાથે કદમથી કદમ મિલાવીને વિકાસ માટે સજ્જ થઈ રહ્યા છે. આ નવી પેઢીના આદિવાસી બાળકોને જો યોગ્ય સંદેશા વ્યવહારની સગવડો પૂરી પાડવામાં આવે અને તેમને વાજબી ભાવે ડિજિટલ ટેકનોલોજી પૂરી પાડવામાં આવે તો અહીં એક નવા જ પ્રકારની ડિજિટલ ક્રાંતિનો અવકાશ છે.

5. મત્સ્ય પાલન પ્રવૃત્તિ: ગુજરાતના પૂર્વ પટ્ટીના આદિવાસી તાલુકાઓમાં ઇન લેન્ડ ફિશિંગ ખૂબ મોટા પ્રમાણમાં સંભાવનાઓ ધરાવે છે ગુજરાતના મોટાભાગ ની મોટી સિંચાઈ યોજના માટેના બંધ આદિવાસી વિસ્તારોમાં આવેલા છે આ મોટા જળાશયો મત્સ્યપાલન માટે બહુ મોટી શક્યતાઓ ઊભી કરે છે. અહીં વર્તમાન સમયમાં પણ ઘણી મત્સ્ય પાલન પ્રવૃત્તિઓ અસ્તિત્વ ધરાવે છે પરંતુ અહીં ટેકનોલોજી અપગ્રેડ ન થઈ હોવાથી અને સંસાધનોની ખામીના કારણે તથા વ્યવસ્થાપનની મર્યાદાઓને કારણે મત્સ્યપાલન પ્રવૃત્તિ અત્યંત મર્યાદિત પ્રમાણમાં અસ્તિત્વમાં ધરાવે છે જો યોગ્ય ટેકનોલોજી નો વિસ્તાર કરવામાં આવે અને યોગ્ય મેનેજમેન્ટ પૂરું પાડવામાં આવે તો આ મત્સ્યપાલન પ્રવૃત્તિ અત્યંત વિસ્તૃત થઈ શકે તેવી સંભાવનાઓ છે. વળી આદિવાસી પ્રદેશોની અંદર નાના નાના ચેકડેમ પણ ખૂબ જ મોટા પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે અહીં પણ મત્સ્યપાલન પ્રવૃત્તિ પ્રારંભિક પરંપરાગત ટેકનોલોજી ની મદદથી થઈ રહી છે. જેની અત્યંત નીચી ઉત્પાદકતા છે. જો યોગ્ય બિયારણ પૂરું પાડવામાં આવે અને યોગ્ય પ્રમાણમાં ટેકનોલોજી પૂરી પાડવામાં આવે તો અહીં મત્સ્ય પાલન પ્રકૃતિ તે સ્થાનિક આદિવાસીઓમાં નિર્વાહનું એક બહુ મોટું વિકલ્પ સર્જન થઈ શકે તેમ છે.

6. પશુપાલન અને અન્ય ખેત આધારિત પ્રવૃત્તિઓ: ગુજરાતના અંતરિયાળ આદિવાસી જિલ્લાઓમાં પશુપાલન પ્રત્યે રાજ્યના અન્ય જિલ્લાની તુલનામાં અત્યંત નિરાશા જનક દેખાવ રહ્યો છે. જોકે સુરત વલસાડ મહીસાગર સાબરકાંઠા જેવા જિલ્લાઓમાં જે પશુપાલન અંતર્ગત પ્રગતિ થઈ છે તેમાં આદિવાસી સમુદાયનો હિસ્સો અત્યંત મર્યાદિત છે. આદિવાસી સમાજ અનાદિકાળથી પશુપાલન પ્રત્યે કોઈ ખાસ આકર્ષણ ધરાવતું નથી. શિકારી સંસ્કૃતિની નજીક રહેલ આદિવાસી સમુદાય માં પશુપાલન પ્રત્યે ઐતિહાસિક રીતે જ એક પ્રકારની નિરાશા રહેલી છે. જો કે વર્તમાન સમયમાં પ્રગતિશીલ સમાજની દેખાદેખી ની અસર હેઠળ આદિવાસી તાલુકામાં પણ ખૂબ જ ઝડપથી પશુપાલન પ્રત્યેનો અભિગમ બદલાઈ રહ્યો છે અને આદિવાસી સમાજ હવે પશુપાલન પ્રત્યે સજાક બન્યા છે. આદિવાસીના પશુપાલન પ્રકૃતિને અને મરઘા બચકા ઉછેર પ્રવૃત્તિને જો યોગ્ય ટેકનોલોજી અને જરૂરી સાધન સામગ્રી પૂરી પાડવામાં આવે તો તેમની પૂરક આજીવિકા માટે આ એક મજબૂત વિકલ્પ છે. બદલાતા આધુનિક સમયમાં મશરૂમ ઉછેર કેન્દ્ર, મધમાખી ઉછેર કેન્દ્ર વગેરે આજીવિકાના એવા વિકલ્પો છે જે આદિવાસી સમાજમાં અત્યંત ઝડપથી સ્વીકૃત પામશે અને તેમની આર્થિક પરિસ્થિતિના સુધાર માટે ખૂબ જ કારગત સાબિત થશે.

7. ગૃહ ઉદ્યોગ અને નાના પાયાનો ઉદ્યોગોનો વિકાસ: અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં આઝાદી સમયે એક પ્રકારનું નિર્વાહસ્તરનું જીવન પ્રવર્તમાન હતું.. દેશ અને રાજ્ય આઝાદી બાદના

ત્રણેક દસકા દરમિયાન ઠીક ઠીક પ્રમાણમાં આ નિવાહ સ્તરમાંથી પ્રગતિ કરીને ઉત્પાદનની બજાર આધારિત પદ્ધતિ પ્રસ્થાપિત કરે છે પરંતુ ગુજરાતના પૂર્વ પટ્ટીના આદિવાસી તાલુકાઓમાં આ સમય દરમિયાન એટલે કે ઇસવીસન1980 સુધી વિકાસની કોઈ ખાસ ચલ પહેલ જોવા મળતી નથી. અહીંનું નિર્વાહ જીવન સ્તર 1980 સુધી ઠીક ઠીક પ્રમાણ માં જળવાઈ રહે છે 1980 થી 90 ના દશકા દરમિયાન અહીં વિકાસ પ્રક્રિયા ઠીક ઠીક પ્રમાણમાં પ્રારંભ થાય છે. ઇસવીસન 1990 પછી જ્યારે દેશ ઉદારીકરણ અને વૈશ્વિકરણના માહોલમાં પ્રવેશ કરે છે ત્યારે ખાનગીકરણ ની અસર હેઠળ આદિવાસી તાલુકાઓમાં વિકાસ પ્રક્રિયા વેગ બનતી બને છે. તેમ છતાં અહીં આજ દિન સુધી ઔદ્યોગિકરણ ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં વિકસ્યું છે. ગુજરાતમાં જેને ગોલ્ડન કોરિડોર કહીએ છીએ તેની આસપાસ આવેલા આદિવાસી તાલુકાઓમાં ઔદ્યોગીકરણ ઠીક ઠીક પ્રમાણ માં જોવા મળશે પરંતુ તે સિવાયના અન્ય આદિવાસી તાલુકામાં ઔદ્યોગીકરણ અત્યંત મર્યાદિત છે. ઔદ્યોગીકરણના આ મર્યાદિત વિકાસને કારણે આદિવાસી સમુદાયમાં રોજગારીના વિકલ્પો અત્યંત મર્યાદિત થઈ જાય છે. મોટા ઉદ્યોગીકરણના વિકલ્પ તરીકે અહીં ગૃહ ઉદ્યોગ અને નાના ઉદ્યોગોના વિકાસની ખુબ જ સંભાવનાઓ રહેલી છે. આદિવાસી સમાજના પોતાના પરંપરાગત ઉત્પાદનો માટેના જો નાના પાયાના ઉદ્યોગો વિકાસ પામે તો અહીં રોજગારીની ઘણી જ વૈકલ્પિક શક્યતાઓ નિર્માણ પામી શકે તેમ છે.

૪. કુદરતી સંસાધનો અને જંગલ પેદાશો: આદિવાસી પ્રદેશ મુખ્યત્વે જંગલ પ્રદેશો છે અહીં કુદરતી સંસાધનો અત્યંત વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. જંગલો ઉપરના વસ્તીના દબાણને જોતા જંગલોનું વિનાશ વેગ પકડે તે સ્વાભાવિક છે. જંગલોને જો બચાવવા હોય તે જ પ્રમાણે કુદરતી સંસાધનો જો વિવેક પૂર્ણ ઉપયોગમાં લાવવા હોય તો જે પ્રદેશની આ સંપત્તિ છે તેવા આદિવાસી સમુદાયને આ સંસાધનો સાથે જોડવા પડશે. આદિવાસીઓને આ સંસાધનોમાંથી વિવેક પૂર્ણ આજીવિકા મેળવવા માટે ના અધિકારો આપવામાં આવશે તો તેના પરિણામ સ્વરૂપે જ્યાં આદિવાસી સમુદાયની ગરીબી ઓછી થશે ત્યાં બીજી બાજુ આદિવાસી સમુદાયો અહીં વૈકલ્પિક સ્વરૂપે નિર્વાહના ઘણા બધા રસ્તાઓ મેળવી શકશે. વળી આ પ્રકારના પગલા દ્વારા કુદરતી સંસાધનો અને જંગલના રક્ષણની પણ એક ખાતરી સમાજને આદિવાસી સમુદાય તરફથી મળશે. જંગલ જમીન અધિકાર કાયદો તે આ દિશામાં લેવામાં આવેલું એક કારગત પગલું છે.

**આદિવાસી ખેતી વિકાસ:**

આદિવાસી પ્રદેશોના આર્થિક ઉત્થાન માટે જે મુખ્ય સૂચનો તારવવામાં આવેલા છે તે મુખ્યત્વે આદિવાસી પ્રદેશોની વ્યક્તિગત મુલાકાત અને સમુહ ચર્ચા દ્વારા નિસ્પંદ થયેલા છે. વિવિધ પ્રદેશોની વિવિધ ભૂગોળ અને તેના વૈવિધ્યસભર ભૌગોલિક સંજોગોને ધ્યાનમાં લેતા વિવિધ પ્રકારની સંભાવનાઓ ઉદભવે છે. ખેતી ક્ષેત્રે જે આદિવાસી મેદાની પ્રદેશો છે ત્યાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવીને સિંચાઈની પ્રગતિને વેગમાન બનાવી શકાય તેવી

ઘણી સંભાવનાઓ રહેલી છે. ટેકનોલોજી ની કૃષિ ક્ષેત્રમાં અપગ્રેડેશન દ્વારા આદિવાસી કૃષિને પ્રગતિશીલ બનાવીને તેની ઉત્પાદકતા વધારી શકાય તેવા સંજોગો નિર્માણ પામેલા છે. પરંતુ અહીં પ્રશ્ન એ છે કે આ પ્રકારના મેદાની ભૌગોલિક વિશિષ્ટતા ધરાવતા પ્રદેશો કેટલા? અત્યંત મર્યાદિત કહી શકાય તેવા તેવા આદિવાસી પ્રદેશો આ પ્રકારની વિશિષ્ટતા ધરાવે છે કે જે જગ્યાએ સિંચાઈના અભ્યાસ વધારીને આદિવાસી કૃષિને વધુ ઉત્પાદક બનાવી શકાય તેવા સંજોગો છે. અન્ય આદિવાસી પ્રદેશો માટે એમ કહી શકાય કે સંસ્થળ ન હોય તેવા ડુંગરાળ પ્રદેશોમાં ખેતીને જો વધુ ઉત્પાદક બનાવી હોય તો ખેતીમાં આધુનિક પ્રયોગો કરવા અનિવાર્ય થશે. આ પ્રયોગોમાં ખેતી ક્ષેત્રે વિવિધ આધુનિક પાકો જેવા કે સ્ટ્રોબેરી, કાજુ અને વિવિધ પ્રકારના મશરૂમ જેવા બિન પરંપરાગત અને વધુ વ્યાપાર સંભાવનાઓ ધરાવતા પાકો ઉપયોગમાં લેવામાં આવશે તો આદિવાસી ખેતી ને વધુ ઉત્પાદક બનાવીને આદિવાસી પ્રદેશોમાં કુટુંબોને એક સદર અને નિશ્ચિત રોજગારી આપવી શક્ય બનશે.

**આદિવાસી પ્રદેશોમાં સેવા ક્ષેત્રનો વિકાસ:**

આદિવાસી પ્રદેશો તેના કુદરતી સૌંદર્યને લઈને લોકોમાં અને સ્થાન ધરાવે છે. અહીં જંગલ આચ્છાદિત ડુંગરો, આ વનરાજીની વચ્ચે તેમનું કુદરતી નિવાસ આદિવાસી પ્રદેશોના વિવિધ પ્રાણી અને પક્ષીઓ જંગલ નદી નાળા વગેરે પ્રવાસન માટેની જરૂરી એવી પ્રાથમિક આકર્ષણની વસ્તુઓ છે. આ અર્થમાં જોઈએ તો આ પ્રદેશોમાં આદિવાસી પ્રવાસન અને ઈકો ટુરીઝમ ખુબ જ સંભાવનાઓ ધરાવે છે. આદિવાસી સંસ્કૃતિ પોતે પણ એક પ્રવાસન આકર્ષણનું કેન્દ્ર છે. ગુજરાતની તમામ ભૌગોલિક પ્રદેશો પ્રવચન નાઆકર્ષણ માટે અને અલાયદ સ્થાન ધરાવે છે. વર્તમાન સમયમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી નું નિર્માણ જે તે પ્રદેશની એક મોટું કારણ સાબિત થયેલું છે. આવનારા સમયમાં ગુજરાતની સંપૂર્ણ પૂર્વ પટ્ટી કે જે આદિવાસી રહેણાંક વિસ્તાર છે તેમાં પ્રવાસ પર્યટનની ખૂબ જ વિશાળ સંભાવનાઓ રહેલી છે. આ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને પ્રદેશના સ્થાનિક આદિવાસીઓને જો યોગ્ય પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે અને તેમની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને અલાયદી યોજનાઓનું ઘડતર કરવામાં આવે તો આ પ્રદેશોમાં પ્રવચન ઉદ્યોગ સ્થાનિક લોકોની રોજગારી માટે એક બહુ જ મોટો વિકલ્પ પુરવાર થઈ શકે તેમ છે. સેવા ક્ષેત્રના અન્ય વિકલ્પોની જો તપાસ કરવામાં આવે તો આદિવાસીઓ દ્વારા તેમની પરંપરાગત ઉપચાર અને સારવાર પદ્ધતિઓ સવિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહે તેમ છે. આદિવાસી ભગત ભુવાઓ દ્વારા જે તે સ્વાસ્થ્ય સમસ્યાઓ તેમની પરંપરાગત પદ્ધતિઓ દ્વારા તૈયાર કરવાની એક અલાયદી વ્યવસ્થા વિકસાવી રહી છે. સરકારી નિયંત્રણો દ્વારા જો આ પ્રકારની ઉપચાર પદ્ધતિને યોગ્ય પ્રોત્સાહન આપી વિતાવવામાં આવે તો સ્વાસ્થ્યની પ્રાથમિક સમસ્યાઓમાં આ પ્રકારની સારવાર પદ્ધતિઓ લોકોમાં ટીક ટીક પ્રમાણમાં સ્વીકાર્યતા પામશે. સેવા ક્ષેત્રે ખૂબ જ ઊંચી રોજગારી સાપેક્ષતા ધરાવે છે. સેવાના વિકલ્પો આદિવાસી યુવાઓમાં તાલીમ અને કૌશલ્ય વર્ધન દ્વારા વિસ્તારી શકાય તેવી ખૂબ ઊંચી શક્યતાઓ છે. અગાઉ વાત કરી તેમ આદિવાસી ક્ષેત્રોમાં વિકાસ પામે છે તો તેના પરિણામ સ્વરૂપે પ્રવાસને પૂરક

એવા પ્રવચન ગાઈડનો વિકાસ, પ્રવાસીઓ માટેની રેણાક સુવિધાઓ માટે હોમસ્ટે જેવી સેવાઓનો વિકાસ, પ્રવાસીઓના પરિવહન માટેની વિવિધ કક્ષાની પરિવહન સુવિધાઓ તેના માટે વાહનચાલકોની સેવાઓ, વિવિધ પ્રકારની રેસ્ટોરન્ટો કે જેમાં પાતીગળ આદિવાસી ભોજન પણ પીસાતું હોય. આમ અનેક ક્ષેત્રોનો વિકાસ થાય તેવી શક્યતાઓ જોઈ શકાય છે. જિલ્લા સંશોધક તરીકે વિવિધ આદિવાસી પ્રદેશો માં વિવિધ મુલાકાતો દ્વારા એ જોવા મળ્યું છે કે આ પ્રદેશમાં વસતા સ્થાનિક આદિવાસીઓ ટેકનોલોજી ની સ્વીકારી બાબતમાં ખૂબ જ ઉત્સુકતા ધરાવે છે. અર્થ એ છે કે જો વિવિધ ક્ષેત્રોને ઓળખી કાઢીને આ ક્ષેત્રોની જરૂરિયાતોને સ્થાનિક આદિવાસી યુવાઓમાં પ્રસારિત કરવામાં આવે, યુવાઓને પોતાને રસ રુચિ હોય તેવા ક્ષેત્રોમાં તાલીમ બંધ કરવામાં આવે અને ત્યારબાદ તેમને નો વ્યવસાય કરવા માટે જે પાયાની મૂડી કે અન્ય જરૂરિયાત હોય તેનીઆ પૂર્તિ કરવા માટે જ સરકાર યોગ્ય પ્રબંધ કરે તો આ પ્રદેશના યુવાનો જાતે જ ટેકનોલોજી ની મદદથી બજારમાંથી પોતાના ક્લાયન્ટને મેળવીને પોતાની સ્વરોજગારીના ક્ષેત્રો વિકસાવશે. વર્તમાન પરિસ્થિતિ એવી છે કે જેમાં સ્થાનિક યુવાનો માર્ગદર્શનના અભાવે એક નિરાશા નું વાતાવરણ નિર્માણ કરી ચૂક્યા છે વિકલ્પના અભાવે અહીં બજારમાં જેની જરૂરિયાત ઘણી જ ઓછી છે તેવું વિનયન અને વાણિજ્ય શાખાનું શિક્ષણ અત્યંત ઉચ્ચસ્તર સુધીનું મેળવ્યા કરે છે ,ત્યારબાદ વિકલ્પના અભાવે તેઓ સરકારી નોકરીની શોધમાં વિવિધ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારીઓ કરે છે. પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ પ્રકારની તમામ જગ્યાઓનો જો સરવાળો કરીએ તો તેની સંખ્યા થોડા હજાર પદ પૂરતી જ નિશ્ચિત હશે. સ્થાનિક આદિવાસી યુવાનોની સંખ્યા લાખોમાં છે. જો આ તમામ આદિવાસી યુવાનો માટે રોજગારીની નવી ક્ષિતિ જો ખોલવી હશે તો સ્વરોજગારી દ્વારા સેવા ક્ષેત્રના વિવિધ વિકલ્પોનો વિકલ્પ બારી ખુલવી રહી.

**આદિવાસી પ્રદેશોમાં ઔદ્યોગિક વિકાસ**:

આદિવાસી પ્રદેશો તેમની અંતરિયાળ રચનાને કારણે વર્ષોથી ઉદ્યોગોમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યા નથી. વળી આદિવાસી શ્રમિકો તેમની શ્રમસ્થાનાંતરની ખૂબીને કારણે પોતાનું શ્રમ અને કિલોમીટર દૂર જઈને પણ સેવા આપતા હોય ઉદ્યોગો માટે આદિવાસી પ્રદેશમાં ઉદ્યોગનું સ્થાપન કરવું કોઈ ખાસ આકર્ષણ ધરાવતું નથી. ગુજરાતના આદિવાસી જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થા ના પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે જેને કારણે અહીં ઔદ્યોગિક વિકાસની ગતિ અત્યંત મર્યાદિત જોવા મળી છે. આદિવાસી પ્રદેશો કુદરતી સંસાધનોની રીતે જોઈએ તો ઘણા જ સમૃદ્ધ પ્રદેશો છે. આ પ્રદેશોમાં વિવિધ ઉદ્યોગો માટેની વિવિધ ખાણ અને ખનીજો ના ભંડારો આવેલા છે. આદિવાસી પ્રદેશોના આ ખાણ અને ખનીજો ની મદદ લઈને અન્ય પ્રદેશોમાં ઉદ્યોગોનો વિકાસ ઝડપી બને છે આજ ઉદ્યોગોમાં શ્રમના મુખ્ય સ્ત્રોત તરીકે આદિવાસીઓ પોતા શ્રમ સેવાઓ પૂરી પાડતા જોઈ શકાય છે. પરંતુ પરિસ્થિતિ એ છે કે આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગો પ્રત્યક્ષ સ્વરૂપે જવા તૈયાર નથી અથવા કહો કે પ્રત્યક્ષ સ્વરૂપે ઉદ્યોગ સ્થપાય તેવી શક્યતાઓ ઘણી જ ઓછી છે. આ વાસ્તવિકતા ને ધ્યાનમાં રાખીને સ્થાનિક આદિવાસીઓને રોજગારીનો

વિકલ્પ વિકાસ પામે તે માટે સ્થાનિક કક્ષાએ નાના અને મધ્યમ ઉદ્યોગો વિશે તેમના પરંપરાગત ઉદ્યોગો ગૃહ ઉદ્યોગ સ્વરૂપે તેના માટે સરકારે પગલાં ભરવા રહ્યા. વર્તમાન સમયમાં સરકાર દ્વારા આદિવાસી પ્રદેશોમાં ઉદ્યોગના સ્થાપન માટેનું ઘણું ઊંચું પ્રોત્સાહન રહેલું છે વળી નાના ઉદ્યોગો અને આદિવાસી ઉદ્યોગ સાહસિકોને  આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગ સ્થાપન કરવા માટે પણ ખૂબ ઊંચા પ્રમાણનો  પ્રોત્સાહન પૂરૂંપાડવામાં આવે છે. આદિવાસી વિસ્તારમાં ગૃહ ઉદ્યોગ અને નાના પાયાના ઉદ્યોગોને ખૂબ ઊંચા પાયા ઉપર સબસીડી પણ પૂરી પાડવામાં આવે છે તેમ છતાં આ પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ કઈક અંશે  કુંઠિત થયેલો જોવા મળે છે. આ બધા પાછળના કારણોથી તપાસવામાં આવે તો જાણવા મળશે કે, જે દિશામાં આદિવાસી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની જરૂર હોય છે તે દિશાથી વિપરીત દિશામાં આદિવાસી ક્ષેત્રના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઉદાહરણ તરીકે જોવામાં આવે તો સબસીડી અને વિવિધ પ્રકારની લોનમાં વિવિધ પ્રકારની રાહતો સરકારી યોજનામાં કેન્દ્ર સ્થાન ધરાવે છે પરંતુ આમ કરવા જતા સબસીડી અને અન્ય આકર્ષણના કારણે વિવિધ વર્ગ ધરાવતા સમૂહ દ્વારા આ પ્રકારના લાભ મેળવવા માટે જૈન કેમ પ્રયુક્તિઓ આચરવામાં આવે છે. પરિણામે આવે છે કે સબસીડી અને આવા આકર્ષણ ખોટા પ્રોજેક્ટમાં ખોટી રીતે યુટીલાઈઝ થાય છે. છેલ્લે પરિણામે આવે છે કે સબસીડી અને આકર્ષણને કારણે અસ્તિત્વમાં આવેલો કોઈપણ પ્રોજેક્ટ સબસીડીની ગેરહાજરીમાં પોતે પોતાનું અસ્તિત્વ ટકાવી શકતો નથી. આ વાસ્તવિકતા સામે જો સરકારે આદિવાસી પ્રદેશના આદિવાસી ઉદ્યોગોને યોગ્ય દિશામાં પ્રોત્સાહન આપવું હશે તો તેમને આ પ્રકારના આ પ્રકારના પ્રત્યક્ષ પોર્શાહનો આપવાના બદલે તેમના માટે વેચાણની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવી પડશે. આમ કરવાથી બજારના અભાવે જે ઉદ્યોગો બાળ મૃત્યુ પામે છે તે પોતે બજારની પ્રાપ્તિ થતા આત્મ નિર્ભર સાબિત થશે. આ પ્રકારના  પ્રોત્સાહનો જે તે ઉદ્યોગને સરકારી હસ્તક્ષેપ કે આકર્ષણની ગેરહાજરીમાં પણ જીવંત રાખશે. વેચાણ  વ્યવસ્થાની એક અલાયદી યુક્તિ આ અહેવાલમાં ભલામણ કરવામાં આવી છે તે એ છે કે એક કેન્દ્રીય ધોરણે કોઈ એક નિયંત્રિત ઓથોરિટી ની સ્થાપના કરીને, સમગ્ર રાજ્યનું આદિવાસી ઉત્પાદન કોઈ એક જ બ્રાન્ડ નેમ સાથે જો માર્કેટિંગ કરવામાં આવે તો તેની સફળતાની સંભાવનાઓ અને ઘણી વધી જાય છે. આ સંદર્ભમાં આપણી સામે NDDB નું અમૂલ બ્રાન્ડનું સફળ ઉદાહરણ મોજુદ છે. વિકેન્દ્રિત ધોરણ એ થતું દૂધ ઉત્પાદન એક જ બ્રાન્ડ હેઠળ સમગ્ર ભારતમાં માર્કેટિંગ થાય તેની વિવિધ પ્રોડક્ટો લોકોમાં સ્વીકૃત બને છે. વિકેન્દ્રિત ધોરણે થતી આદિવાસી ઉત્પાદન  પ્રવૃત્તિને પણ કોઈ એક બ્રાન્ડ  ના નામ સાથે જો લોકમાનસમાં જાહેરાત કરવામાં આવે તો તે લોકોમાં  સ્વીકૃતિ પામશે, અલબત્ત અહીં ગુણવત્તા નીયંત્રણ માટેની  કોઈ એક સ્વતંત્ર એજન્સી હોવી અનિવાર્ય છે, જે આદિવાસી સેવાઓ અને વસ્તુઓની ગુણવત્તાની ખાતરી લોકોમાં પ્રસ્થાપિત કરશે.

આદિવાસી પ્રદેશોમાં કૃષિ આધારિત વ્યવસાયો નો વિકાસ:

જે પ્રદેશોમાં કૃષિ વિકાસ પામે છે તેમાં કૃષિને આધારે જ્યાં વિકાસ સંભાવનાઓ છે તેવા અન્ય ક્ષેત્રો પણ વિકાસ પામે છે આવા ક્ષેત્રોમાં પશુપાલન મરઘા- બટકા ઉછેર કૃષિ પ્રોસેસિંગ યુનિટ, કૃષિ ઉત્પાદનોનું એડિશન કરી શકે તે માટેના વિવિધ એકમોનું નિર્માણ વગેરે સંભાવના ગુજરાતના આદિવાસી પ્રદેશોમાં પણ ભરપૂર પ્રમાણમાં રહેલી છે. આ તમામ સંભાવનાઓ એક પ્રાથમિક શરત માંગી લે છે તે એ છે કે સ્થાનિક લોકોમાં કૃષિ વિકાસ અને તેને દ્વારા કૃષિ સંલગ્ન વ્યવસાયોમાં વૃદ્ધિ માટેની તાલાવેલી. સ્થાનિક આદિવાસી સમાજમાં જો વિકાસની ભૂખ જગાડવામાં આવે તો , આદિવાસી આદિવાસી સ્વયં પોતાના આર્થિક વિકાસ માટે પ્રવૃત્તિ થઈ જશે. ખાસ કરીને 1991 પછીના સમયમાં જોવામાં આવે તો અહીં વિકાસ માટેની એક ભૂખ જોવા મળે છે. આ વિકાસ માટેની ભૂખ ને જો યોગ્ય દિશા નિર્દેશ કરવામાં આવે તો તેના પરિણામો અચૂક રીતે સકારાત્મક પ્રાપ્ત થઈ શકે તેમ છે. ગુજરાતના જે પ્રદેશોમાં કૃષિ સમલગ્ન પ્રવૃત્તિઓ ઊંચા પ્રમાણમાં વિકાસ પામી છે ત્યાં જોવામાં આવ્યું છે કે જે તે પ્રવૃત્તિમાં કોઈ એક જ જ્ઞાતિ પ્રભાવી રહી છે દાખલા તરીકે જોવામાં આવે તો સાબરકાંઠા જિલ્લામાં કૃષિ સંલગ્ન પશુપાલન પ્રવૃત્તિમાં ચૌધરી જ્ઞાતિ અત્યંત પ્રભાવિત રહી છે. આ જ રીતે જો વિચારવામાં આવે તો જે તે પ્રદેશના જે તે આદિવાસી સમાજની ખાસિયતો ને ધ્યાનમાં રાખીને જો તેમને તેમને અનુકૂળ હોય તેવી કોઈ એક કૃષિ સંલગ્ન પ્રવૃત્તિમાં પ્રોત્સાહિત કરવામાં આવે તો અત્યંત સકારાત્મક પરિણામો મેળવવાની સંભાવના ઘણી ઉંચી રહેલી છે. ઉદાહરણ તરીકે જુઓ જોવામાં આવે તો જે આદિવાસી સમુદાયો જંગલ સાથે આજે પણ સીધા સંકળાયેલા છે તે આદિવાસી સમુદાયો માટે જો તેમને વિવિધ જંગલી પેદાશો એકત્રિત કરીને તેને બજાર અનુસાર યોગ્ય પેકિંગ અને યોગ્ય ધારા ધોરણ અને માપદંડ અનુસાર અનુસાર કરવામાં આવે તો આ પ્રકારના ઉત્પાદનોની બજારમાં ખૂબ જ ભોળા પ્રમાણમાં માંગ આજે પણ જોવા મળે છે. દાખલા તરીકે બજારમાં જોવા મળતી પતંજલિ બ્રાન્ડ તેની સંપૂર્ણ સફળતા કુદરત આધીન હોવાના તેના દાવા ઉપર નિર્ભર છે. આદિવાસી સમુદાયો તેના પ્રારંભથી જ કુદરતદત્ત અને કુદરત સાથે સંકળાયેલું જીવનશૈલી જીવતા આવ્યા છે આ રીતે જોવામાં આવે તો આદિવાસીઓ દ્વારા એકત્ર કરી અને તેનું વેચાણ વ્યવસ્થા કરવામાં આવતી વસ્તુઓમાં ખૂબ જ લોકપ્રિય બનશે તેવી ખૂબ ઊંચી સંભાવનાઓ રહેલી છે.

**આદિવાસીમાં સ્થાનાંતર ના પ્રશ્નો અને તેનું નિવારણ:**

આદિવાસી સમુદાય રોજગારીના વિકલ્પોની શોધમાં ગુજરાત રાજ્ય અને ગુજરાત રાજ્યની બહાર પણ કૃષિ અને કૃષિ સિવાયના ક્ષેત્રોમાં પોતાના શ્રમનું વિનિમય કરતા જોવા મળે છે. ખૂબ જ નીચું શિક્ષણ અને અત્યંત ગરીબીના કારણે આ આદિવાસી પરિવારો જ્યાં પણ સ્થાનાંતર કરે છે ત્યાં મોટાભાગે તેમને અત્યંત ઊંચા પ્રમાણમાં શોષણનો શિકાર સહન કરવાનું આવે છે. બીજા અર્થમાં કહીએ તો આદિવાસી શ્રમની ઊંચી ઉત્પાદકતા અને અત્યંત નીચું વેતન તથા કામની અત્યંત વિકટ પરિસ્થિતિ ને પણ સહન કરવાની તૈયારી આ તમામ પરિબળો જ્યાં એક બાજુ આદિવાસીશ્રમની સ્વીકૃતિ માટેનું કારણ બને છે. જ્યારે બીજી બાજુ તે આદિવાસી

શોષણનું પણ મૂળ કારણ બને છે. ગુજરાત કે ગુજરાત બહારના વિવિધ શહેરોમાં ખાસ કરીને બાંધકામ ઉદ્યોગમાં જોવા મળતા આદિવાસી પરિવારમાં શોષણ અત્યંત ઊંચા પ્રમાણમાં જોવા મળે છે જોવા મળ્યા છે. નિર્મૂલ માટે સરકારે કોઈ એક કેન્દ્રીક નોંધણી અને છતાં તે અનુપચારિક નોંધણી બની રહે તે પ્રકારની કોઈ એક સિસ્ટમ વિકસાવી એકમાત્ર ઉપાય છે.આ અહેવાલના અંતિમ પ્રકરણમાં રોજગાર-SETU શીર્ષક અંતર્ગત આ અંગેનું સૂચન  વિસ્તારથી કરવામાં આવેલું છે.

**3.4 ઉપસંહાર**

પ્રસ્તુત પ્રકરણમાં આદિવાસી આર્થિક વિકાસની વિભાવનાને કેવી રીતે કાર્યરત કરવી વગેરે જેવા મુદ્દાઓની અહીં છણાવટ કરવામાં આવી.  અહીં મુખ્યત્વે આપણે એ જોયું કે આદિવાસી વિકાસ તે એક બહુઆયામી પ્રક્રિયા છે.  કોઈ એક બિંદુએથી આદિવાસીના આર્થિક  વિકાસને જોઈ શકાશે નહીં જો આદિવાસીના આર્થિક વિકાસને જોવો હોય તો તેને સમગ્રતહ જોવો પડશે. આમ કહી શકાય કે જો આદિવાસીના આર્થિક વિકાસને આપણે કાર્યવિધ કરવો હશે તો આપણી કાર્ય યોજના પણ બહુ આઈમી રહેશે.આ સંદર્ભની યોજનાઓ હવે પછીના પ્રકરણ ચારમાં વિગતે દર્શાવામાં આવેલ છે.

# પ્રકરણ-4
# નીતિ વિષયક સૂચનો


| ક્રમ | વિષય | પાનાં |
|---|---|---|
| 4.1 | પ્રસ્તાવના | 39 |
| 4.2 | ચાંદલા વિધિ એક પરિચય | 39 |
| 4.3 | ગુજરાતના આદિવાસી સમાજમાં અંધશ્રધ્ધા, કુરિવાજો દ્વારા સર્જન થતું આર્થિક વિષચક્ર: વિશ્લેષણ અને નિવારણ માટેનું સુચન/ભલામણ | 41 |
| 4.4 | SAMTA- સમુહ (State's Actions to Mobilize Tribal Association આદિવાસી સમાજમાં સંગઠન જાગૃતિ માટેના સરકારી (સહકારી અને વિવિધ બિનસરકારી સંસ્થાઓના પૂરક) પગલાં | 56 |
| 4.5 | સ્થાનંતરણ કરતાં શ્રમિકોના પ્રશ્નો અને નિવારણ માટેની યોજનાનો પ્રસ્તાવ: ROJGAR-SETU (Supplementary Employment Exchange for Traditional Tribal Unorganized Labour | 59 |
| 4.6 | ઉપસંહાર | 64 |

# પ્રકરણ-4
# નીતિ વિષયક સૂચનો

**4.1 પ્રસ્તાવના:**

આદિવાસી સમાજમાં સંગઠન અને એકતાની અનોખી સાંસ્કૃતિક પરંપરા જોવા વર્ષોથી ચાલતી આવી છે. પરંતુ બદલાતા પરિપેક્ષો અને બદલાતા વિવિધ આર્થિક સામાજિક સંજોગોમાં ઘણા ઉત્કૃષ્ટ ઉદ્દેશો શાથે પ્રારંભ કરવામાં આવેલ પરંપરાઓ ક્યારેક વિકૃત સ્વરૂપ ધારણ કરતી જોવા મળે છે. વિવિધ આદિવાસી પ્રદેશોને રૂબરૂ મુલાકાતોના આધારે જાણવા મળ્યું કે આદિવાસી પ્રદેશોમાં સ્થાનિક પ્રજા દ્વારા અનુભવવામાં આવતી દેવાની સમસ્યા કે આર્થિક તંગી અને અછતના પ્રશ્નો અન્ય સમસ્યાઓ સાથે સંકળાયેલ હોય છે. આર્થિક સમસ્યાના મૂળ અહી સામાજિક  રૂઢિમાં જોવા મળ્યા તો વળી સામાજિક રૂઢિના મૂળ ધાર્મિક માન્યતાઓ અને સંસ્કૃતિમાં જોવા મળ્યા.

આમ આર્થિક સમસ્યા માત્ર આર્થિક દ્રષ્ટિ દ્વારા નિરાકરણ આવશે તેવું નિશ્ચિત પણે કહી શકશે નહીં. દાહોદ  જિલ્લા શંશોધક દ્વારા જિલ્લાના વિવિધ પ્રદેશોની વિવિધ સમયની મુલાકાતો દ્વારા એક અનોકી સમસ્યાઓનું મૂલ્યાંકન કરેલ છે આ મૂલ્યાંકનોના આધારે અત્રે હાંસલ કરી શકાય તેવા એક સર્વ સામાન્ય ઉકેલની પણ વિચારણા કરેલ છે. અહી સર્વ પ્રથમ દાહોદ જિલ્લાના અને તેની આસપાસના પ્રદેશમાં આદિવાસી કુટુંબોની દેવાની સમસ્યાઓના વિષય સાથે વિવિધ ફોકસ ગ્રૂપ ડિસકશન હાથ ધરવામાં આવ્યું તેમાથી જણાઈ આવ્યું કે આ પ્રદેશમાં એક બીજાને સાથ સહકાર અને મદદ માટેની સાંસ્કુતિક વિરાસત એવી ચાંદલા  વિધિ હાલ વિકૃત સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. અહી આ પ્રકરણમાં આ ચાંદલા  વિધિનો ઊંડો અભ્યાસ કરવા માટે હાથ ધરવામાં આવેલ સર્વેની ચર્ચા કરી છે, સર્વેના વિવિધ તારણોના આધારે સમસ્યાનું સ્વરૂપ અને તેની પ્રચુરતા ચર્ચા કરવામાં આવેલ છે. ત્યારબાદ આ સમસ્યાના સંભવિત નિરાકરણ માટેના પગલાઓની પણ ચર્ચા કરવામાં આવેલ છે.

4.2 ચાંદલા  વિધિ એક પરિચય:

આદિવાસી સમાજમાં અંધશ્રદ્ધા અને સામાજિક કુરિવાજો તુલનાત્મક રીતે વધારે પ્રમાણમા જોવા મળે છે. તે અંગેના ઘણા અભ્યાસો જોવા મળે છે. આ પ્રકારની અંધશ્રદ્ધા અને સામાજિક

કુરિવાજોના કારણે આદિવાસી સમાજમાં બિન-જરૂરી ખર્ચાઓ ઘણા ઊંચ પ્રમાણમા જોવા મળે છે. આદિવાસી સમાજમાં આમ પણ આર્થિક સ્થિતિ ઘણી નબળી જોવા મળે છે. આદિવાસી સમાજમાં ગરીબી ઘણી ઊંચા પ્રમાણમા કેન્દ્રિત થયેલ છે. (સેન્સસ ઓફ ઈન્ડિયા- વિવિધ અહેવાલો) આ સંજોગોમાં કે જ્યાં આર્થિક નબળા સમાજમાં પહેલાથીજ બચત પ્રમાણ નહિવત હોય અહી આ સમાજો માં સામાજિક કુરિવાજો અને અંધશ્રદ્ધાના કારણે થતાં ખોટા ખર્ચાઓ તેમની નબળી આર્થિક સ્થિતીને વધુ ખરાબ કરે છે. જુદા-જુદા ભોગોલિક પરદેશમાં અને જુદી-જુદી આદિવાસી પેટા જાતીઓમાં જુદા-જુદા કુરિવાજો અને જુદી-જુદી અંધશ્રદ્ધાઓ જોઈ શકાય છે તે પૈકીની એક સામાજિક કુરિવાજની પ્રથાનું આર્થિક ભારણ જાણવા અમારી સંશોધક ટીમ દ્વારા નીચે મુજબનો અભ્યાસ હાથ ધારેલ હતો જેના વિવધતા સભર તારણો અહી ગરીબ આદિવાસી કુટુંબના આર્થિક ભારણ ને કેવી રીતે વિકૃત કરે છે તે સમજવા રજૂ કરેલ છે.

સામાજિક પ્રસંગોમાં સર્વ સ્વીકૃત ‘ચાંદલા પ્રથા’:

સામાજિક પ્રસગોમાં ચાંદલા પ્રથા એક સ્વીકૃત પરમપરા કે રિવાજ છે. ઇસ્લામ ધર્મને બાદ કરતાં લગભગ તમામ સમાજમાં દુનિયાભરમાં યજમાનના દ્વારા નિમત્રણ આપવામાં આવે ત્યારે, આવા નિમત્રણને માન આપી ગંતવ્ય પ્રસંગોમાં સહભાગી થવા માટે આવતા મહેમાનો ભેટ-સોગાદ કે રોકડ રકમ ચાંદલા સ્વરૂપે યજમાનને આપે છે. આ પ્રકારની પ્રથા એક યા બીજા સ્વરૂપે જુદા-જુદા પ્રદેશોમાં અસ્તિત્વ ધરાવતી જોવા મળે છે. અહી ખુશીમાં કે દુખમાં સાથે મળી દુખ-સુખ વહેચવાની ભાવના છે. સમાજમાં સ્વેચ્છિક રીતે આપતા ભેટ-સોગાદ અને રોકડ ચાંદલા એક સહજ વ્યવહાર તરીકે સ્વીકૃતી ધરાવે છે. ચાંદલા પ્રથા જો ફરજિયાત અને અસહ્ય આર્થિક ભારણરૂપ બને તો તે સમાજના લોકો માટે સામાજિક દબાણ હેઠળ ચાલુ રહેતું દૂષણ બની જાય. આ પ્રકારના દૂષણથી બંને તરફ દૂષણ સર્જન થાય છે. એક તરફ ફરજીયાત ચાંદલા પ્રથાના કારણે યજમાનને એક નિશ્ચિત રકમ ચાંદલા સ્વરૂપે પરત મળવાની ખાત્રી છે. આ સંજોગોમાં તેમનું જે તે પ્રસંગ માટે કરવામાં આવતા બિન-જરૂરી અને દેખા-દેખીના ખર્ચ તરફ કૂણું વલણ રહે છે. વળી ફરજિયાત ચાંદલા પ્રથામાં નિશ્ચિત ખર્ચ સપાટીથી વધારે ખર્ચ કરવાનું એક પ્રકારનું સામાજિક દબાણ પણ સર્જન થતું હોય છે. આ પ્રકારની ફરજિયાત ચાંદલા પ્રથામાં ઘણાખરા કિસ્સાઓમાં પોતે નોધાવેલ ચાંદલો ખૂબ લાંબો સમય વીતી જવાથી,યજમાન અને મહેમાન બન્ને વચ્ચેના પરિવારિક સંબંધોના પરિવર્તનો થવાથી વગેરે કારણોસર ક્યારેક ચાંદલો પરત મેળવવા માટે જ, કોઈ પણ અન્ય કારણ ન હોવા છતાં મેળાવડાનું આયોજન થતું જોવા મળે છે. આ પ્રકારના મેળાવડા માત્ર ને માત્ર પોતે ભૂતકાળમાં અર્પણ કરેલ ચાંદલાનો વળતો ચાંદલો પરત મેળવવા આયોજન થતાં હોય છે. ઘણા ખરા કિસ્સાઓમાં મકાન નિર્માણ અને વાહન ખરીદી વગેરે કારણસર ચાંદલારુપી રકમ મેળવવા માટે જ મેળાવડા આયોજન થતાં જોવા મળે છે. આવા કિસ્સાઓમાં ચાંદલાઓ રૂપી રકમ સહજ રૂપે પ્રાપ્ત થતી હોવાથી જે તે નિર્ધારિત ખર્ચ બિન જરૂરી રીતે ઊંચું રહેતું ઘણાબધા કિસ્સાઓમાં જોવા મળે છે. આ પ્રકારના ફરજિયાત ચાંદલા પ્રથાનું સવિશેષ વિઘાતક પરિણામ તે આ પ્રથાને કારણે ઘણા પરિવારો દેવાદાર બને છે તેમાં રહેલું છે. એક વાર કોઈપણ કારણસર મેળાવડો આયોજીત કરીને મેળવેલ

ચાંદલારુપી રકમ બિન જરૂરી ખર્ચ કરવામાં વપરાય જાય છે, તો ભવિષ્યમાં આ ચાંદલાનો બદલો આપવા માટે જરૂરી ચાંદલા રકમ ન હોવાથી અને ચાંદલો હવે ઊંચી રકમનો કરવો ફરજીયાત હોવાથી દેવું કરી ને પણ ચાંદલો કરવો પડે છે. આ પ્રથા એટલા પ્રમાણમા વિકૃત થયેલ જોવા મળે છે કે આ પ્રકારના દેવામાં ડૂબેલા પરિવારો માત્ર દેવું ચૂકવવા માટે પણ ચાંદલા રૂપે રકમ પરત મેળવવા ના એક માત્ર હેતુસર મેળાવડા આયોજિત કરતાં જોઈ શકાય છે. દિન પ્રતિદિન આવા નિવારી શકાય તેવા (બિનહેતુસરના) મેળાવડાઓ ખર્ચાળ સાબિત થતા જતાં હોય, આ પ્રકારના સામાજિક રૂવાજ ધીરે ધીરે કુરિવાજ બની જાય છે. આ પ્રકારના રિવાજ દ્વારા એક વિષચક્ર નિર્માણ થાય છે જેના કારણે આ રિવાજ સવલગ્ન સંપૂર્ણ સમાજ આર્થિક રીતે અધોગતિ તરફ ધકેલા છે. ગરીબ સમાજોમાં આ પ્રકારની કુપ્રથા પ્રચલિત બનતા તે સમાજ દેવાના અસહ્ય બોજા હેઠળ દબાય જાય છે. આ પ્રકારના કુરિવાજો દ્વારા થતી વિઘાતક અસરો નીચેના ચાર્ટમાં દર્શાવામાં આવેલ છે.

ચાંદલા  વિધિ દ્વારા ઉદ્ભવ થતું ગરીબીનું વિષચક્ર:

## 4.3 ગુજરાતના આદિવાસી સમાજમાં અંધશ્રધ્ધા, કુરિવાજો દ્વારા સર્જન થતું આર્થિક વિષચક્ર: વિષ્લેષણ અને નિવારણ માટેનું સુચન/ભલામણ:

| આદિવાસીમાં અંધશ્રદ્ધા, કુરીવાજના વિષચક્રનું આર્થિક વિશ્લેષણ: |
|---|
| **આદિવાસી સમાજમાં ઘણી જડ પરંપરો, કુરિવાજો અને અંધશ્રદ્ધા અન્ય સમાજોની તુલનમાં વધુ પ્રમાણમા જોવા મળેલ છે. આર્થિક વિકાસ અવરોધક આ પ્રકારના કુરિવાજો સમજ કેળવવા દાહોદ જિલ્લા અને આસપાસના પ્રદેશોમાં પ્રચલિત ચાંદલા  વિધિનો એક આર્થિક અભ્યાસ હાથ ધરવામાં આવેલ હતો જેનું વિશ્લેષણ નીચે મુજબ છે.** |

**અભ્યાસ પ્રસ્તાવના:**

આદિવાસી સમાજમાં સંગઠન અને એકતાની અનોખી સાંસ્કુતિક પરંપરા વર્ષોથી ચાલતી આવી છે. પરંતુ બદલાતા પરિપેક્ષો અને બદલાતા વિવિધ આર્થિક સામાજિક સંજોગોમાં ઘણા ઉત્કૃષ્ટ ઉદ્દેશો શાથે પ્રારંભ કરવામાં આવેલ પરંપરાઓ ક્યારેક વિકૃત સ્વરૂપ ધારણ કરતી જોવા મળે છે. વિવિધ આદિવાસી પ્રદેશોને રૂબરૂ મુલાકાતોના આધારે જાણવા મળ્યું કે આદિવાસી પ્રદેશોમાં સ્થાનિક પ્રજા દ્વારા અનુભવવામાં આવતી દેવાની સમસ્યા કે આર્થિક તંગી અને અછતના પ્રશ્નો અન્ય સમસ્યાઓ સાથે સંકળાયેલ હોય છે. આર્થિક સમસ્યાના મૂળ અહી સામાજિક  રૂઢિમાં જોવા મળ્યા તો વળી સામાજિક રૂઢિના મૂળ ધાર્મિક માન્યતાઓ અને સંસ્કૃતિમાં જોવા મળ્યા.

આમ આર્થિક સમસ્યા માત્ર આર્થિક દ્રષ્ટિ દ્વારા નિરાકરણ આવશે તેવું નિશ્ચિત પણે કહી શકશે નહીં. દાહોદ  જિલ્લા શંશોધક દ્વારા જિલ્લાના વિવિધ પ્રદેશોની વિવિધ સમયની મુલાકાતો દ્વારા એક અનોકી સમસ્યાઓનું મૂલ્યાંકન કરેલ છે આ મૂલ્યાંકનોના આધારે અત્રે હાંસલ કરી શકાય તેવા એક સર્વ સામાન્ય ઉકેલની પણ વિચારણા કરેલ છે. અહી સર્વ પ્રથમ દાહોદ જિલ્લાના અને તેની આસપાસના પ્રદેશમાં આદિવાસી કુટુંબોની દેવાની સમસ્યાઓના વિષય સાથે વિવિધ ફોકસ ગ્રૂપ ડિસકશન હાથ ધરવામાં આવ્યું તેમાથી જણાઈ આવ્યું કે આ પ્રદેશમાં એક બીજાને

સાથ સહકાર અને મદદ માટેની સાંસ્કુતિક વિરાસત એવી ચાંદલા  વિધિ હાલ વિકૃત સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. અહી આ પ્રકરણમાં આ ચાંદલા  વિધિનો ઊંડો અભ્યાસ કરવા માટે હાથ ધરવામાં આવેલ સર્વેની ચર્ચા કરી છે, સર્વેના વિવિધ તારણોના આધારે સમસ્યાનું સ્વરૂપ અને તેની પ્રચુરતા ચર્ચા કરવામાં આવેલ છે. ત્યારબાદ આ સમસ્યાના સંભવિત નિરાકરણ માટેના પગલાઓની પણ ચર્ચા કરવામાં આવેલ છે.

ચાંદલા  વિધિ એક પરિચય:


આદિવાસી સમાજમાં અંધશ્રદ્ધા અને સામાજિક કુરિવાજો તુલનાત્મક રીતે વધારે પ્રમાણમા જોવા મળે છે. તે અંગેના ઘણા અભ્યાસો જોવા મળે છે. આ પ્રકારની અંધશ્રદ્ધા અને સામાજિક કુરિવાજોના કારણે આદિવાસી સમાજમાં બિન-જરૂરી ખર્ચાઓ ઘણા ઊંચ પ્રમાણમા જોવા મળે છે. આદિવાસી સમાજમાં આમ પણ આર્થિક સ્થિતિ ઘણી નબળી જોવા મળે છે. આદિવાસી સમાજમાં ગરીબી ઘણી ઊંચા પ્રમાણમા કેન્દ્રિત થયેલ છે. (સેન્સસ ઓફ ઈન્ડિયા- વિવિધ અહેવાલો) આ સંજોગોમાં કે જ્યાં આર્થિક નબળા સમાજમાં પહેલાથીજ બચત પ્રમાણ નહિવત હોય અહી આ સમાજો માં સામાજિક કુરિવાજો અને અંધશ્રદ્ધાના કારણે થતાં ખોટા ખર્ચાઓ તેમની નબળી આર્થિક સ્થિતીને વધુ ખરાબ કરે છે. જુદા-જુદા ભોગોલિક પરદેશમાં અને જુદી-જુદી આદિવાસી પેટા જાતીઓમાં જુદા-જુદા કુરિવાજો અને જુદી-જુદી અંધશ્રદ્ધાઓ જોઈ શકાય છે તે પૈકીની એક સામાજિક કુરિવાજની પ્રથાનું આર્થિક ભારણ જાણવા અમારી સંશોધક ટીમ દ્વારા નીચે મુજબનો અભ્યાસ હાથ ધારેલ હતો જેના વિવધતા સભર તારણો અહી ગરીબ આદિવાસી કુટુંબના આર્થિક ભારણ ને કેવી રીતે વિકૃત કરે છે તે સમજવા રજૂ કરેલ છે.

સામાજિક પ્રસંગોમાં સર્વ સ્વીકૃત ‘ચાંદલા પ્રથા’:

સામાજિક પ્રસગોમાં ચાંદલા  પ્રથા એક સ્વીકૃત પરમપરા કે રિવાજ છે. ઇસ્લામ ધર્મને બાદ કરતાં લગભગ તમામ સમાજમાં દુનિયાભરમાં યજમાનના દ્વારા નિમત્રણ આપવામાં આવે ત્યારે, આવા નિમત્રણને માન આપી ગંતવ્ય પ્રસંગોમાં સહભાગી થવા માટે આવતા મહેમાનો ભેટ-સોગાદ કે રોકડ રકમ ચાંદલા  સ્વરૂપે યજમાનને આપે છે. આ પ્રકારની પ્રથા એક યા બીજા સ્વરૂપે જુદા-જુદા પ્રદેશોમાં અસ્તિત્વ ધરાવતી જોવા મળે છે. અહી ખુશીમાં કે દુખમાં સાથે મળી દુખ-સુખ વહેચવાની ભાવના છે. સમાજમાં સ્વેચ્છિક રીતે આપતા ભેટ-સોગાદ અને રોકડ ચાંદલા  એક સહજ વ્યવહાર તરીકે સ્વીકૃતી ધરાવે છે. ચાંદલા  પ્રથા જો ફરજિયાત અને અસહ્ય આર્થિક ભારણરૂપ બને તો તે સમાજના લોકો માટે સામાજિક દબાણ હેઠળ ચાલુ રહેતું દૂષણ બની જાય. આ પ્રકારના દૂષણથી બંને તરફ દૂષણ સર્જન થાય છે. એક તરફ ફરજીયાત ચાંદલા પ્રથાના કારણે યજમાનને એક નિશ્ચિત રકમ ચાંદલા સ્વરૂપે પરત મળવાની ખાત્રી છે. આ સંજોગોમાં તેમનું જે તે પ્રસંગ માટે કરવામાં આવતા બિન-જરૂરી અને દેખા-દેખીના ખર્ચ તરફ કૂણું વલણ રહે છે. વળી ફરજિયાત ચાંદલા પ્રથામાં નિશ્ચિત ખર્ચ સપાટીથી વધારે ખર્ચ કરવાનું એક પ્રકારનું સામાજિક દબાણ પણ સર્જન થતું હોય છે. આ પ્રકારની ફરજિયાત ચાંદલા પ્રથામાં ઘણાખરા કિસ્સાઓમાં પોતે નોધાવેલ ચાંદલો ખૂબ લાંબો સમય વીતી જવાથી,યજમાન અને મહેમાન બન્ને વચ્ચેના પરિવારિક સંબંધોના પરિવર્તનો થવાથી વગેરે કારણોસર ક્યારેક

ચાંદલો પરત મેળવવા માટે જ, કોઈ પણ અન્ય કારણ ન હોવા છતાં મેળાવડાનું આયોજન થતું જોવા મળે છે. આ પ્રકારના મેળાવડા માત્ર ને માત્ર પોતે ભૂતકાળમાં અર્પણ કરેલ ચાંદલાનો વળતો ચાંદલો પરત મેળવવા આયોજન થતાં હોય છે. ઘણા ખરા કિસ્સાઓમાં મકાન નિર્માણ અને વાહન ખરીદી વગેરે કારણસર ચાંદલારુપી રકમ મેળવવા માટે જ મેળાવડા આયોજન થતાં જોવા મળે છે. આવા કિસ્સાઓમાં ચાંદલાઓ રૂપી રકમ સહજ રૂપે પ્રાપ્ત થતી હોવાથી જે તે નિર્ધારિત ખર્ચ બિન જરૂરી રીતે ઊંચું રહેતું ઘણાબધા કિસ્સાઓમાં જોવા મળે છે. આ પ્રકારના ફરજિયાત ચાંદલા પ્રથાનું સવિશેષ વિઘાતક પરિણામ તે આ પ્રથાને કારણે ઘણા પરિવારો દેવાદાર બને છે તેમાં રહેલું છે. એક વાર કોઈપણ કારણસર મેળાવડો આયોજીત કરીને મેળવેલ ચાંદલારુપી રકમ બિન જરૂરી ખર્ચ કરવામાં વપરાય જાય છે, તો ભવિષ્યમાં આ ચાંદલાનો બદલો આપવા માટે જરૂરી ચાંદલા રકમ ન હોવાથી અને ચાંદલો હવે ઊંચી રકમનો કરવો ફરજીયાત હોવાથી દેવું કરી ને પણ ચાંદલો કરવો પડે છે. આ પ્રથા એટલા પ્રમાણમા વિકૃત થયેલ જોવા મળે છે કે આ પ્રકારના દેવામાં ડૂબેલા પરિવારો માત્ર દેવું ચૂકવવા માટે પણ ચાંદલા રૂપે રકમ પરત મેળવવા ના એક માત્ર હેતુસર મેળાવડા આયોજિત કરતાં જોઈ શકાય છે. દિન પ્રતિદિન આવા નિવારી શકાય તેવા (બિનહેતુસરના) મેળાવડાઓ ખર્ચાળ સાબિત થતા જતાં હોય, આ પ્રકારના સામાજિક રૂવાજ ધીરે ધીરે કુરિવાજ બની જાય છે. આ પ્રકારના રિવાજ દ્વારા એક વિષચક્ર નિર્માણ થાય છે જેના કારણે આ રિવાજ સવલગ્ન સંપૂર્ણ સમાજ આર્થિક રીતે અધોગતિ તરફ ધકેલા છે. ગરીબ સમાજોમાં આ પ્રકારની કુપ્રથા પ્રચલિત બનતા તે સમાજ દેવાના અસહ્ય બોજા હેઠળ દબાય જાય છે. આ પ્રકારના કુરિવાજો દ્વારા થતી વિઘાતક અસરો નીચેના ચાર્ટમાં દર્શાવામાં આવેલ છે.

ચાંદલા  વિધિ દ્વારા ઉદ્ભવ થતું ગરીબીનું વિષચક્ર:




દાહોદ અને આસપાસના વિસ્તારોમાં આદિવાસી સમાજમાં પ્રવર્તમાન ચાંદલા પ્રથાનો એક સર્વે કરી તેને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ સર્વે તદન યાદચ્છ રીતે નિદર્શ પસંદ કરી કરવામાં આવ્યો હતો. દાહોદ અને આસપાસના પ્રદેશમાં ક્ષેત્ર મુલાકાત દરમિયાન જે યક્તિએ પોતાનો કિમતી સમય આપી ઉત્તરો આપ્યા છે તેવા વ્યક્તિઓ દ્વારા નિદર્શ નક્કી થયેલ છે જે નીચે પ્રમાણે છે.

**ચાંદલા વિધિના અભ્યાસ માટે કરેલ સર્વેના પરિણામો:**

| નિદર્શમાં સામેલ ઉત્તરદાતાઓનો જિલ્લો | | | |
|---|---|---|---|
| પ્રદેશ | આવૃત્તિ | ટકાવારી | સંચિત આવૃત્તિ |
| છોટાઉદેપુર | 19 | 6.2 | 6.2 |
| દાહોદ | 245 | 80.1 | 86.3 |
| મહીસાગર | 14 | 4.6 | 90.8 |
| પંચમહાલ | 28 | 9.2 | 100 |
| કુલ | 306 | 100 | |

નિદર્શમાં સામેલ ઉત્તરદાતાઓનો જિલ્લો દાહોદ કે તેની આસપાસનો રહેલ છે, મુખ્યત્વે અભ્યાસનું વિષય વસ્તુ દાહોદ જીલ્લામાં કેન્દ્રિત છે તેથી દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓ મુખ્યત્વે જોવા મળશે. ચાંદલા પ્રથા દાહોદ જીલ્લામાં પ્રભુત્વ ધરાવતી હોવા છતાં તે જિલ્લાની આસપાસના પ્રદેશોમાં પણ પ્રસાર ધરાવે છે આ પરિસ્થિતિમાં દૂરના પ્રદેશો માથી પણ

આદિવાસી લોકોના ઉત્તરો મેળવીને અભ્યાસ કરવાનો પ્રયત્ન કરેલ છે. નિદર્શમાં સામેલ ઉત્તરદાતાઓનો તાલુકા અંગેની માહિતી નીચે મુજબ ટેબલમાં દર્શાવેલ છે.

| નિદર્શમાં સામેલ ઉત્તરદાતાઓનો તાલુકો | | | |
|---|---|---|---|
| પ્રદેશ | આવૃત્તિ | ટકાવારી | સંચિત |
| NA | 1 | 0.3 | 0.3 |
| છોટાઉદેપુર | 2 | 0.7 | 1 |
| દાહોદ | 9 | 2.9 | 3.9 |
| દેવગઢબારિયા | 81 | 26.5 | 30.4 |
| ધાનપુર | 5 | 1.6 | 32 |
| જાણતા નથી | 40 | 13.1 | 45.1 |
| ફતેપુરા | 7 | 2.3 | 47.4 |
| ગરબાડા | 19 | 6.2 | 53.6 |
| ઘોઘંબા | 16 | 5.2 | 58.8 |
| કડાના | 3 | 1 | 59.8 |
| લીમખેડા | 7 | 2.3 | 62.1 |
| નસવાડી | 2 | 0.7 | 62.7 |
| પંચમહાલ | 3 | 1 | 63.7 |
| પાવીજેતપુર | 6 | 2 | 65.7 |
| કવાંટ | 2 | 0.7 | 66.3 |
| સંજેલી | 1 | 0.3 | 66.7 |
| સંતરામપુર | 6 | 2 | 68.6 |
| સિંઘવડ | 1 | 0.3 | 69 |
| ઝાલોદ | 95 | 31 | 100 |
| કુલ | 306 | 100 | |

ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય: ચાંદલા પ્રથા એક સામાજિક પ્રથા છે. પરંતુ આ પ્રથાનું સીધે સીધુજ જોડાણ આર્થિક છે. આ પ્રથાનો જો યોગ્ય અભ્યાસ આર્થિક-સામાજિક જોડાણ થકી જ સંભવ છે. આર્થિક દરજ્જો કુટુંબના મુખ્ય વ્યવસાય કુટુંબની સંપતિ અને કુટુંબની માસિક આવક ઉપર આધારિત છે. નિદર્શમાં સમાવેશ ઉત્તરદાતાઓની આ સંદર્ભની માહિતી નીચે મુજબના ટેબલોમાં વર્ણન કરેલ છે.

| ઉત્તરદાતાનો મુખ્ય વ્યવસાય | | | |
|---|---|---|---|
| ઉત્તરદાતા નો વ્યવસાય | આવૃત્તિ | ટકાવારી | સંચિત |
| ખેતી અને સંલગ્ન | 263 | 85.9 | 85.9 |
| નોકરી | 22 | 7.2 | 93.1 |
| અન્ય | 21 | 6.9 | 100 |
| કુલ | 306 | 100 | |

ઉત્તરદાતાઓના મુખ્ય વ્યવસાયની માહિતી જોતાં જણાઈ આવે છે કે મોટાભાગના ઉત્તરદાતાઓ એટલેકે લગભગ 86% ઉત્તરદાતાઓ ખેતી સાથે જોડાયેલા છે અને તેમના મુખ્ય વ્યવસાય તરીકે ખેતીને અપનાવી રહ્યા છે. નોકરી જેમાં જાહેર ક્ષેત્ર કે ખાનગી ક્ષેત્રમાં નોકરી કરતાં ઉત્તરદાતાઓ નો સમાવેશ થાય છે, તેમની કુલ સંખ્યા 22 છે જે નિદર્શના માત્ર 7.2 % છે. અન્યની શ્રેણીમાં નાના મોટા વ્યવસાય ધારકો, નાની-મોટી સેવાઓ આપનારા વગેરે જેવા ઉત્તરદાતાઓનો સમાવેશ થયેલ છે.

**ઉત્તરદાતાની કુલ કૌટુંબિક વાષિક આવક(અંદાજિત )**

| ઉત્તરદાતાના કુટુંબની વાર્ષિક આવક (રૂપિયામાં ) | | | |
|---|---|---|---|
| આવક સમૂહ | આવૃત્તિ | ટકાવારી | સંચિત આવૃત્તિ |
| 50000 સુધી | 42 | 13.7 | 13.7 |
| 50000 to 1લાખ | 195 | 63.7 | 77.5 |
| 1 to 2 લાખ | 46 | 15 | 92.5 |
| 2 to 3 લાખ | 3 | 1 | 93.5 |
| 3 to 4 લાખ | 2 | 0.7 | 94.1 |
| 4 to 5 લાખ | 1 | 0.3 | 94.4 |
| 5 લાખ થી વધારે | 17 | 5.6 | 100 |
| કુલ | 306 | 100 | |

ઉત્તરદાતાઓ પૈકીનાં લગભગ 14% ઉત્તરદાતાઓ વર્ષે 50 હજાર રૂપિયા કરતાં પણ ઓછી આવક મેળવતા જણાયા છે. કુલ ઉત્તરદાતા પૈકીનાં અડધા કરતાં પણ વધારે (લગભગ 64%) ઉત્તરદાતાઓ 50 હજાર રૂપિયા થી એક લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક મેળવતા જણાયા છે. એક લાખ થી બે લાખ ની આવક સમૂહમાં 15% જણાયા છે ત્યાર બાદના આવક સમૂહમાં એટલેકે ત્રણ થી 4 અને 4 થી 5 લાખ આવક સમૂહમાં અનુક્રમે બે અને એક ઉત્તરદાતા જણાયા છે. અંતિમ આવક સમૂહ એટલેકે પાંચ લાખ થી વધારે આવક ધરાવતા સમૂહમાં 5.6% ઉત્તરદાતાઓ જોવા મળ્યા છે.

**ઉત્તરદાતાની જમીન,મકાન, પશુ વગેરે મળી કુલ સંપત્તિનું મૂલ્ય અંદાજિત રૂપિયા.**

| ઉત્તરદાતાના કુટુંબનું કુલ સંપતિ મુલ્ય (રૂપિયામાં ) | | | |
|---|---|---|---|
| સંપતિ સમૂહ | આવૃત્તિ | ટકાવારી | સંચિત આવૃત્તિ |
| 50000 સુધી | 3 | 1 | 1 |
| 50000 to 1લાખ | 5 | 1.6 | 2.6 |
| 1 to 2 લાખ | 22 | 7.2 | 9.8 |
| 2 to 3 લાખ | 115 | 37.6 | 47.4 |
| 3 to 4 લાખ | 72 | 23.5 | 70.9 |
| 4 to 5 લાખ | 41 | 13.4 | 84.3 |
| 5 લાખ થી વધારે | 36 | 11.8 | 96.1 |
| કુલ | 12 | 3.9 | 100 |
| Total | 306 | 100 | |

સંપતિ મૂલ્ય ઉત્તરદાતાના આર્થિક સ્તરનું અગત્યનું માપદંડ છે. ઉત્તરદાતાના સમૂહમાં કુટુંબની તમામ પ્રકારની સંપતિની મુલ્ય જોતાં જણાય છે કે, 50 લાખ રૂપયા કરતાં વધારે સંપતિ મુલ્ય ધરાવતા ઉત્તરદાતાઓ કુલ નિદર્શ કદ ના 4% છે. જયારે 50 હજાર રૂપિયા કરતાં પણ ઓછું સંપતિ મુલ્ય ધરાવતા ઉત્તરદાતાઓ કુલ નિદર્શ કદના માત્ર 1% છે. લગભગ 50% ઉત્તરદાતાઓ માટે પરિવારની સંપતિ મૂલ્ય લગભગ 5 લાખ રૂપિયા સુધીનું જણાયું છે.

**ઉત્તરદાતાના પરિવારના સભ્યો છેલ્લા વર્ષમાં કુલ કેટલી વાર ચાંદલા વિધિમાં ગયા હતા**

| છેલ્લા/આગલા વર્ષ દરમિયાનમાં કુટુંબના સભ્યો દ્વારા કેટલી વખત ચાંદલા વિધિ માં જવામાં આવ્યું | | | |
|---|---|---|---|
| સમૂહ | આવૃત્તિ | ટકાવારી | સંચિત આવૃત્તિ |
| 0 | 13 | 4.2 | 4.4 |
| 1 to 5 વખત | 84 | 27.5 | 32.7 |
| 6 to 10 વખત | 75 | 24.5 | 57.9 |
| 11 to 15 વખત | 57 | 18.6 | 77.1 |
| 16 to 20 વખત | 32 | 10.5 | 87.9 |
| 21 to 25 વખત | 14 | 4.6 | 92.6 |
| 26 to 30 વખત | 2 | 0.7 | 93.3 |
| 30 વખત થી વધારે | 20 | 6.5 | 100.0 |
| કુલ | 297 | 97.1 | |
| NA | 9 | 2.9 | |
| કુલ | 306 | 100.0 | |

ઉત્તરદાતાના પરિવારના સભ્યો છેલ્લા વર્ષમાં કુલ કેટલી વાર ચાંદલા વિધિમાં ગયા હતા? તે પ્રશ્નના ઉત્તર દ્વારા જાણી શકશે કે સર્વ સમાન્ય જણાતી ચાંદલા વિધિની પરંપરા અને દાહોદ જિલ્લાના આસપાસના પરદેશમાં અસ્તિત્વમાં આવેલ ચાંદલા વિધિ ની પરંપરા કેવી રીતે જુદી છે. મળેલ માહિતી જોતાં જણાઈ આવે છે કે ચાંદલા પ્રથાની દાહોદ અને આસપાસના પ્રદેશમાં સ્વીકૃત થયેલ આ સામાજિક પરંપરા સમાન્ય ચાંદલા પ્રથા કરતાં ઘણી જુદી છે અને તેના પરિણામો પણ ઘણા ભિન્ન છે. શ્રી ડૉ. સુરેન્દ્રકુમાર બારિયા1 આ સંદર્ભમાં આદીલોક જુલાઈ-ઓગષ્ટ ૨૦૨૨ જણાવે છે કે ચાંદલા વિધિમાં ચાંદલો વાળવો એ સમાજમાં આબરૂ કે ઈજ્જત રાખવાનું કામ છે, એટલે કે કંકોત્રી મળે અને આપણા પ્રસંગમાં આવેલો હોય તો પાછો રૂપિયા હોય કે ન હોય તો કોઈ પણ જગ્યાએથી વ્યવસ્થા કરીને પહોંચવું પડે છે. આમ પણ આદિવાસીઓ ખુદ્દારી અને ખુમારીવાળો સમાજ છે. આદિવાસીઓના સામાજિક અને આર્થિક જીવનવ્યવહારમાં સહકારની ભાવના જોવા મળે છે. ભીલોમાં ચંદ્લાવીધીના ત્રણ પ્રકાર છે:(૧)લગ્ન પ્રસંગે (૨ )વાસ્તુપૂજન (૩) ભોંય નોતર (લગ્ન કે વાસ્તુપૂજન સિવાયની

[1] લેખક સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, મોરવા હડફ- પંચમહાલમાં ઇતિહાસના અધ્યાપક છે

ચાંદલાવિધિ) આ પ્રસંગો દેવુથી અગિયારસથી શરૂ કરીને દિવસ સુધીમાં કરવામાં આવે છે એટલે કે નવેમ્બર મહિનાથી લઈને જુન મહિના સુધીમાં તેનું આયોજન થાય છે.

ચાંદલાવિધી પ્રથા પંચમહાલના ભીલોમાં વર્ષો જૂની ચાલી આવતી પ્રથા છે. શરૂઆતમાં આ પ્રથા માત્ર લગ્ન પ્રસંગે જ કરવામાં આવતી હતી, પરંતુ વર્તમાન સમયમાં વાસ્તુપૂજન કે નાણાભીડ આવે અથવા દર ત્રણથી પાંચ વર્ષે એકવાર આયોજન કરવામાં આવે છે. આ પ્રથા ગુજરાતના સંયુક્ત પંચમહાલના ભીલોમાં જોવા મળે છે. આ પ્રથાનો હેતુ સહકારની ભાવનામાંથી શરૂઆત થઇ હોઈ તેમ જણાય છે. સમાજમાં કોઈ ભાઈને નાણાકીય ભીડ આવે અથવા તેના ઘરે લગ્ન, મકાન કે કુવાનું કામ પાર પડવાનું હોય ત્યારે ચાંદલાવિધી (નોંતેર)નું આયોજન કરવામાં આવે છે. આમ, નાણાકીય સહકારની ભાવનામાંથી શરુ થયેલી આ પ્રથા આજે પણ એક દુષણ કે ભીલોને દેવાના ડુંગર નીચે લઇ જનારી બને છે. જુદા જુદા આર્થિક સ્તરના સમૂહમાં આ વિધિમાં જોડનાર ઉત્તરદાતા જોવામાં આવે તો અત્યંત ગરીબ અને અત્યંત આમિર ઉત્તરદાતાની તુલનમાં મધ્યમ આવક મેળવતા ઉત્તરદાતાઓ આ પ્રથામાં વધારે શકીય થયેલ જોવા મળે છે, જે નીચેના ટેબલ ઉપરથી જોઈ શકાય છે.

| | છેલ્લા/આગલા વર્ષ દરમિયાનમાં કુટુંબના સભ્યો દ્વારા જે વિવધ વખત ચાંદલા વિધિ માં જવામાં આવ્યું તેમના કુટુંબનું વાર્ષિક આવક સ્તર | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | 50000 રૂ સુધી | 50000-1 લાખ | 1 to 2 લાખ | 2 to 3 લાખ | 3 to 4 લાખ | 4 to 5 લાખ | 5 લાખથી વધારે | |
| 0 | 0.0% | 6.9% | 0.0% | 0.0% | 0.0% | 0.0% | 0.0% | 4.4% |
| 1 to 5 વખત | 21.4% | 30.3% | 37.8% | 0.0% | 0.0% | 0.0% | 5.9% | 28.3% |
| 6 to 10 વખત | 33.3% | 28.7% | 11.1% | 0.0% | 0.0% | 0.0% | 11.8% | 25.3% |
| 11 to 15 વખત | 28.6% | 18.6% | 15.6% | 0.0% | 0.0% | 100.0% | 11.8% | 19.2% |
| 16 to 20 વખત | 9.5% | 10.6% | 13.3% | 0.0% | 100.0% | 0.0% | 5.9% | 10.8% |
| 21 to 25 વખત | 2.4% | 3.7% | 11.1% | 0.0% | 0.0% | 0.0% | 5.9% | 4.7% |
| 26 to 30 વખત | 2.4% | 0.0% | 2.2% | 0.0% | 0.0% | 0.0% | 0.0% | 0.7% |
| 30 કરતા વધારે વખત | 2.4% | 1.1% | 8.9% | 100.0% | 0.0% | 0.0% | 58.8% | 6.7% |
| કુલ | 100.0% | 100.0% | 100.0% | 100.0% | 100.0% | 100.0% | 100.0% | 100.0% |

ચાંદલા પ્રથામાં ચાંદલા ઓનું મુલ્ય: શ્રી ડૉ. સુરેન્દ્રકુમાર બારિયા આ સંદર્ભમાં આદીલોક જુલાઈ- ઓગષ્ટ ૨૦૨૨ જણાવે છે કે મારા(લેખકના) ગામના મુખી (વેચાતભાઈ બારિયા ઉમર વર્ષ: ૭૨ ) સાથે આ સંદર્ભે સાક્ષાત્કાર કરતાં તેમણે જણાવ્યું કે દહેજ અને લગ્નના ખર્ચને પહોંચી વળવા માટે નોતરાની શરૂઆત પરંતુ તે સમયે દહેજની રકમ અને લગ્ન પણ સદાઈથી કરવામાં આવતા. મોટા ભાગનું કામ ગામના સહકારથી થતું. તેમ છતાં દેવદાર ઠવાતું હતું. ઈ.

સ.૧૯૫૦ ની આજુબાજુમાં દહેજની રકમ ૩૦૦ રૂપિયાથી ૫૦૦ સુધીની હતી,તો આ સમયે ચાંદલો પણ ૬૦૦ રૂપિયાથી ૧૦૦૦ સુધીનો એકત્રિત થતો હતો.

વર્તમાનમાં આ ચાંદલા ની રકમ કુટુંબ, સગા- સંબંધીઓ અને મિત્ર વર્તુળ મોટું હોય, વ્યક્તિ પોતે સામાજિક વ્યવહારુ હોય તો આ ચાંદલો ૨૦ લાખથી ૫૦ લાખ સુધી પડતો હોય છે. ન માત્ર ૫૦ લાખ પણ એક કરોડ રૂપિયા ચાંદલો પડ્યો હોય તેવા દાખલ નોંધાય છે. સંજેલી તાલુકામાં બે વ્યક્તિને ત્યાં ને ઝાલોદ તાલુકામાં પણ એકથી બે વ્યક્તિને એક કરોડથી વધારે ચાંદલો પડ્યો છે. આઠ-આઠ કરોડનો ચાંદલો પડ્યો હોય તેવા દાખલાઓ પણ દાહોદ પંથકમાં નોંધાયા છે.

જેમ જેમ દહેજ અને લગ્નના ખર્ચા વધુ થતા ગ્યા તેમ ચાંદલો પણ વધતો ગયો. વર્તમાનમાં દેખીદેખીમાં અને મસમોટા ખોટા ખોટા ખર્ચાઓ કરવામાં આવે છે. આ ચાંદલાવિધિ પ્રથા જે વર્તમાનમાં "સહકારી યોજના" કે "ક્રેડિટ સોસાયટી"નો પુરોગામી હોય તેમ જણાય છે.

કોઈ એક વ્યક્તિ ચાંદલો રાખે છે. તેના કુટુંબીઓ, સગા- સંબંધીઓ અને મિત્ર વર્તુળ તેની સામાજિક વ્યવહાર કે આર્થિક ક્ષમતા જોઇને ઓછામાં ઓછા ૫૦૦ રૂપિયાથી લઇ ટોચમર્યાદા તેની આર્થી ક્ષમતા પ્રમાણે ૧૦,20,25,૫૦,હાજર . એક લાખ, બે લાખ સુધી ચાંદલો લખાવે છે. માનો કે તેને આઠ લાખ ચાંદલો પડ્યો પરંતુ તે (ચાંદલો વાળવો) તેને પરત કરવા મતે માત્રને માત્ર સામાજિક નિયમો છે. તેના "કેડીટ સોસાયટી" કે " સહકારી સંસ્થા" જેવા બંધારણીય નિયમો નથી. પણ સમાજનું કામ વ્યવહાર સમજીને ચાંદલાને પરત કરવાનો હોય છે.

**પાછલા /છેલ્લા વર્ષ દરમિયાનમાં ચાંદલા વિધીમાં કુટુંબ દ્વારા કરેલ ચાંદલા નું કુલ મૂલ્ય રૂપિયા**

| સમૂહ | આવૃત્તિ | ટકાવારી | સંચિત આવૃત્તિ |
|---|---|---|---|
| 0 | 10 | 3.3 | 3.4 |
| 1000 to 5000 | 4 | 1.3 | 4.7 |
| 6000 to 10000 | 32 | 10.5 | 15.5 |
| 11000 to 15000 | 33 | 10.8 | 26.7 |
| 16000 to 20000 | 23 | 7.5 | 34.5 |
| 21000 to 25000 | 16 | 5.2 | 39.9 |
| 26000 to 30000 | 16 | 5.2 | 45.3 |
| 31000 to 50000 | 56 | 18.3 | 64.2 |
| 51000 to 1 લાખ | 72 | 23.5 | 88.5 |
| 1 લાખ to 2 લાખ | 23 | 7.5 | 96.3 |
| 2 લાખ થી વધારે | 11 | 3.6 | 100.0 |
| કુલ | 296 | 96.7 | |
| No Answer | 10 | 3.3 | |
| કુલ | 306 | 100.0 | |

ઉત્તરદાતાના પરિવાર દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ચાંદલા વિધી આયોજન કરવામાં આવી હતી ? કુલ 306 માથી 219 ઉત્તર દાતા દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ચાંદલા વિધી આયોજન કરવામાં આવી હતી ? જ્યારે બાકીના ઉત્તરદાતાના પરિવાર દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ચાંદલા વિધી આયોજન કરવામાં આવી હતી નહીં.

'હા' તો કયા કારણ માટે આયોજન કરવામાં આવ્યું હતું? તેવા પ્રશ્નના ઉત્તરમાં નીચે પ્રમાણે પ્રત્યુતર મળ્યા હતા:મકાન બનાવવામાં ખર્ચો થયો હોવાથી, છોકરાના લગન માટે/લગન માટે આર્થીક મદદ માટે,ચાંદલો જૂનો થઈ જશે એના માટે સમય જતા રકમ પાછી ન આવવા થી સમય અનુસાર/ચાંદલો જૂનો થઈ ગયો હોવાથી/ઘર બનાવવા માટે/નવું મકાન બનાવા મટે થયેલ ખર્ચો ના કારણે/મકાન બનાવ્યું હતું એમાં થયેલ દેવું તેને પૂરું કરવા માટે આર્થિક મદદ મેળવવા /દેવા ની ચુકવણી કરવા માટે/વ્યાજ ચૂકવવા માટે/મકાન બનાવવા માં થયેલ દેવું પૂરું કરવાં/ગાડી લીધી હતી તેમાં થયેલ દેવું પૂરુ કરવા/હવન/ વાસ્તુ/ પૂજન/તુલસી વિવાહ/ટ્રેક્ટર લીધું હતું તેમાં થયેલ દેવા માટે આર્થિક મદત/જમીન ખરીદવા માટે /બીમારીમાં માં થયેલ દેવું પુરું કરવા માટે વગેરે ભળતા કારણો દર્શાવવામાં આવ્યા હતા. ઉપરોક્ત કારણો જોતાં જણાય છે કે તે પૈકીનાં કોઈ એક-બે અપવાદ બાદ કરતાં તમામ કારણો અનુત્પાદ્દક ખર્ચ નિર્દેશ કરી રહ્યા છે.

ઉત્તરદાતાના પરિવારના સભ્યો છેલ્લા વર્ષમાં કુલ કેટલી રકમનો ચાંદલા કરી ચુક્યા છે ?

| ઉત્તરદાતાના પરિવારના સભ્યો છેલ્લા વર્ષમાં કુલ કેટલી રકમનો ચાંદલા કરી ચુક્યા છે | | | | |
|---|---|---|---|---|
| ચાંદલા રકમ | આવૃત્તિ | ટકાવારી | માન્ય ટકાવારી | સંચિત આવૃત્તિ |
| 0 | 10 | 3.3 | 3.4 | 3.4 |
| 1000 to 5000 | 4 | 1.3 | 1.4 | 4.7 |
| 6000 to 10000 | 32 | 10.5 | 10.8 | 15.5 |
| 11000 to 15000 | 33 | 10.8 | 11.1 | 26.7 |
| 16000 to 20000 | 23 | 7.5 | 7.8 | 34.5 |
| 21000 to 25000 | 16 | 5.2 | 5.4 | 39.9 |
| 26000 to 30000 | 16 | 5.2 | 5.4 | 45.3 |
| 30000 to 50000 | 56 | 18.3 | 18.9 | 64.2 |
| 50000 to 1 લાખ | 72 | 23.5 | 24.3 | 88.5 |
| 1 to 2 લાખ | 23 | 7.5 | 7.8 | 96.3 |
| 2 લાખ થી વધારે | 11 | 3.6 | 3.7 | 100.0 |
| કુલ | 296 | 96.7 | 100.0 | |
| NA | 10 | 3.3 | | |
| ટોટલ | 306 | 100.0 | | |

જો 'હા' તો આયોજન કરવામાં આવ્યું તેમાં કેટળી રકમનો ચાંદલો મેળવવામાં આવ્યો હતો ?

| આયોજન કરવામાં આવ્યું તેમાં કેટળી રકમનો ચાંદલો મેળવવામાં આવ્યો. | | | |
|---|---|---|---|
| રકમ સમૂહ | આવૃત્તિ | ટકાવારી | સંચિત આવૃત્તિ |
| શૂન્ય થી 10000 સુધી | 5 | 1.6 | 2.2 |
| 11000 to 15000 | 9 | 2.9 | 6.3 |
| 16000 to 20000 | 3 | 1.0 | 7.6 |
| 21000 to 25000 | 7 | 2.3 | 10.8 |
| 26000 to 30000 | 1 | 0.3 | 11.2 |
| 30000 to 50000 | 4 | 1.3 | 13.0 |
| 50000 to 1 લાખ | 33 | 10.8 | 27.8 |
| 1 લાખ to 2 લાખ | 65 | 21.2 | 57.0 |
| 2 લાખ થી વધારે | 96 | 31.4 | 100.0 |
| કુલ | 223 | 72.9 | |
| NA /no answer | 83 | 27.1 | |
| કુલ | 306 | 100.0 | |

જો 'હા' તો આયોજન કરવામાં આવ્યું તેમાં લોકોને ચા-નાસ્તો-ભોજન ખર્ચ કેટલો આવ્યો હતો ?

| ચાંદલા વિધિ નું આયોજન કરવામાં આવ્યું તેમાં લોકોને ચા-નાસ્તો-ભોજન ખર્ચ કેટલા રૂપિયા | | | |
|---|---|---|---|
| ખર્ચ સમૂહ | આવૃત્તિ | ટકાવારી | સંચિત આવૃત્તિ |
| 0 | 4 | 1.3 | 1.8 |
| 1000 to 5000 | 3 | 1.0 | 3.2 |
| 6000 to 10000 | 1 | 0.3 | 3.6 |
| 11000 to 15000 | 18 | 5.9 | 11.8 |
| 16000 to 20000 | 16 | 5.2 | 19.0 |
| 21000 to 25000 | 4 | 1.3 | 20.8 |
| 26000 to 30000 | 14 | 4.6 | 27.1 |
| 30000 to 50000 | 52 | 17.0 | 50.7 |
| 50000 to 1 લાખ | 84 | 27.5 | 88.7 |
| 1 લાખ to 2 લાખ | 15 | 4.9 | 95.5 |
| 2 લાખથી વધારે | 10 | 3.3 | 100.0 |
| કુલ | 221 | 72.2 | |
| NA /no answer | 85 | 27.8 | |
| કુલ | 306 | 100.0 | |

ચાંદલા વિધિમાં એક નાનો મેળાવડો પણ કરવાનો હોય આ મેળવડાનું ખર્ચ પણ યજમાનને બોજા રૂપ સાબિત થતું જણાયુ છે. ઉપરના ટેબલમાં આ મેળવડાનો કેટલો ખર્ચ આવે છે તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે મેળવડા માટેનું આ ખર્ચ તદન અનુત્પાદ હોય છે. આ પ્રથામાં જો વધુ વિઘાતક તત્વ હોય તો તે પ્રથા સાથે સંકળાયેલ તેના સામાજિક નિયમો. આ નિયમો ફરજિયાત છે અને પ્રદેશે-પ્રદેશે તેમાં પરિવર્તનો પણ જોવા મળે છે. તેનો મુખ્ય નિયમ તે પરત કરવાની રકમ સાથે સંકળાયેલ છે.આ સંદર્ભમાં શ્રી ડૉ. સુરેન્દ્રકુમાર

બારિયા આ સંદર્ભમાં આદીલોક જુલાઈ- ઓગષ્ટ ૨૦૨૨ જણાવે છે કે ચાંદલો કરનાર વ્યક્તિ ચાંદલાવિધિનું આયોજન કરે ત્યારે તે પરત કરવાના હોય છે. આમાં પણ દાહોદ, પાચમહાલ અને મહિસાગરના વિવિધ તાલુકે તાલુકે અલગ નિયમો જોવા મળે છ. દા. ત. ગરબાડા, ધાનપુર અને લીમખેડામાં ફરજિયાત ચાંદલો બે ગણો (ડબલ) લખાવવામાં આવે છે. જ્યારે જલોડ, સંજેલી, દાહોદ, સંતરામપુર, ફતેપુરા વગેરેમાં ધારોકે ૫૦૦ રૂપિયા ચાંદલો હોય તો ૭૦૦ કે ૮૦૦ કરો તો પણ ચાલે.. પણ સમેવાળાની વ્યવહાર અને આર્થિક સ્થિતિને ધ્યાને રાખીને કરવામાં આવતો હોઈ છે.

વ્યક્તિની આર્થિક સ્થિતિને ધ્યાને રાખીને ચાંદલો કરવામાં આવે છે. ઘણી વખતે નજીકના સગા કે ભાઈ-બેટાની આર્થિક સ્થિતિ નબળી છે, પરંતુ લગ્નના ખર્ચને પહોંચી વળવા નોકરિવાળા કે આર્થિક રીતે સધ્ધર કુટુંબીજનો મદદની ભાવનાથી મોટી રકમનો ચાંદલો કરતાં હોય છે. કારણ કે કુટુંબની આબરૂ, પ્રતિષ્ઠાનો સવાલ છે.

તમારા ગામ/પ્રદેશ માં ચાંદલા વિધિમાં એકંદરે કેટલી રકમ જમા થાય છે?

| ગામ/પ્રદેશ માં ચાંદલા વિધિમાં એકંદરે (સરેરાસ અંદાજીત) કેટલી રકમ જમા થાય (રૂપિયા) | | | |
|---|---|---|---|
| ચાંદલા રકમ સમૂહ | આવૃત્તિ | ટકાવારી | સંચિત |
| 1000 to 5000 | 1 | 0.3 | 0.3 |
| 6000 to 10000 | 11 | 3.6 | 4.1 |
| 11000 to 15000 | 4 | 1.3 | 5.5 |
| 16000 to 20000 | 2 | 0.7 | 6.1 |
| 21000 to 25000 | 1 | 0.3 | 6.5 |
| 26000 to 30000 | 1 | 0.3 | 6.8 |
| 30000 to 50000 | 19 | 6.2 | 13.3 |
| 50000 to 1 લાખ | 29 | 9.5 | 23.2 |
| 1 લાખ to 2 લાખ | 30 | 9.8 | 33.4 |
| 2 લાખ થી વધારે | 195 | 63.7 | 100.0 |
| કુલ | 293 | 95.8 | |
| NA /No Answer | 13 | 4.2 | |
| કુલ | 306 | 100.0 | |

સર્વે માં એક બીજાને પૂરક એવા બે પ્રશ્ન પુછવામાં આવ્યા હતા જેમાં પ્રથમ ઉપર નિર્દેષ્ટ છે તે : તમારા ગામ/પ્રદેશ માં ચાંદલા વિધિમાં એકંદરે કેટલી રકમ જમા થાય છે? અને તેના પૂરકમાં આપના પરિવાર દ્વારા છેલ્લે કોઈ ચાંદલા વિધિ આયોજિત કરી હતી તેમાં કેટલી રકમ એકત્રિત થઇ હતી? આ બંને ના ઉતારો એક સાથે નીચે મુજબ ચર્ચા કરી શકાય.

આપના પરિવાર દ્વારા છેલ્લે કોઈ ચાંદલા વિધિ આયોજિત કરી હતી તેમાં કેટલી રકમ એકત્રિત થઇ હતી?

| ઉત્તર્દાતાના પરિવાર દ્વારા છેલ્લે કોઈ ચાંદલા વિધિ આયોજિત કરી હતી તેમાં કેટલી રકમ | | | |
|---|---|---|---|
| ચાંદલા રકમ સમૂહ | આવૃત્તિ | ટકાવારી | સંચિત આવૃત્તિ |
| 0 અને 1000 સુધી | 3 | 1.0 | 1.3 |
| 1000 to 5000 | 3 | 1.0 | 2.5 |
| 6000 to 10000 | 1 | 0.3 | 2.9 |
| 11000 to 15000 | 7 | 2.3 | 5.9 |
| 16000 to 20000 | 2 | 0.7 | 6.7 |
| 21000 to 25000 | 6 | 2.0 | 9.2 |
| 30000 to 50000 | 10 | 3.3 | 13.4 |
| 50000 to 1 લાખ | 34 | 11.1 | 27.7 |
| 1 લાખ થી 2 લાખ | 66 | 21.6 | 55.5 |
| 2 લાખથી વધારે | 106 | 34.6 | 100.0 |
| કુલ | 238 | 77.8 | |
| NA /No Answer | 68 | 22.2 | |
| કુલ | 306 | 100.0 | |

ઉપરના ટેબલનો અભ્યાસ કરતાં જણાય છે કે, ગરીબ આદિવાસી સમાજમાં આશરે 5% વસ્તી જ એવી છે 25 હજાર રૂપિયા સુધીના ચાંદલા મેળવી રહેલ છે. બાકીના લગભગ 95% કુટુંબો 20 હજાર થી વધુજ રકમના ચાંદલા ઓ મેળવતા જણાયા છે. લાખ્ખો રૂપિયાના ચાંદલા ઓ મેળવતા પરિવારો પણ ઘણા મોટા પ્રમાણમા જણાયા હતા.

સરવેમાં જ્યારે પૂછવામાં આવ્યું કે "ધારો કે તમારી પાસે ચાંદલા વિધિના રૂપિયા નથી અને તમારે 50,000 રૂપિયા ચાંદલો કરવાનો જ છે, તો તમે રૂપિયા ક્યાંથી લાવશો?" આ પ્રશ્નના જવાબમાં મોટા ભાગે દેવા કે આર્થિક પાયમાલી ના સર્જક પગલાંઓ ઉત્તરદાતાઓ નિદર્શિત કર્યા છે. આમ આ પ્રથા આર્થિક પાયમાલી સર્જક સાબિત થાય થતી જોઈ શકાય છે.

શ્રી ડૉ. સુરેન્દ્રકુમાર બારિયા આ સંદર્ભમાં આદીલોક જુલાઈ- ઓગષ્ટ ૨૦૨૨ જણાવે છે કે સામાન્ય રીતે પાંચ થી દશ લાખનો ચાંદલો પડ્યો હોય તેણે પ્રથમ વર્ષે બે થી ત્રણ લાખ રૂપિયાનો ચાંદલો વાળવાનો આવતો હોય છે. બીજા એક વર્ષે એકથી બે લાખ અને ત્રીજા વર્ષે તો ૮૦ ટકા ચાંદલો વળી જતો હોય છે.

એક જ દિવસે ૪ થી ૫ જગ્યાએ ચાંદલો કરવા માટે જવાનું હોય છે એ લોકોએ ૧૦-૧૦ હજાર ચાંદલો કરેલો હોય તો એક જ દિવસમાં ૮૦ થી લાખની વ્યવસ્થા કરવી પડતી હોય છે. એટલે કે આવા સમયે ગમે તેવી નોકરીવાળો હોય મહીને ૮૦ થી લાખ રૂપિયાનો પગારદાર હોય તોપણ ઉછીના કે વ્યાજે રૂપિયા લાવીને પ્રસંગમાં હાજરી આપવી પડતી હોય છે. નોકરીવાળા આવી કફોડી સ્થિતિમાં મુકતા હોય તો નોકરી વગરના કે આર્થિક રીતે નબળા હોય તેમની તો શું સ્થિતિ હોય તે સમજી શક્ય તેમ છે. લગ્નની ચાંદલાવિધીનો ચાંદલો વળતા મોટા ભાગની વ્યક્તિઓ દેવાદાર બનતી હોય છે. એ કર્જમાંથી નીકળવા મતે ફરી ત્રણ કે પાંચ વર્ષે ચાંદલાવિધિનું આયોજન કરવામાં આવતું હોય છે, આમ એકવાર આ ચાંદલાવિધિના ચક્કરમાં સામેલ થાય તે ઝડપથી બહાર નીકળી શકતો નથી. ક્યારેક તો એવું લાગે છે કે ચાંદલા કરવા

માટે જ માણસે મહેનત મજુરી કરવી પડતી હોય છે. દાહોદના આદિવાસીઓના સ્થળાંતરમાં પણ ચાંદલાવિધિનું મહત્વનું પરિબળ છે. ચાંદલાવિધિમાં ચાંદલો વાળવો સમાજમાં આબરૂ કે ઈજ્જત રાખવાનું કામ છે, એટલે કંકોત્રી મળે અને આપણા પ્રસંગમાં આવેલો હોય તો પછી રૂપિયા હોય કે ન હોય તો કોઈ પણ આદિવાસીઓ ખુદ્દારી અને ખુમારીવાળો સમજ છે, એટલે ઘરેણા ગીરવે મુકવા પડે તો મુકે, જમીન મુકવી પડે તો મુકે, વ્યાજે રૂપિયા લાવવા પડે તો લાવે પણ વટ સાથે ચાંદલો કરવા જાય છે. પ્રસંગમાં હાજરી આપવી એ સામાજિક પ્રતિષ્ઠાનો સવાલ છે.

વર્તમાનમાં ચાંદલો પણ મસમોટો જેમકે પચીસ, પચાસ, એક લાખ અરે... આ વર્ષે એક ભાઈએ એક વ્યક્તિને અગિયાર લાખનો ચ્જન્દલો કાર્યનું જાણવા મળ્યું છે. આ રીતે દેખાદેખીમાં વર્તમાનમાં આ પ્રથા દુષણ તરફ આગળ વધી રહી છે. તો બીજી બાજુ ચાંદલાવિધિમાં ન આવી શક્ય હોય તેમની પાસે માંગણી પણ કરવામાં આવે છે અને મારા પ્રસંગમાં કેમ નહોતો આવ્યો તેમ કહીને ઝઘડો પણ થતો હોય છે, એવી પણ ઘટનાઓ સામે આવે છે. ક્યારેક અપમાન પણ કરવામાં આવતું હોય છે. તેથી આવી સ્થિતિમાંથી પસાર ન થવું પડે એટલે તમામ વ્યક્તિઓ વ્યાજે લઈને, જમીન કે ઘરેણા ગીરવે મુકીને પણ પ્રસંગમાં હાજરી આપે છે. એટકું જ નહિ પણ રૂપિયાની વ્યવસ્થા ન થાય તો તે અંતે અનાજને બજારમાં વેચીને પણ ચાંદલો કરતા હોય છે. આમ ઉમદા હેતુથી શરુ થયેલી આ ચાંદલાવિધિ આંજે દેખાદેખીમાં અને ખોટા ખર્ચાઓને કારણે એક દુષણ બની રહી છે, જેને કારણે ભીલ સમાજને ફરજીયાત સ્થળાંતર કરવું પડે છે. પ્રસ્તુત અભાયાસમાં આ સંદર્ભના કારણો નીચે મુજબ જણાયા હતા જેમાં મુખ્યત્વે વ્યાજે અથવા ઉછીના/ ઉછીના અથવા પેલ્લેથી વ્યવસ્થા કરવાની હોય છે/ લોન બીજા કોઈ ઓળખાણ કે સબંધ માં કરાર કરીને લેવાના/ દેવા સ્વરૂપે અથવા જમીન ભાડે આપીને/ પારિવારિક મદદ/ ગમે તે કરી ઉછીના લાવવા પડે અથવા ઘરના દાગીના ગીરવે રાખવા પડે/ સોનું ચાંદી ગીરવે મૂકીને/ સોના અને ચાંદીના દાગીના ગીરો મુકીને અથવા જમીન ભાડે આપીને વેચીને પણ/ શેઠ પાસે થી ઉપાડ/

ચાંદલા કરવાની આ પ્રથાથી લોકોનું દેવું થાય છે? આપનું મંતવ્ય જણાવો.209 દ્વારા સ્વીકાર કરવામાં આવ્યું કે દેવું થાય છે. ચાંદલા કરવાની આ પ્રથાથી આપના પરિવારનું દેવું થયું છે? 145 દ્વારા સ્વીકાર કરવામાં આવ્યું કે તેમના કુટુંબ ને આ પ્રથા દ્વારા દેવું થયું છે. શ્રી ડૉ. સુરેન્દ્રકુમાર બારિયા આ સંદર્ભમાં આદીલોક જુલાઈ- ઓગષ્ટ ૨૦૨૨ જણાવે છે કે ખાસ તો રાજકીય આગેવાનો, સામાજિક મોભીઓ અને નોકરિયાતોએ ચાંદલાપ્રથાને વધારે વિકસાવી છે અને આ પ્રથાને ફરજીયાત વ્યવહાર બનાવીને ગરીબને વધારે ગરીબ બનાવે છે. ઉપરોક્ત લોકો રોકાણની દ્રષ્ટીએ ચાંદલો કરે છે કારણકે ચારથી પાંચ વર્ષે ચાંદલો બે ગણો થતો હોય છે. આમ, ઉમદા હેતુથી શરુ થયેલી ચાંદલાવિધિ આજે રૂપિયાવાળી વ્યક્તિ મતે રોકાણ કરી ઓછા સમયમાં રૂપિયા ડબલ કરવાની યોજના બની ગઈ છે.તો ગરીબો માટે તે દેવાના વિષચક્રમાં

ધકેલી દેતી કારમી પરંપરા બની છે.શું દેવું કરેખર થાય છે? જો 'હા' તો, ચાંદલા કરવાની આ પ્રથાથી આપના પરિવારનું કેટલું દેવું થયું છે?

| ચાંદલાપ્રથાથી ઉત્તરદાતા ના પરિવારનું કેટલું દેવું થયું (રકમ રૂપિયામાં ) | | | |
|---|---|---|---|
| દેવું રકમ સમૂહ | આવૃત્તિ | ટકાવારી | સંચિત આવૃત્તિ |
| 1000 to 5000 | 5 | 1.6 | 3.6 |
| 6000 to 10000 | 6 | 2.0 | 7.9 |
| 11000 to 15000 | 9 | 2.9 | 14.4 |
| 16000 to 20000 | 24 | 7.8 | 31.7 |
| 21000 to 25000 | 9 | 2.9 | 38.1 |
| 26000 to 30000 | 22 | 7.2 | 54.0 |
| 30000 to 50000 | 33 | 10.8 | 77.7 |
| 50000 to 1 લાખ | 21 | 6.9 | 92.8 |
| 1 થી 2 લાખ | 6 | 2.0 | 97.1 |
| 2 લાખથી વધારે | 4 | 1.3 | 100.0 |
| કુલ | 139 | 45.4 | |
| NA /No Answer | 167 | 54.6 | |
| કુલ | 306 | 100.0 | |

ચાંદલા કરવાની આ પ્રથા યોગ્ય છે? આપનું મંતવ્ય જણાવો.54 ઉત્તરદાતાએ સ્પસ્ત શબ્દોમાં જણાવ્યુ કે આ પ્રથા યોગ્ય નથી. શ્રી ડૉ. સુરેન્દ્રકુમાર બારિયા આ સંદર્ભમાં આદીલોક જુલાઈ-ઓગષ્ટ ૨૦૨૨ જણાવે છે કે લગ્નના કે મકાનના બાંધકામના ખર્ચને કે મોટી માંદગીથી દેવું વધી જાય ત્યારે તેને પહોંચી વળવા મતે ભીલોનું આ સુંદર પ્રયોજન છે. પંચમહાલના ભીલોમાં બીજી એક પરંપરા છેતે ‘દહેજપ્રથા’. આ પ્રથા બિન આદિવાસીઓ કરતા વિરુદ્ધ છોકરાવાળા દ્વારા છોકરીના માતાપિતાને પંચ નક્કી કરે તેટલું દહેજ આપવામાં આવે છે.પરિવારના સગા-સંબંધીઓ અને ગામલોકોના આર્થિક સહયોગમાંથી લગ્નનો પ્રસંગ પર પડી જતો હતો. આ રીતે ચાંદલાવિધિની ઉત્પત્તિ થઇ હોય તેમ જણાય છે. પહેલાના જમાનામાં ભિલો લાહ (હલમો) કરીને જ મોટા ભાગના કામો કરતા હતા. નાણાકીય વિનિમય કરવામાં આવતું નહોતું પણ કામને બદલે કામ કરી આપવાની ભાવના હતી.

પરંતુ વર્તમાન સમયમાં અસ્તિત્વમાં આવેલ ચાંદલા પ્રથા તેના મૂળ ઉદ્દેશથી વિકૃત થઈ ગઈ છે અને તેમાં ખોટો દેખાડો અને વટ પાડવાના તત્વો આવી ગયા છે તેના કારણે વર્તમાનમાં જોવા મળતી ચાંદલા પ્રથા આદિવાસી સમાજ માટે વિઘાતક અસરો જન્માવી રહેલ છે. આ પ્રથા બંધ થાય તે માટે સમાજના મોટા ભાગના લોકો ઇચ્છા ધરાવે છે તેમ છતાં તેવો પોતાનો કરેલો ચાંદલો પાછો નહીં આવે તે ભય હેઠળ આ પ્રથામાં જોડાયેલ રહેલ માલૂમ પડે છે. આ પ્રથા એક વિષ ચક્રનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે, એક વાર તેમાં સપડાયા પછી બહાર નીકળવું લગભગ અશક્ય છે કારણ કે આમ કરવા જતાં પોતાને ભારે આર્થિક નુકશાન વિઠ્વુ પડે છે.

જો 'ના' તો આપ આ પ્રથા બંધ થાય તેમ ઈચ્છા ધરાવો છો? 51 ઉત્તરદાતાએ સ્પટ શબ્દોમાં જણાવ્યુ કે આ પ્રથા યોગ્ય નથી માટે તે બંધ થાય તેમ તેવો ઇચ્છા ધરાવે છે. ઉત્તરદાતાઓનું

આ પ્રકારનું સ્પસ્ટ મંતવ્ય હોવા છતાં જયારે તેમને પૂછવામાં આવ્યું કે આ પ્રથા બંધ થાય તે માટે આપે કોઈ પ્રયત્ન કર્યો છે?/ હતો? માત્ર 15 ઉત્તરદાતાઓ એવા હતા જેમણે સક્રિય રીતે આ પ્રથાબંધ કરવા માટેના પ્રયત્નો કર્યા હતા અથવા કરી રહ્યા છે. આ બાબત એ સૂચવી રહેલ છે કે પ્રથા જે વ્યક્તિગત અને સામાજિક રીતે બોજા રૂપ બની ગઈ છે અને જેમાં સુધારા કરવાની તાકીદે જરૂર છે તેમાં વ્યક્તિગત હિત ના રક્ષણ માટે પણ જોડાયેલ રહેવું પડે છે.

ચાંદલા પ્રથાથી આવેલ રકમ હંમેશા બિન ઉત્પાદક/મોજશોખ/ સામાજિક ખર્ચ પાછળ જ વપરાય છે ?224 ઉત્તરદાતાએ સ્પટ શબ્દોમાં જણાવ્યુ કે આ પ્રથા દ્વારા ઉઘરાવેલા રૂપિયા બિન ઉત્પાદક હેતુમાં જ મોટા ભાગે ખર્ચાય જાય છે. તેજ પરિણામે આ પ્રથા આદિવાસી સમાજમાં દેવાનું વિષચક્ર જન્માવવા અને તેને વિસ્તારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી રહેલ છે.

સમસ્યા નિરાકરણ માટેના સૂચનો:

પ્રસ્તુત સમસ્યા સામાજિક ધાર્મિક સંસ્કૃતિ આટી-ઘૂંટી માં અટવાયેલ છે. અહી આર્થિક પ્રશ્ન રાજકીય સ્વરૂપે હસ્તક્ષેપ કરી શકાય પરંતુ અહી પ્રત્યક્ષ રીતે રાજકીય હસ્તક્ષેપ શક્ય નથી. સરકારના પરોક્ષ પગલાઓ અહી મદદ રૂપ સાબિત થઈ શકે છે. સરકારના પરોક્ષ પગલાઓ બાબતની નીચે મુજબની યોજના સૂચવાયેલ છે જે માત્ર સામાજિક જાગૃતિ અને લોકમત નિર્માણ દ્વારા સમાજની સમસ્યા નિવારણ માટે વિચારવામાં આવેલ છે.

**4.4. SAMTA**- સમુહ (**S**tate's **A**ctions to **M**obilize **T**ribal **A**ssociation આદિવાસી સમાજમાં સંગઠન જાગૃતિ માટેના સરકારી (સહકારી અને વિવિધ બિનસરકારી સંસ્થાઓના પૂરક) પગલાં


અન્ય સમાજ સમૂહોની જેમ આદિવાસી સમાજમાં પણ ઘણી અંધશ્રાદ્ધઓ અને કુરીવાજો વ્યાપ્ત છે તે આદિવાસી સમાજમાં પણ સ્વીકૃત છે. આદિવાસી સમાજમાં આ પ્રકારની સામાજિક બદી તુલનાત્મક રીતે વધારે પ્રમાણમા જોવા મળે છે, આ બાબત પણ આદિવાસી સમાજમાં સ્વીકૃત છે. આદિવાસી સમાજની ઘણી ખૂબીઓ અને પરમપરાઓ આજના સમયમાં પોતાની પ્રાસંગિકતા ગુમાવી બેઠી છે. આદિવાસી સમાજનો એક જાગૃત વર્ગ આ બદીઓ સામે વિરોધ કરે છે પરંતુ આ બદીઓનું વિષચક્ર તોડવું કોઈ એક નાના સમૂહ માટે શક્ય નથી હોતું. જે બદીઓ કાયદાના નિર્માણથી નિવારવા પ્રયત્ન થયો છે તેમાં પણ ઘણી મર્યાદીત સફળતા મળેલ છે. વળી સમાજિક રીત-રિવાજો અને સામાજિક ખર્ચ જેવા વિષયમાં કાયદો કામ કરી શકે નહીં. અન્ય સમાજોની જેમ જ આદિવાસી સમાજનો અનુભવ છે કે સામાજિક મોભી-મંડળ સામાજિક બદીઓને અંકુશમાં રાખે. દુર્ભાગ્ય પૂર્ણ રીતે આદિવાસી સમાજમાં અન્ય સમાજની જેમ બદલાતા સમયની જરૂરિયાત પ્રમાણે મોભી-મંડળ બદલાઈ શક્યું નહીં તેવું સમાજના અગ્રણીઓનું મંતવ્ય છે. એટલેકે આ સમાજમાં શિક્ષિત થયેલ વર્ગ અને શિક્ષણ લેવા બહાર જતાં યુવાઓ દૂર અંતરે સ્થાનાંતરણ કરતાં જોવા મળે છે. જેમને સ્થાનિક સમાજસુધાર સાથે નિસ્બત ખૂબ ઓછા રહે છે. પરંપરાગત શૈલીનું મોભી-મંડળ તેની મર્યાદાઓને કારણે સમાજ ઉપર અંકુશ ગુમાવી બેઠું છે. આવા બંને તરફના પરિબળોના કારણે વર્તમાન આદિવાસી સમાજમાં સામાજિક નિયંત્રણના પ્રશ્નો ઉદભવ્યા છે. સમાજના આગેવાનો સાથેની વાતચિતમાં એક વસ્તુ સ્પસ્ટ ઉપસી આવે છે કે: સમાજ આજે પણ સમાજના મોભી-મંડળ દ્વારા સ્વીકારાયેલા/મંજૂર કરેલ સામાજિક નિયંત્રણો

સ્વીકારી સમાજની બદીઓ સામે પ્રતિકાર કરી સમાજની બદીઓ ને દૂર કરવાકે બદીઓ ને નિયંત્રણમાં રાખવા પૂરતી ઇચ્છાશક્તિ ધરાવે છે. આજે પણ સમાજને સક્ષમ અને પ્રાસંગિક મોભી-મંડળ અનિવાર્ય જણાય છે. આદિવાસી સમાજ આજે સક્ષમ મોભીમંડળના અભાવે અનેક નાના-નાના પેટા સમૂહોમાં વહેંચાઈ ગયો છે. સમાજના આ નાનાં સમૂહો પરસ્પરના આંતરિક મતભેદો અને ઘર્ષણના કારણે સામાજિક બદીઓ સામે એક સાથે સક્ષમ પડકાર આપવામાં નિષ્ફળ રહે છે. સમાજના આંતરિક નેતૃત્વ વિકાસ દ્વારા આદિવાસી સમાજમાં સામાજિક નેતૃત્વ નિર્માણ થાય જેના થકી સામાજિક બદીઓ સામે સમાજ એકજુટ થઈ લડત આપી શકે તેના માટે બાહ્ય પગલાં અનિવાર્ય થઈ પડ્યા છે. સરકાર આ ક્ષેત્રે પ્રત્યક્ષ રીતે કોઈ પણ દખલ કરી ન શકે તે બાબત સ્પસ્ટ છે. પરંતુ આદિવાસી સમાજમાં સામાજિક નેતૃત્વ નિર્માણ થાય તે માટે સરકાર પરોક્ષ રીતે સમાજમાં કોઈ પણ પ્રકારના હસ્તક્ષેપ કર્યા વગર આ દિશામાં કામ કરી શકે તે માટે લોક ચર્ચા દ્વારા રસ્તો કાઢવામાં આવ્યો છે તેને અહી SAMTA- સમૂહ એવું નામકરણ કરવામાં આવ્યું છે.

State’s Actions to Mobilize Tribal Association આદિવાસી સમાજના સંગઠન જાગૃતિ માટેના સરકારી પગલાં. આ એક સરકારી યોજના છે જેમાં સરકારે માત્ર આદિવાસી સમાજના સંગઠનને SAMTA-સંગઠન તરીકે સ્વીકૃતિ આપી તેને તેની પ્રત્યેક સફળ કામગીરીના પરિણામ સ્વરૂપ નાણાકીય પ્રોત્સાહનની  જોગવાય કરવાની છે.


| સમતા સમૂહ ઘટક | સમતા સમૂહના પગલાં | સરકારના પગલાં |
|---|---|---|
| રાજ્ય સમતા સમૂહ: તમામ પ્રદેશ સમતા સમૂહના પ્રમુખ દ્વારા આપોઆપ નિર્માણ થાય. (કારોબારી સભ્યો સર્વ સમતિ દ્વારા નક્કી થાય ) | વિવિધ પ્રદેશિક સમૂહો વચ્ચે માહિતી આદાન-પ્રદાન દ્વારા પ્રોત્સાહન આપવું. પ્રદેશ સમતા સમૂહને તેના કર્યો માટે પ્રોત્સાહન આપવું. વાર્ષિક સમતા મહાઅધિવેશન કરી સમાજ ઉન્નતિ માટેનું ચિંતન અને આયોજન કરવું. | સ્થળ પૂરું પડવું , અને તમામ ખર્ચ વાહન કરવું. |
| પ્રદેશ સમતા સમૂહ પ્રમુખ : તમામ ગામ સમતા સમૂહના પ્રમુખ દ્વારા (સર્વ સમતિ દ્વારા નક્કી થાય ) | વિવિધ પ્રદેશ સમતા સમૂહ અને રાજય સમતા સમૂહ સાથે સંકલન કરવું. અને પ્રદેશિક સમતા સમૂહની કામગીરી સુપેરે પાર પાડવી. | પ્રદેશ સમતા સમૂહની કામગીરી નિયમિત ચાલે તે માટે સ્મૃતિ અને સૂચનો મોકલવા |
| પ્રદેશ ( તાલુકા/ પ્રત્યેક 40-50 ગામ સમૂહ) સમતા સમૂહની કારોબારી અને પ્રમુખ સર્વ સમતિ દ્વારા નક્કી થાય | વર્ષ દરમ્યાન કુલ એક  સમૂહ લગ્ન અને બે સમ્મેલનનું આયોજન કરવું. નશા મુક્તિ સમ્મેલન, અંધશ્રદ્ધા નિર્મૂલન સમ્મેલન. | તમામ પ્રવૃતી થાય તેના તમામ ખર્ચના અડધા ખર્ચનું વાહન કરવું. |
| ગ્રામ સમતા સમૂહના પ્રમુખ (સર્વ સમતિ દ્વારા નક્કી થાય | પ્રદેશ સમતા સમૂહ અને રાજય સમતા સમૂહ સાથે સંકલન કરવું. | ગામ સમતા સમૂહની કામગીરી નિયમિત ચાલે |


| | | |
|---|---|---|
| સરપંચ સિવાય ) | | તે માટે સ્મૃતિ અને સૂચનો મોકલવા |
| પ્રત્યેક ગામની સમતા સમુહની કારોબારી કુલ-6 સભ્યોની<br>1. સરપંચ,<br>2. બે સભ્ય સ્નાતક 30 વર્ષ થી ઓછી ઉમરના<br>3. બે 55 વર્ષથી મોટી ઉમરના વડીલ સભ્યો (એક જ્ઞાતિ, ધર્મ, ફળિયાના ન હોય તેવા) સર્વ સમંતી દ્વારા નક્કી થાય.<br>4. તાલુકા સમતા કારોબારીના પ્રમુખ. | ગામમાં રહેલ દૂષણોની ટીકા કરતી માહિતી અને દૂષણ સામે વિજય અપાવતી ઘટનાઓની માહિતી પ્રદેશ અને રાજ્ય સમતા સ્તરે આપવી. કોઈ દૂષણ સામે પ્રતિકાર કરતું સમાજનું આંતરિક અવરોધક બળ નિર્માણ કરવું. | તલાટિ એ સુનિશ્ચિત કરવું કે પ્રત્યેક ગામમાં ગામ સમતા સમૂહ નિર્માણ થાય અને તેની કામગીરી માટે પ્રોત્સાહન આપવું. |

| સમતા- સમૂહની કામગીરીના અપેક્ષિત પરિણામો | |
|---|---|
| રોજબરોજ કરવામાં આવતી કામગીરી | અપેક્ષિત પરિણામ |
|  | સંપૂર્ણ રાજય અને પ્રદેશ માથી પ્રાપ્ત થતી સમાજ નિસબતની માહિતીના આદાન પ્રદાન દ્વારા અનિષ્ટ સામે સ્થાનિક સમાજમાં આતરિક અવરોધક બળ નિર્માણ થશે.<br>સંપૂર્ણ રાજય અને પ્રદેશ માથી પ્રાપ્ત થતી સમાજ નિસબતની પ્રોત્ષાહક પ્રસંગ અને ઘટનાઓની માહિતીના આદાન પ્રદાન દ્વારા આવકાર્ય બાબતો માટે સ્થાનિક સમાજમાં આતરિક પ્રોત્ષાહક બળ નિર્માણ થશે. |
| વાર્ષિક ધોરણે કરવામાં આવતી કામગીરી | અપેક્ષિત પરિણામ |
| (1) સમૂહ લગ્ન આયોજન | લગ્ન સમયે થતાં ખોટા ખર્ચ સામે જાગૃતિ |
| (2) નશા મુક્તિ સમ્મેલન | નશાખોરી સામે સામાજીક પ્રતિકાર શક્તિ વિકાસ પામશે |
| (3) અંધશ્રદ્ધા નિર્મૂલન સમ્મેલન | અંધશ્રદ્ધા સામે પ્રતિકાર શક્તિ વિકાશ પામશે. વૈજ્ઞાનિક દ્રાષ્ટિબિંદુનો વિકાસ |

### 4.5 સ્થાનંતરણ કરતાં શ્રમિકોના પ્રશ્નો અને નિવારણ માટેની યોજનાનો પ્રસ્તાવ:

ROJGAR-SETU (Supplementary Employment Exchange for Traditional Tribal Unorganized Labour):



| Rojgar-SETU-1 | Functions of Rojgar-SETU OR How it Works? | Rojgar-SETU-1 |
|---|---|---|
| અત્યંત સરળ મોબાઈલ ફોન આધારિત પ્રોગ્રામ, મોબાઈલ ફોન એપ્લિકેશનમાં શ્રમિક પોતાની નોધણી કરશે. આધારકાર્ડ વેરિફિકેસન દ્વારા તેની ઓળખ સુનિશ્ચિત થશે. | શ્રમ આપનાર(Employer) માટે શ્રમ ની માંગ માટે વિકલ્પો દર્શાવવા અનિવારી. જેવાકે<br>(1) શ્રમ સ્વરૂપ, શ્રમ કૌશલ્ય, શ્રમ સમય, શ્રમ સ્થળ, શ્રમ પ્રમાણ વગેરે...<br>(2) શ્રમ શરતો અને શ્રમ સ્થિતિના વિકલ્પો....<br>(3) શ્રમના અસમાન્ય સંજોગો<br><br>શ્રમિક માટે (Employee) માટે શ્રમના પુરવઠા માટે વિકલ્પો દર્શાવવા અનિવારી. જેવાકે<br>(1) શ્રમ સ્વરૂપ, કૌશલ્ય શ્રમ, શ્રમ સમય, શ્રમ સ્થળ, શ્રમ પ્રમાણ વગેરે...<br>(2) શ્રમ શરતો અને શ્રમ સ્થિતિના વિકલ્પો....<br>શ્રમના અસમાન્ય સંજોગો | મોબાઈલ ફોન એપ્લિકેશનમાં શ્રમ આપનાર પોતાની નોધણી કરશે. આધારકાર્ડ વેરિફિકેસન દ્વારા તેની ઓળખ સુનિશ્ચિત થશે. |
| શ્રમ આપનાર (Employer) નોધણી બાદ શ્રમ ની માંગ દર્શાવશે.<br>શ્રમ સ્વરૂપ, શ્રમ, સમય, સ્થળ, પ્રમાણ વગેરે...<br>શ્રમ શરતો અને શ્રમ સ્થિતિના વિકલ્પો....<br>શ્રમના અસમાન્ય સંજોગો અંગે નોધ. |  | શ્રમિક (Employee) નોધાણી બાદ શ્રમ પોતાની શ્રમિક તરીકે તૈયારી દર્શાવશે.<br>શ્રમ સ્વરૂપ, શ્રમ, સમય, સ્થળ, પ્રમાણ વગેરે...<br>શ્રમ શરતો અને શ્રમ સ્થિતિના વિકલ્પો....<br>શ્રમ સ્વરૂપના અસમાન્ય સંજોગો અંગે નોધ. |
| શ્રમિક માંગ | (1) સીધો સંપર્ક, પ્રત્યક્ષ વાતચિત દ્વારા વેતન અને તમામ શ્રમ શરતો અને સ્થિતિઓ નક્કી થશે.<br>(2) એપ્લિકેશનમાં બન્ને વચ્ચે નક્કી થયેલ વિકલ્પો પસંદ કરી બન્ને પક્ષ દ્વારા સમતી બટન દબાવતા આપો આપ કોન્ટ્રાક્ટ રજૂ થશે જેની નકલો બન્ને પક્ષે જોઈ શકાશે. | શ્રમિક પુરવઠો |

શ્રમ- SHETU માત્ર આદિવાસી શ્રમિકો માટેની એક અલાયદા વ્યવસ્થા છે. તેમાં એક અત્યંત સરળ પ્રકારની રોજગાર વિનિમય વ્યવસ્થા છે. અહી સરકારી હસ્તક્ષેપ અસમાન્ય સંજોગોને બાદ કરતાં નહિવત છે. આ એક પરોક્ષ રીતે કામ કરતી રોજગાર વિનિમય વ્યવસ્થા છે. વિગતે વર્ણન નીચે મુજબ પાચ તબક્કામાં કરી શકાય.

તબક્કો-1 ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર શ્રમ પુરવઠા નિર્માણ:આ એક અત્યંત સરળ મોબાઈલ ફોન આધારિત પ્રોગ્રામ દ્વારા કામ કરતી વ્યવસ્થા છે, મોબાઈલ ફોન એપ્લિકેશનમાં શ્રમિક પોતાના જે ફોન નંબર દ્વારા નોધણી કરવા માગતો હોય તે નંબરથી પોતાની નોધણી કરશે. આધારકાર્ડ વેરિફિકેસન દ્વારા તેની ઓળખ સુનિશ્ચિત થશે. એક શ્રમિક એક જ વાર નોધશે, નંબર આધાર કાર્ડ સાથે લિન્ક થતાં જ્યારે પણ/ ગમે તેટલી વાર આધાર નંબર નોધવામાં આવશે ત્યારે તેની નોધાયેલ તમામ માહિતી જોઈ શકાશે. શ્રમિક દ્વારા તેમાં સુધારા વધારાને હમેશા (ગમે તેટલી વાર) પૂરતો અવકાસ રહેશે.

તબક્કો-2 ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર રોજગાર/ શ્રમ માંગ નિર્માણ:દૂર અંતરે રહેલ રોજગાર આપનાર પણ પોતે રોજગાર આપનાર તરીકે પોતાના મોબાઈલ ફોન એપ્લિકેશનમાં આ પ્રોગ્રામ સામેલ કરી, શ્રમ આપનાર તરીકે પોતાની નોધણી કરશે. તેમનું પણ આધારકાર્ડ વેરિફિકેસન દ્વારા તેની ઓળખ સુનિશ્ચિત થશે. એક રોજગાર આપનાર એક જ વાર નોધશે, નંબર આધાર કાર્ડ સાથે લિન્ક થતાં જ્યારે પણ/ ગમે તેટલી વાર આધાર નંબર નોધવામાં આવશે ત્યારે તેની નોધાયેલ તમામ માહિતી જોઈ શકાશે. રોજગાર આપનાર દ્વારા તેમાં સુધારા વધારાને હમેશા (ગમે તેટલી વાર) પૂરતો અવકાસ રહેશે.

તબક્કો-3 ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર શ્રમ બજાર નિર્માણ: અન્ય બજારમાં જેમ શ્રમિક પોતાના અનુકૂળ રોજગાર આપનાર નિયોજકની શોધખોળ કરે તે જ મુજબ રોજગાર આપનાર પોતાના અનુકૂળ શ્રમિકોની શોધ કરે તેમ અહી પણ ઓનલાઈન શ્રમબજારમાં બન્ને પક્ષે શોધખોળ પ્રારંભ થશે.

રોજગાર આપનાર પોતે દરખાસ્ત મૂકી પ્રારંભ કરશે. આ સંજોગોમાં શ્રમ આપનાર(Employer) માટે શ્રમની પોતાની માંગ દરખાસ્ત માં તમામ જરૂરી વિગતો નોધવાની રહેશે. આ દરખાસ્તમાં પ્રોગ્રામમાં પહેલેથી દર્શાવેલ વિકલ્પો પસંદ કરી દરખાસ્ત મૂકી તેને સબમિટ કરતાં તે જાહેરમાં સૌ માટે પ્રદર્શિત થશે. અહી દરખાસ્ત અનિવારી રીતે નીચેના તમામ વિકલ્પો દર્શાવતી હશે.

શ્રમ સ્વરૂપ, શ્રમ કૌશલ્ય, શ્રમ સમય, શ્રમ સ્થળ, શ્રમ પ્રમાણ વગેરે...

શ્રમ શરતો અને શ્રમ સ્થિતિના વિકલ્પો અને શ્રમના અસમાન્ય સંજોગો

શ્રમિક પોતે દરખાસ્ત મૂકી પ્રારંભ કરશે. આ સંજોગોમાં શ્રમિક પોતાના શ્રમની વિવિધતા/ સ્કિલ કૌશલ્યના વિવિધ વિકલ્પ પસંદ કરી પોતાની રોજગાર મેળવવા માટેની માંગ દરખાસ્ત/ પોતાના શ્રમ પુરવઠાની દરખાસ્ત મૂકશે. દરખાસ્તમાં તમામ જરૂરી વિગતો નોધવાની રહેશે. આ દરખાસ્તમાં પ્રોગ્રામમાં પહેલેથી દર્શાવેલ વિકલ્પો માત્ર પસંદ કરી દરખાસ્ત મૂકી તેને સબમિટ કરતાં તે જાહેરમાં સૌ માટે પ્રદર્શિત થશે. અહી શ્રમિક દ્વારા મુકાયેલ દરખાસ્ત અનિવારી રીતે નીચેના તમામ વિકલ્પો દર્શાવતી હશે.

(1) શ્રમ સ્વરૂપ, કૌશલ્ય શ્રમ, શ્રમ સમય, શ્રમ સ્થળ, શ્રમ પ્રમાણ વગેરે...

(2) શ્રમ શરતો અને શ્રમ સ્થિતિના વિકલ્પો તથા શ્રમના અસમાન્ય સંજોગો

**તબક્કો-4**

શ્રમ બજારમાં શ્રમિક અને રોજગારી આપનાર બન્ને પક્ષની દરખાસ્તો ઓનલાઈન પ્લેટફોર્મ ઉપર સૌ માટે પ્રદર્શિત હશે. અહી શ્રમ આપનાર (Employer) નોધણી બાદ શ્રમ ની માંગ દર્શાવશે. તેજ પ્રમાણે શ્રમિક (Employee) પણ નોધાણી બાદ પોતાની શ્રમિક તરીકે તૈયારી દર્શાવશે.શ્રમ સ્વરૂપ, શ્રમ, સમય, સ્થળ, પ્રમાણ વગેરે બન્ને પક્ષ દ્વાર વિકલ્પ પસંદગી દ્વારા દર્શાવવામાં આવેલ હશે. શ્રમ પ્રમાણ, શ્રમ શરતો,શ્રમ સ્વરૂપ વગેરે વિકલ્પો બન્ને પક્ષને અનુકૂળ થતાં હશે એટલેકે વિકલ્પો માં સામ્યતા હશે તે અંગે બન્ને પક્ષને આ હજારો વિકલ્પો માથી અગ્રતા ક્રમ અનુસાર આપોઆપ નિદર્શિત થશે. અનુકૂલતના વિકલ્પો પસંદ કરતાં બન્ને પક્ષ સામા પક્ષે પણ નોધાયેલ દરખાસ્તો જોઈ શકશે. આ ઓનલાઈન શ્રમ બજારમાં ભૂતકાળના સામા પક્ષકારે આપેલ રેટિંગ અનુસાર દરેક વ્યક્તિનું એક દરજ્જા નિર્દેશન પણ પ્રાપ્ય હશે. આ રેટીંગ પણ પારસ્પરિક પસંદગીની પ્રક્રિયામાં પરસ્પર ઉપયોગમાં લેવાશે.

આ પ્લેટફોર્મ ઉપરથી બન્ને પક્ષ એકબીજા સાથે પ્રત્યેક્ષરીતે સંપર્કમાં આવશે. દૂરંઅંતરે રહેલા સામા પક્ષ સાથે ફોન ઉપરની વાતો દ્વારા પરસ્પરિક સહમતી સાધાતા બન્ને પક્ષ કોન્ટ્રાક્ટ વિકલ્પમાં ક્લિક કરી સમતિના વિકલ્પો પસંદ કરશે. વિકલ્પો પસંદ કરી બન્ને પક્ષ સહમત ક્લિક કરતાં બન્ને પક્ષકારોને કોન્ટ્રાક્ટ નકલ તુરંત પોહોચી જશે અત્યંત પ્રાથમિક સ્વરૂપનો આ કોન્ટ્રાક્ટ સ્વેચ્છિક સ્વરૂપનો હશે. બન્ને પક્ષ વગર કોંટ્રેક્ટ જોડાવા માંગે તો પણ વિકલ્પ ખુલ્લો રહેશે.

તબક્કો-5 શ્રમ સ્વરૂપ જોતાં દરખાસ્ત આપો આપ અમુક સમયે જે તે દરખાસ્તકાર ને આગોતરી જાણ કરી (તેની સમતિ મેળવી અથવા કોઈ પ્રત્યુત્તર ન મળે તે સંજોગોમાં) રદ બાતલ કરવામાં આવશે. શ્રમસોદાના કોઈ અસમાન્ય સંજોગોમાં સરકાર પાસે જો કોન્ટ્રાક્ટ સબમિટ થયેલ હશે તો બન્ને પક્ષને તેની મદદ મળી રહેશે. અદાલતમાં તેને કાચા પુરાવા કે કરાર અંગે ગણતરીમાં લેવામાં આવશે.

કોન્ટ્રાક્ટ મુજબ કાર્ય સંપન થતાં બન્ને પક્ષો સામા પક્ષને રેટિંગ આપશે જેની મદદ દ્વારા ભવિષ્યમાં સમાપક્ષો પોતાની પસંદગી કરતાં રહેશે. અહી સીધો સંપર્ક, પ્રત્યક્ષ વાતચિત દ્વારા વેતન અને તમામ શ્રમ શરતો અને સ્થિતિઓ નક્કી થયેલ હશે. એપ્લિકેશન માંથી નંબર મેળવી બન્ને વચ્ચે પ્રત્યક્ષ વાતચિત દ્વારા નક્કી થયેલ વિકલ્પો/ પરસ્પર સહમતી દ્વારા પસંદ કરી/ તમામ શરતો બન્ને પક્ષ દ્વારા સમતિ થઈ હશે જેથી પરસપર સમતિ દ્વારા એક બીજાનું રેટિંગ પણ આપશે. આ રેટિંગ ના આધારે ભવિષ્યમાં તેમના રોજગાર આદાન પ્રદાન માટેના નિર્ણયો સામા પક્ષકાર કરશે.

**રોજગાર –SETU યોજનાના સંભવિત ફાયદાઓ: (Supplementary Employment Exchange for Traditional Tribal Unorganized Labour):**

**(1) રોજગાર વિનિમય પ્રક્રિયામાં મધ્યસ્થીઓની નાબૂદી:**

રોજગાર સેતુ એક ડિજિટલ સ્વરૂપમાં શ્રમ બજારનું નિર્માણ કરે છે. આ શ્રમ બજારમાં કોઈપણ મધ્યથીની જરૂરિયાર રહેતી નથી. અહી શ્રમ આપનાર અને શ્રમિકો પોતે સ્વયં પોતાની અનુકૂળતા મુજબ એક બીજાના સંપર્કમાં આવી પોતાની અનુકૂળતા મુજબ શ્રમ સોદાઓ કરશે. આમ કરતાં હવે શ્રમ બજારના મધ્યથીઓ જેમાં વિવિધ એજન્ટો, દલાલો, કોન્ટ્રાકટરો કે પરંપરાગત મુકાદમો હવે અસ્તિત્વ ધરાવી શકશે નહીં. શ્રમના માંગ અને પુરવઠા અંગેની સમુર્ણ અને ચોકસાહિ પૂર્વકની માહિતીની પ્રાપ્તી બંને પક્ષે શક્ય અને સરળ બનતા તમામ મધ્યસ્થીઓ નાબૂદ થશે જેનો ફાયદો શ્રમિકોને સવિશેષ થશે.

**(2) સરકારી આ ક્ષેત્રના/સમૂહના શ્રમિકો માટેની યોજનાના અમલમાં સહાયક:**

વર્તમાન સમયમાં આકડાકીય માહિતીનો અભાવ સરકારને યોજના કે નીતીના નિર્માણમાં ખુબજ સહન કરવો પડે છે. માહિતીના અભાવે નીતિ અને યોજનાની યોગ્ય દિશા ન જળવાય તેવું પણ બને છે. શ્રમ સેતુ એક ડિજિટલ પ્લેટફોર્મ છે અહી આધારભૂત માહિતી ખુબજ સરળતાથી પ્રાપ્ત થશે. આ માહિતી સતત અને સ્વયં અપડેટ થતી રહેશે. આ પ્લેટફોર્મની માહિતી ખુબજ સરળતાથી વિશ્લેષણ કરી આ પ્લેટફોર્મના શ્રમ બજારમાં આવતા પરિવર્તનો જાણી શકશે. બીનસંગઠિત,બિનકુશળ અંતરિયાળ પ્રદેશના આ શ્રમિકો ગરીબી અને બેકારી સામે ના સંઘષના મુખ્ય લક્ષાંક છે. માહિતી ના અભબાવે અત્યંત ઉપેક્ષિત એવા આ સમુદાયને લક્ષાંક બનાવી સરકાર સીધો તેમને લાભ આપવી શકશે.

**(3) વ્યવસાયિક/ ફરજ ઉપરના અકસ્માતના સંજોગોમાં વળતર ચુકવણી સરળ:**

વ્યવસાયિક/ ફરજ ઉપરના અકસ્માતના સંજોગોમાં વળતર ચુકવણી આધારભૂત પૂરવોના અભાવે મુશ્કેલ અને અસંભવ બને છે. પ્રસ્તુત ડિજિટલ શ્રમ બજાર સમય, સ્થળ, રોજગાર આપનાર વગેરે બાબતોની નોધ સરળ રાખતું હોવાથી હવે આવી ચૂકવણીઓ ઘણી સરળ બનશે બીજા શબ્દોમાં કહીએ તો આ ડિજિટલ પ્લેટફોર્મની મદદથી વ્યવસાયિક/ ફરજ ઉપરના અકસ્માતના સંજોગોમાં વળતર ચુકવણી સરળ

**(4) આદિવાસી શ્રમિકોના શોષણ અને તેમને થતી છેતરપિંડી ઉપર અંકુશ:**

આદિવાસી શ્રમિકો તુલનાત્મકરીતે વધારે પ્રમાણમા શોષણનો ભોગ બને છે તે સર્વસ્વીકૃત બાબત છે. શ્રમ સેતુ એક ડિજિટલ શ્રમ બજાર છે અહી તમામ શ્રમ બજારના મધ્યથીઓ નાબૂદી સંભવ બનશે. મધ્યથીઓની નાબૂદી થવાથી હવે મધ્યસ્થીઓ દ્વારા થતાં શોષણોનો અંત આવશે. શ્રમ સેતુ તે શ્રમિક અને રોજગારી આપનાર બંને વચ્ચે થતી સમજુતીને કાચા કરાર સ્વરૂપમાં સાચવી પણ રાખે છે. છેતરપીંડીના ઘણા સંજોગો આ પ્રકારના લેખીત કરાર ના અસ્તિત્વમાં આવવાથી અંકુશમાં આવશે. રોજગારી આપનારને શ્રમ સોદાના અંતમાં શ્રમિકનું રેટિંગ પણ લેવાનું છે. આ રેટીંગ ભવિષ્યમાં શ્રમિક નોધમાં લેવાના છે. આ પ્રકારે ગેરરીતિ સામે સંચિત

સ્વરૂપની માહિતી પણ આપોઆપ નિર્માણ થતી રહેશે જેની અસરના પ્રભાવથી આદિવાસી શોષણ અને તેમને થતી છેતરપિંડી ઉપર અંકુશ આવશે.

**(5) આદિવાસી શ્રમિકનું શ્રમ બજાર વધારે ગતિશીલ અને હરીફાઈ યુકત બનશે:**

અર્થશાસ્ત્રના પૂર્ણ હરિફાઇના ખ્યાલ અનુસાર જેમ-જેમ વેચનાર અને ખરીદનારની સંખ્યા વધે તેમ તેમ પૂર્ણ હરીફાઈ વાળા બજાર તરફ ગતિ થાય છે. પૂર્ણ હરિફાઇના બજારમાં ગ્રાહક કે ઉત્પાદક કોઈ કિમતને પ્રભાવિત કરી શકતું નથી. અહી રોજગાર SETU એક ડિજિટલ સ્વરૂપનું શ્રમ બજાર છે. આ શ્રમ બજારમાં ખરીદનાર અને વિચનાર બંને પક્ષકારોની સંખ્યા ઘણી જ વધારે રહેશે. વળી અહી માહિતીનું પણ આદાન પ્રદાન ખુબજ સરળતાથી સંભવ બને છે આમ થતાં બજારમાં ગતિશીલતા આવશે અને બજાર વધારે હરીફાઈ યુક્ત બનશે જેનો મુખ્ય ફાયદો આદિવાસી ખેડૂતોને પ્રાપ્ત થશે, વળી મજાની વાત એ છે કે અહી સામા પક્ષે રોજગાર આપનાર ને પણ ફાયદો તો થશે જ. રોજગાર આપનાર ને પણ રોજગાર SETU ફાયદો કરાવતું હોય તે માત્ર મધ્યથી એવા મુકદ્દમ કે શ્રમ એજન્ટોને નુકશાનકર્તા સાબિત થશે જે ઇચ્છનીય પણ ગણાશે.

**(6) આગોતરા આયોજન સંભવ અને વધારે નિશ્ચિત બનતા ઉત્પાદન પ્રક્રિયા વેગવંતી બનશે:**

શ્રમબજારમાં હવે પ્રત્યક્ષ સંપર્ક સરળ સંભવ બને છે. આમ થતાં એમ્પ્લોયર અને એમ્પ્લોયી પોતાની રિતેજ ભવિષ્યના આગોતરા શ્રમ-કોન્ટ્રાક્ટ કરી શકવા સક્ષમ બને છે. આગોતરા આયોજન સ્પસ્ટ અને પ્રત્યક્ષ સ્વરૂપના હોવાથી હવે બંને પક્ષે આ સંબંધિત કોઈ અન્ય આયોજન કરવા હશે તો તે શક્ય બનશે. દા:ત અમરેલીના એમ્પ્લોયરને પોતાનો વર્તમાન પાક જે ઓક્ટોબર માહિનામાં પૂર્ણ થશે તેની લળણી કરવા માટે શ્રમિક જાન્યુઆરી માહિનામાં નિશ્ચિત મળી ગયા તો તે પોતે ખેત આયોજનની નિશ્ચિતતા આવતા અન્ય કાર્યઆયોજનો આગોતરા હાથ ધરી શકશે. સામા પક્ષે શ્રમિકને ઓક્ટોબર માહિનામાં અમરેલી રોજગાર પ્રવાસ નક્કી થયેલ હોવાથી તે સપ્ટેમ્બરના અંત સુધી અન્ય કાર્ય આયોજન કરી શકશે.

**(7) આદિવાસી શ્રમિકો અંગેની માહિતી સરકારને વધુ ચોકસાહિ પૂર્વક મળશે:**

આદિવાસી શ્રમિકો વિષેની માહિતી સરકારને ચોકસાહિ પૂર્વકની અને અસ્ખલિત સ્વરૂપની નિયમિત પ્રાપ્ત થશે. આ માહિતીની મદદથી સરકાર આ સ્વરૂપના/ક્ષેત્રના શ્રમીકો માટેની સ્પસ્ટ યોજનાઓ અને નિતીઓ નિર્માણ કરી શકશે. આ નિતીઓ / અન્ય વિવિધ નીતિઓ/ યોજનાઓનું અમલીકરણ અને તેનું મૂલ્યાંકન કરવામાં પણ આ માહિતીનો ઉપયોગ કરી શકશે.

**4.6 ઉપસંહાર**

પ્રસ્તુત પ્રકરણમાં મહીસાગર જિલ્લાના આદિવાસીઓનો આર્થિક વિકાસ કરવા માટે જે સૂચનો અહેવાલમાં કરવામાં આવેલા છે તે તમામ સૂચનોનું સમક્ષ ચાર રજૂ કરવામાં આવેલ છે. આ ભલામણોને રજૂઆત કરતા પહેલા જિલ્લાના આદિવાસી આર્થિક વિકાસ આડે કેવા પ્રશ્નો અનુભવી રહ્યા છે અને તે પ્રશ્નોનું સ્વરૂપ અને તેની માત્રા કેવી છે તે અંગેની પણ છણાવટ કરવામાં આવેલી છે. હવે પછીના પ્રકરણમાં મહીસાગર જિલ્લાનો ટુકો પરિચય મેળવીને આ સમસ્યાઓ વિગતવાર સમજીશું અને આ સમસ્યાઓના નિવારણ કરીને મહીસાગર જિલ્લાના આદિવાસી સમુદાયનો આર્થિક વિકાસ કેવી રીતે કરી શકાય તે અંગેની વિગતે માહિતી મેળવીશું. પ્રસ્તુત પ્રકરણમાં વિકાસના વિવિધ એજન્ટ તરીકે લોકમત દ્વારા કેવા પ્રયત્નો કરી શકાય તેની ચર્ચા કરવામાં આવી છે. સરકારી તંત્રની વિવિધ મર્યાદાઓ સરકારી તંત્રને યોગ્ય પરિણામો નીપજાવામાં બાધારૂપ સાબિત થાય છે. વળી વિકાસ પ્રક્રિયાની વિવિધ જરૂરિયાતો સરકારી તંત્ર દ્વારા કાર્યક્ષમતા સાથે સમયસાર પૂરી કરવી ઘણું અઘરું કામ સાબિત થતું હોય છે. વૈકલ્પિક રીતે સમયબદ્ધ જો કાર્યક્ષમતા સાથે અન્ય એજન્ટો દ્વારા જો વિકાસ પગલાઓ પરિણામો આપી શકતા હોય તો તેવા વિકાસ એજન્ટો હમેશા આવકારદાયક છે.

**સંદર્ભ:**

જીલ્લા આંકડાકીય રૂપરેખા,GOG

વિવધ વસ્તી ગણત્રી અહેવાલો GOI

જીલ્લા આર્થિક સામાજિક રૂપરેખા અહેવાલો, GOG

District Human development Report, Banash kahtha District. GSIDS, Government of Gujarat

નોંધ: પ્રસ્તુત બનાસકાંઠા જિલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શન અહેવાલ તેના પાયામાં જિલ્લા માનવ વિકાસ અહેવાલ બનાસકાંઠા જિલ્લો કે જેGSIDS ની મદદ થકી ગુજરાત સરકાર દ્વારા નિર્મિત થયેલ છે તેની આંકડાકીય માહિતીનો સીધે સીધો ઉપયોગ કરેલો છે. અહીં દ્વિતીય સ્તરની માહિતીની છણાવટ કરવા માટે છેલ્લામાં છેલ્લી માહિતી ની જરૂરિયાત હતી તથા માહિતીનું એકત્રીકરણ અત્યંત અનિવાર્ય હતું. આ સંદર્ભમાં ઉપરોક્ત જિલ્લા માનવ વિકાસ અહેવાલ બનાસકાંઠા જિલ્લાની અમે ખૂબ જ મદદ લીધેલી છે. અમે જિલ્લા સંશોધક અને અન્ય સંશોધક ટીમ ગુજરાત સરકાર સ્થાપિત GSIDS અને માનવ વિકાસ અહેવાલ બનાસકાંઠા જિલ્લો નિર્માણ કરવામાં સક્રિય થયેલ સંપૂર્ણ સંશોધક ટીમનો અમે આભાર માનીએ છીએ